

અદેય - ૪૪૯

૪૪૯

# અમદાવાદમાં વસતા બરોડિયા જનજાતિ : પાયાનું સર્વેક્ષણ



લેખન
ડૉ. રવીન્દ્ર પંચોળી



સંપાદન
ડૉ. ચંદ્રકાન્ત ઉપાધ્યાય

આદિવાસી સંશોધન અને તાલીમ કેન્દ્ર
ગૂજરાત વિદ્યાપીઠ, અમદાવાદ-૧૪
વર્ષ ૨૦૦૯

૪૪૯

# અમદાવાદમાં વસતા બરોડિયા જનજાતિ : પાયાનું સર્વેક્ષણ

લેખન

ડૉ.રવીન્દ્ર પંચોળી

સંપાદન

ડૉ.ચંદ્રકાન્ત ઉપાધ્યાય

આદિવાસી સંશોધન અને તાલીમ કેન્દ્ર,
ગૂજરાત વિદ્યાપીઠ, અમદાવાદ-૧૪
વર્ષ-૨૦૦૯

# અનુક્રમણિકા


| | | પાન નં. |
|---|---|---|
| ➢ | પ્રારંભિક | ૩-૪ |
| ➢ | બરોડિયા જનજાતિ પરિચય | ૫-૭ |
| ➢ | અમદાવાદ શહેરમાં વસતા બરોડિયા જાતિનો સામાજિક-આર્થિક અભ્યાસ | ૮-૫૦ |
| ➢ | તારણો | ૫૧-૫૩ |
| ➢ | સૂચનો | ૫૪ |
| | પરિશિષ્ટ-૧ | ૫૫ |
| | પરિશિષ્ટ-૨ | ૫૬-૫૭ |
| ➢ | બરોડિયા જનજાતિમાં વાંસકામ કરતી મહિલાઓ કેસ સ્ટડીઝ/વ્યક્તિ તપાસ | ૫૮-૮૦ |
| ➢ | તારણ | ૮૧ |
| ➢ | વાંસકામ દરમ્યાનગીરીની શક્યતાઓ | ૮૨ |
| ➢ | Risk Factors ભયસ્થાનો | ૮૩ |

**પ્રારંભિક :**

ગુજરાતના સંદર્ભમાં જોઈએ તો રાજ્યના ૧૭% વિસ્તારમાં રહેતી અને કુલ વસતિના લગભગ ૧૫% વસતિ ધરાવતી અનુસૂચિત જનજાતિને બાજુ પર મૂકી વિકાસના ધ્યેયોને હાંસલ કરવા એ લગભગ અશક્યતાની લગોલગ છે. રાજ્ય સરકારે અનુ.જનજાતિના વિકાસ અર્થે પોતાની કટીબધ્ધતા દર્શાવી અનેકવિધ કાર્યક્રમો શરૂ કરેલા છે. 'વનબંધુ કલ્યાણ યોજના'એ સરકારની વિકાસ સાથેનાં નિસ્બતનું એક જ્વલંત ઉદાહરણ છે. અનુ.જનજાતિનું વસતિ ચિત્ર જોઈએ તો સંકલિત આદિજાતિ વિકાસ પ્રાયોજના વિસ્તાર (12 ITDP)માં લગભગ ૭૫% વસતિ વસે છે. કુલ આદિજાતિ વસતિના ગ્રામ્ય વિસ્તારોમાં જોઈએ તો ૯૧.૭૮% અને રાજ્યની શહેરી અનુ.જનજાતિ વસતિ જોઈએ તો તે ફક્ત ૮.૨૧% છે.

રાજ્યના આદિજાતિ વિકાસ વિભાગ દ્વારા જે વિકાસ કાર્યક્રમો(ગરીબી નિવારણના) ચલાવવામાં આવે છે કે આવ્યા છે તેમાં આજ સુધી શહેરી આદિવાસીઓ માટે કોઈ ચોક્કસ કાર્યક્રમો ઘડવામાં આવ્યા હોય તેવું જણાતું નથી. શહેરી ગરીબોના અને અન્ય આદિજાતિ વિકાસના કાર્યક્રમોમાં તેમને સમાવી લેવામાં આવ્યા છે.

આદિજાતિ વિકાસ વિભાગ અને ડેવલપમેન્ટ સપોર્ટ એજન્સી ઓફ ગુજરાત (ડી-સેગ) દ્વારા શહેરી આદિવાસીઓના વિકાસ વિશે વિચારાતા અમદાવાદ શહેરમાં વસતિ બરોડિયા જનજાતિની હાલની પરિસ્થિતિનું આકલન કરતા સર્વે માટે આદિવાસી સંશોધન અને તાલીમ કેન્દ્રને કામ સોંપવામાં આવ્યું.

શહેરી અને ગ્રામીણ આદિવાસી સમાજના પ્રશ્નોમાં ઘણા તફાવતો છે, જેમકે બંનેના આર્થિક ઉપાર્જનના ક્ષેત્રો બિલકુલ જુદા છે, તેવી જ રીતે શહેરોમાં કામના પ્રકારો (Type of Work) વધુ હોવાથી કામની વહેંચણી પણ ઘણી સંકુલ જોવા મળે છે. આ જ રીતે શહેરી આદિવાસીઓએ ટકી રહેવા માટે ઘણી વધારે ક્ષમતા મેળવવી જરૂરી છે તેવું દેખાઈ રહ્યું છે. પરંતુ આદિજાતિ વિસ્તારમાં જે સાંસ્કૃતિક બાબતોને વિકાસ સાથે સાંકળીને કાર્ય આયોજનો કરવાના બને છે તેવું શહેરી વિસ્તારોમાં જોવા મળતું નથી, અન્ય શહેરી ગરીબોની જેમજ આદિજાતિ પણ વસે છે તેવું સ્પષ્ટપણે દેખાય છે. આથી અન્ય શહેરી ગરીબી નિવારણના કાર્યક્રમો સાથે તેઓને સાંકળવામાં આવે તો ઈચ્છિત પરિણામો મળી શકે તેમ લાગે છે.

માનનીય સચિવશ્રી, આદિજાતિ વિકાસ વિભાગની અધ્યક્ષતામાં ગોઠવાયેલ મિટીંગમાં અમદાવાદ શહેરમાં બરોડિયા જનજાતિના અભ્યાસ માટે વિસ્તૃત ચર્ચા થઈ હતી, જેના આધાર પર પ્રસ્તુત અભ્યાસમાં આવરી લેવાની વિગતો અત્રે દર્શાવી છે.

- અમદાવાદ શહેરમાં વસતા બરોડિયા જનજાતિના કુટુંબોની સામાજિક-આર્થિક પરિસ્થિતિ જાણવી

- આવકના સ્રોતો જાણવા
- વપરાશની તરેહ જાણવી
- ઘરવપરાશની વસ્તુઓ પરથી આર્થિક પરિસ્થિતિનો તાગ મેળવવો
- તેઓની આવડતો(Skill) અને તેના ઉપયોગ જાણવા વિકાસની શક્યતા તપાસવી
- શિક્ષણનું સ્તર અને હાલ બાળકોના શિક્ષણની પરિસ્થિતિ જાણવી
- વાંસકામ કરતા લોકો માટે
    - હાલની પરિસ્થિતિ
    - વિકાસની શક્યતાઓ
- સામાજિક બાબતો
    - જાતિ પ્રમાણપત્ર
    - સ્ત્રીઓનો આર્થિક ઉત્પાદનમાં ભાગ અને સ્થાન
    - વ્યસનો
- હાઉસીંગના પ્રશ્નો - હાઉસીંગના ખાસ પ્રયત્નને તપાસવો
    - હાલ સદ્‌ભાવના નગરમાં રહેતા લોકો
    - શા માટે સદ્‌ભાવના નગરમાં રહેવાનું નથી પસંદ કરતા?
    - હાઉસીંગ લોનની પરિસ્થિતિ શું છે?
    - હાઉસીંગ બોર્ડ દ્વારા ફાળવણી સમયે કરવામાં આવેલી શરતો તપાસવી
- વિકાસ માટે દરમ્યાનગીરીના ક્ષેત્રો શોધવા

ઉપરોક્ત બાબતોને આવરી લઈને અત્રે જુદી જુદી માહિતી એકત્ર કરીને મૂકી છે, જેનાથી બરોડિયા જનજાતિના જીવનના જુદા જુદા પાસાંઓનો ચોક્કસ ખ્યાલ આવી શકે.

આ કાર્ય સમયમર્યાદામાં પૂર્ણ કરવા માટે અમારા ક્ષેત્રકાર્યકરોએ ખૂબજ સમય આપી સમગ્ર કાર્યને આખરી ઓપ આપવામાં મદદ કરી છે. તે સહુ પ્રત્યે આભારની લાગણી દર્શાવું છું, અને નિયામકશ્રીએ સમગ્ર કાર્યમાં સતત માર્ગદર્શન અને પ્રોત્સાહન આપી અમને જીવંત રાખ્યા છે તે બદલ તેમના પ્રત્યે પણ અત્રે આભારની લાગણી દર્શાવું છું.

બરોડિયા - જનજાતિ પરિચય :

અમદાવાદમાં વસતા 'બરોડિયા' જાતિના લોકોને હિંદુ મરાઠા, વાંસફોડા, હિંદુ વાંસફોડા, દક્ષિણી-વાંસફોડા વગેરે નામથી ઓળખવામાં આવે છે. આ જાતિના ઈતિહાસ અને મૂળ વિષે ચોક્કસ પ્રકારની લેખિત તેમજ મૌખિક દંતકથા છે. ગુજરાત સ્ટેટ ગેઝેટીયર-૧૯૬૨ સુરત જિલ્લામાં વિટોળીયા, બરોડીયા, વાંસફોડાને એક જ જાતિ ગણીને ઉલ્લેખ કરવામાં આવ્યો છે. એન્સાયક્લોપીડીયા ઓફ સાઉથ-એશિયન ટ્રાઈબ્સમાં જણાવવામાં આવ્યું છે કે આ જાતિ મહારાષ્ટ્રમાંથી લગભગ ૨૫૦ વર્ષ પહેલાં ગુજરાતમાં આવીને વસી છે તેની મુખ્ય વસતિ સુરત જિલ્લામાં છે અને તેઓની જુદી વસતિ ન દર્શાવતા જનગણનામાં તેઓને વિટોળીયા, કોટવાળીયા સાથે સમાવી લેવામાં આવે છે.

બરોડીયા એ મૂળ દક્ષિણની મહારાષ્ટ્ર અને કર્ણાટકની બરૂડ જાતિનું એમ બન્નેનું પ્રતિનિધિત્વ કરતા હોય તેવું તેઓના રીત-રિવાજ, ધાર્મિક માન્યતા, દેવ-દેવી વગેરે ઉપરથી લાગે છે. દક્ષિણના બરૂડ જ સ્થળાંતર કરીને ગુજરાતમાં આવીને વસ્યા બાદ પરંપરાગત ધંધો વાંસકામ ચાલુ રાખ્યો અને ગુજરાતમાં વાંસફોડાનો સામાજિક દરજ્જો ઊંચો હોવાથી તેમાં ભળવાનો તેમણે પ્રયાસ કર્યો છે. સામાજિક દરજ્જાના મોહથી અને અજ્ઞાનતાને કારણે બરોડીયાઓએ પોતાની જાતને વાંસફોડા તરીકે ગણવાનું શરૂ કર્યું હતું.

બરોડીયા જાતિના પંચ દ્વારા તેઓની અટક(કુળ) દ્વારા દર્શાવવામાં આવ્યા છે. આ અટકો(કુળ)માંથી અમુક અટકો(કુળ) (મોરે, સોનવણે, પૈરે, ચીંચવલે) The Tribes and Castes of Bombay (1920 P.No.256) માં બરૂડ જાતિની અટકો(કુળ) રૂપે દર્શાવવામાં આવી છે.

ગુજરાતી ભાષાના વિશ્વકોશ સમાન ભગવદ્ગો મંડલ(ભાગ-૭ કર્તા-ભગવત સિંહજી ૧૯૫૩ પાન-૬૪૧૩)માં બરૂડ (બરૂડ) વિશે આ મુજબ જણાવ્યું છે. "એ નામની અત્યંજની એક જાતિ તેનો ધંધો વાંસફોડાનો છે. તે કર્ણાટક તરફ વસે છે." આજ પુસ્તકના પાન-૬૨૨૬ પર બરૂડિયો(બરૂડિયો) શબ્દનો અર્થ "પુ. ઘાંચો, વાંસફોડો" આ રીતે આપવામાં આવેલ છે.

**અમદાવાદમાં બરોડીયા જાતિના રહેણાંક વિસ્તારો :**

અમદાવાદ શહેરમાં બરોડીયા જાતિની વસતિ મુખ્યત્વે શ્રમજીવી વસાહતો અને ઝૂંપડપટ્ટીમાં જોવા મળે છે. સાબરમતી નદીના પટમાં આવેલ ઝૂંપડપટ્ટીથી લઈને માધુપુરા, લુમસાવાડ, દિલ્હી ચકલા, હાટકેશ્વર, પાલડી, મણિનગરની અલગ અલગ વસાહતોમાં બરોડીયા વસે છે. હાલ તેઓની મોટી વસાહત સદ્ભાવના નગર, હાથીજણ છે. જ્યાં ૧૬૬ જેટલા મકાનો સરકારશ્રીની મદદથી અમદાવાદના બરોડીયા પરિવારો માટે બાંધવામાં આવેલ છે. તેમાં પરિવારો રહે છે. તદ્ઉપરાંત અમદાવાદ શહેરમાં મુખ્યત્વે હાટકેશ્વર, રાયપુર નદીના પટમાં અને મણિનગરમાં તેઓ રહે છે.

**બરોડીયા ઉત્પત્તિની દંતકથા :**

અહીં જે ઉત્પત્તિની કથા દર્શાવવામાં આવી છે તે મૂળ મરાઠા બરૂડ જાતિની ઉત્પત્તિ કથા તરીકે એન્થોલવને Tribes and Castes of Bombay (1920 P.No.255-256, Vol.1)માં દર્શાવવામાં આવી છે. અમદાવાદમાં રહેતા બરોડીયા જાતિના કુટુંબો અને તેમના જ્ઞાતિ આગેવાનો દ્વારા આ કથાને જ પોતાની જ્ઞાતિની ઉત્પત્તિની કથા તરીકે આલેખી છે તે કથા જ અત્રે મુકેલ છે.

'મરાઠા બરૂડ એ જ્ઞાતિ બહાર મુકાયેલ મરાઠાઓ છે, જે જેઠ મહિનાની પૂનમના દિવસે પાર્વતીજી વડની પૂજા કરવા જતા ત્યારે તેમના માટે ફળ-ફુલ રાખવાનાં વાંસની ટોપલી બનાવતા. આ કારણે તેમને જ્ઞાતિ બહાર મૂકવામાં આવ્યા હતા. બીજી એક કથા જોઈએ તો પાર્વતીજીનો જ્યારે ખોળો ભરવા(ઓટી-ભરણ)માં આવ્યો ત્યારે તેને પરિણીત સ્ત્રીઓએ ઘઉં, નાળિયેર, કંકુ, અક્ષત, નાગરવેલના પાન અને કાંસકો ખોળામાં આપ્યો. આ આપવામાં આવેલ વસ્તુઓને મૂકવા માટે વાંસનું સુપડુ બનાવવા માટે શિવજીએ બરુડો જે આ વાંસનું જ કામ કરતા હતા તેઓને બોલાવ્યા અને પાર્વતીજીના બગીચામાંથી પાંચ વાંસ કાપી સુપડુ બનાવવાનું કહ્યું. તેઓએ પાંચના બદલે દસ વાંસ કાપતા શિવજીના શ્રાપથી તેઓ નિમ્ન જાતિમાં ગણાયા' એમ પણ કહેવાય છે કે તેઓ ઢીવાર કે કોળીમાંથી આવેલ જાતિ છે. જ્યારે ભાગવત પુરાણની અંદર સાત અત્યંજ જાતિમાંની એક જાતિરૂપે બરૂડને મનુ દ્વારા દર્શાવાય છે.

**કુટુંબવ્યવસ્થાની ઝાંખી :**

બરોડિયા જ્ઞાતિમાં પિતૃ સમાજ વ્યવસ્થા છે. કુટુંબમાં પિતાનું પ્રભુત્વ જોવા મળે છે. આમ છતાં સ્ત્રીઓનું વર્ચસ્વ પણ છે. ખાસ કરીને વાંસમાંથી માલ બનાવવા તેમજ વેચવાનું કામ સ્ત્રીઓ વધારે કરે છે. આ અંગેનો નાણાંકીય વ્યવહાર પણ સ્ત્રીઓ કરે છે. આમ, વેચાણ કુશળતા સ્ત્રીઓમાં છે.

પહેલાના સમયમાં બરોડીયા સમાજની બહેનો તૈયાર માલ ઘરે-ઘરે વેચવા માટે જતી હતી તે પ્રથા આજે ઓછી છે. હવે તો બહેનો ઘર આંગણે જ નાની દુકાન-હાટડી માંડીને બહેનો તૈયાર માલ વેચે છે. સાથે ગૃહવ્યવસ્થાનું કામ તેમજ નાનું મોટું વાંસકામ પણ કરે છે.

સ્ત્રીઓનો સામાજિક દરજ્જો પુરૂષ સમાન રહ્યો છે. જે પહેલા હતો, આજે પણ છે. તેનું સર્વેક્ષણ બરોડીયા સમાજના રીતરિવાજ ઉપરથી લાગે છે.

પહેલાંના વર્ષોમાં વિધવા સ્ત્રીઓ પુનર્લગ્ન કરવા ફરજિયાત ન હતું. લગ્ન કરવા અંગે દબાણ પણ કરવામાં આવતું નહિ. આમ હોવાનું મુખ્ય કારણ આ જાતિઓ વાંસકામનો વ્યવસાય કરે છે. આ વ્યવસાય સાથે સ્ત્રીઓ વધુ સંકળાયેલી હોય તે કારણે અન્ય સમાજ કરતાં પણ બરોડિયા સમાજની સ્ત્રીઓનો દરજ્જો પુરૂષ સમાન ગણાયો છે.

છોકરાના લગ્ન પછી અથવા તો એક કુટુંબમાં એક થી વધુ છોકરાના લગ્ન થવાથી મકાનની અગવડ પડે છે.

**ગોત્ર અંગેની વિગતો :**

બરોડીયા જાતિમાં ગોત્ર વ્યવસ્થા છે. ગુજરાતમાં ગોત્ર વ્યવસ્થામાં આ જ્ઞાતિના ૧૩ ગોત્ર માનતા આવ્યા છે જે નીચે મુજબ છે.

| | | | |
|---|---|---|---|
| ૧. | કાનુરંકર | ૮. | સુપેકર |
| ૨. | વાર્લેકર | ૯. | કડુસકર |
| ૩. | ખૈરે | ૧૦. | ચીંચાવલે |
| ૪. | સોનવણે | ૧૧. | ભાંગારકર |
| ૫. | નાગેકર | ૧૨. | માતુરકર |
| ૬. | જામ્બેકર | ૧૩. | મોરેં |
| ૭. | લેકાવરે | | |

આ ગોત્રના નામ ઉપરથી એટલું ફલિત થાય છે. બરોડીયા સમાજ પર મહારાષ્ટ્ર, કર્ણાટકની અસર છે. વતનથી દૂર દૂર સમાજમાં બરોડીયા જે બરુડ અનુસૂચિત જનજાતિમાં છે તે ઉપરોક્ત ગૌત્રો દ્વારા ઓળખાય છે.

**જાતિપંચની વ્યવસ્થા :**

બરોડીયા જાતિમાં વર્તમાન સમયમાં જાતિપંચની પકડ ઓછી છે. પહેલાં ગામવાર જાતિપંચ હતા. પંચના મુખ્ય માણસોને 'પટેલ' તરીકે ઓળખતા પંચ પટેલ અને જુદા જુદા ગોત્રના ૫ વ્યક્તિનું બનેલું હતું.

છોકરા-છોકરીના લગ્ન વ્યવહાર, છૂટાછેડા અંગેના નિર્ણય વગેરે કાર્ય પંચ કરે છે. પંચનો ખર્ચ જે બે વ્યક્તિ બોલાવે તેને આપવો પડતો. પંચ બોલાવે ત્યારે સવા રૂપિયો કે બે લોટા તાડીનો ખર્ચ હતો. તે સમયે પીણામાં તાડીનું ચલણ હતું આજે નથી.

આમ જાતિપંચ સક્રિય રીતે કાર્ય કરતું નથી, પણ ગુજરાતમાં બરોડીયા સમાજનું સંગઠન પોતાના પ્રશ્નોના ઉકેલ માટે જાતિપંચરૂપે મળે છે. સમાજમાં પરિવર્તન લાવવાનું કામ કરે છે, આ સમાજ ગુજરાત પ્રદેશ કક્ષાએ કાર્ય કરે છે.

## અમદાવાદ શહેરમાં વસવાટ કરતા બરોડિયા જાતિનો સામાજિક-આર્થિક અભ્યાસ :

અમદાવાદ શહેરમાં બરોડિયા જાતિ મુખ્યત્વે હાથીજણ, સદ્‌ભાવના નગર, રાયખડ નદીના પટમાં, હાટકેશ્વર, દરિયાપુર વિસ્તારોમાં વસવાટ કરતી જોવા મળે છે.

હાથીજણ, સદ્‌ભાવના નગર જે ખાસ વાંસકામદાર બરોડિયા જાતિ માટે જ સરકારે બનાવ્યું છે તેમાં બરોડિયા જાતિના ૧૬૬ મકાન આવેલા છે. જે મકાનો ગુજરાત હાઉસીંગ બોર્ડ દ્વારા બનાવવામાં આવેલ છે. સદ્‌ભાવના નગરમાં ૧૭૬ મકાનોની યોજનામાંથી ૭૬ નંબરથી ૮૫ નંબર સુધીના મકાનો બનાવેલ નથી. આથી કુલ ૧૬૬ મકાનો છે. જેમાંથી ૬૯ મકાનોમાં હાલમાં કુટુંબો રહેતા જોવા મળ્યા હતા. આ બધા જ કુટુંબો બરોડિયા જનજાતિના જ છે.

વસતિ :

જાતિ અથવા લિંગ એ વ્યક્તિની વ્યક્તિગત તથા સામાજિક પાર્શ્વભૂમિકા દર્શાવતું એક અગત્યનું પરિબળ છે. જાતિ દરજ્જો એ વ્યક્તિના સામાજિક વલણો, તેની કાર્યભૂમિકાઓ વગેરે નક્કી કરવામાં મહત્ત્વનો ભાગ ભજવે છે.

જાતિ

| ક્રમ | | સંખ્યા | ટકા |
|---|---|---|---|
| ૧ | પુરૂષ | ૪૮૦ | ૫૩.૧૬ |
| ૨ | સ્ત્રી | ૪૨૩ | ૪૬.૮૪ |
| કુલ | | ૯૦૩ | ૧૦૦.૦૦ |

અમદાવાદ શહેરમાં વસતા બરોડિયા જાતિની કુલ વસતિ ૯૦૩ ની જાણવા મળી છે. જેમાં ૪૮૦ પુરૂષ અને ૪૨૩ સ્ત્રીઓ જોવા મળેલ છે. આ પરથી કહી શકાય કે આ જાતિઓમાં સ્ત્રી-પુરૂષ પ્રમાણ(Sex Ratio) જોઈએ તો ૮૮૧ નો જોવા મળે છે. જે કુલ ગુજરાત અને ગુજરાતનું આદિજાતિ સ્ત્રી-પુરૂષ પ્રમાણ(૯૭૪) કરતા ઘણું ઓછું છે. સ્ત્રી-પુરુષનું આ પ્રમાણ શહેરીકરણનું પરિણામ ગણી શકાય.

અમદાવાદમાં વસવાટ :

આદિજાતિનો દરજ્જો મેળવનાર વ્યક્તિ કે જ્ઞાતિ જે તે રાજ્યમાં ૧૯૫૦ કે તેથી વધારે સમયથી રહેતો હોવા જરૂરી છે. ત્યારબાદથી રહેતા કે સ્થળાંતર કરેલ વ્યક્તિ-જ્ઞાતિઓને તેમના વતનના રાજ્યમાં તેમના જે સ્તરમાં(SC-ST-OBC Or GENERAL) સમાવેશ હોય તેજ સ્તરમાં સ્થળાંતર કરેલ રાજ્યમાં ગણવામાં આવે તેવું જરૂરી નથી. બરોડિયાઓ પેઢીઓથી ગુજરાતમાં વસેલા છે, પરંતુ અમદાવાદમાં આ કુટુંબોનો વસવાટ ક્યારથી છે તે જાણવા માટે તેઓના રહેણાંકના વર્ષો વિશે પૂછતા મળેલ માહિતી અત્રે દર્શાવી છે.

| અમદાવાદમાં કેટલા વર્ષથી રહો છો? | | | |
|---|---|---|---|
| ક્રમ | વિગત | સંખ્યા | ટકા |
| ૧ | જવાબ નથી મળેલ | ૨૪ | ૧૧.૫૪ |
| ૨ | ૫ વર્ષથી નીચે | ૪ | ૧.૯૨ |
| ૩ | ૬ થી ૧૦ વર્ષ | ૧૧ | ૫.૨૯ |
| ૪ | ૧૧ થી ૧૫ વર્ષ | ૩ | ૧.૪૪ |
| ૫ | ૧૬ થી ૨૦ વર્ષ | ૨ | ૦.૯૬ |
| ૬ | ૨૧ થી ૨૫ વર્ષ | ૫ | ૨.૪૦ |
| ૭ | ૨૬ થી ૩૦ વર્ષ | ૭ | ૩.૩૭ |
| ૮ | ૩૧ થી ૩૫ વર્ષ | ૧૩ | ૬.૨૫ |
| ૯ | ૩૬ થી ૪૦ વર્ષ | ૧૬ | ૭.૬૯ |
| ૧૦ | ૪૧ થી ૪૫ વર્ષ | ૮ | ૩.૮૫ |
| ૧૧ | ૪૬ થી ૫૦ વર્ષ | ૩૫ | ૧૬.૮૩ |
| ૧૨ | ૫૧ થી ૫૫ વર્ષ | ૧૯ | ૯.૧૩ |
| ૧૩ | ૫૬ થી ૬૦ | ૨૨ | ૧૦.૫૮ |
| ૧૪ | ૬૧ વર્ષથી વધુ | ૩૯ | ૧૮.૭૫ |
| | કુલ | ૨૦૮ | ૧૦૦.૦૦ |

બરોડિયા જાતિના કુટુંબો ૨૦૮ છે. જેઓ અમદાવાદમાં વસે છે. તેમાંથી સૌથી વધારે ૩૯ કુટુંબો જેઓ ૬૧ વર્ષથી વધુ સમયથી અમદાવાદમાં રહે છે. જ્યારે ફક્ત ૨ કુટુંબો એવા છે કે જેઓ ૧૬ થી ૨૦ વર્ષથી અહીં રહે છે. આ સિવાય આપણે જોઈએ.તો ૫ વર્ષથી ઓછા સમયથી આવેલ હોય તેવા ૪ કુટુંબો છે. જવાબ ન મળેલ હોય તેવા ૨૪ કુટુંબો છે. ૬ થી ૧૦ વર્ષમાં હોય તેવા ૧૧ કુટુંબો, ૧૧ થી ૧૫ વર્ષમાં હોય તેવા ૩ કુટુંબો, ૧૬ થી ૨૦ વર્ષમાં હોય તેવા ૨ કુટુંબો, ૨૧ થી ૨૫ વર્ષમાં હોય તેવા ૫ કુટુંબો, ૨૬ થી ૩૦ માં હોય તેવા ૭ કુટુંબો, ૩૧ થી ૩૫ વર્ષમાં હોય તેવા ૧૩ કુટુંબો, ૩૬ થી ૪૦ માં હોય તેવા ૧૬ કુટુંબો, ૪૧ થી ૪૫ માં હોય તેવા ૮ કુટુંબો, ૪૬ થી ૫૦ માં હોય તેવા ૩૫ કુટુંબો, ૫૧ થી ૫૫ વર્ષમાં હોય તેવા ૧૯ કુટુંબો અને ૫૬ થી ૬૦ વર્ષમાં હોય તેવા કુલ ૨૨ કુટુંબો. આમ કુલ ૨૦૮ કુટુંબો કેટલા વર્ષથી અમદાવાદમાં છે તેનો જવાબ આપેલ છે.

મૂળવતન :

અમદાવાદ શહેરમાં વસતા બરોડિયા જાતિના કુટુંબો જુદા જુદા શહેરોમાંથી આવીને અમદવાદમાં વસવાટ કરતા જોવા મળે છે. અભ્યાસક્ષેત્રમાં બરોડિયા જાતિના કુટુંબો ક્યાંથી આવીને અમદાવાદમાં વસ્યા છે તેની માહિતી નીચે મુજબ જોઈ શકાય છે.

મૂળવતન

| ક્રમ | વિગત | સંખ્યા | ટકા |
|---|---|---|---|
| ૧ | જવાબ મળેલ નથી. | ૩૪ | ૧૬.૩૫ |
| ૨ | અમદાવાદ | ૧૦૬ | ૫૦.૯૬ |
| ૩ | ખંભાત | ૧ | ૦.૪૮ |
| ૪ | મુંબઈ | ૧ | ૦.૪૮ |
| ૫ | પૂના નજીક | ૨ | ૦.૯૬ |
| ૬ | પૂના – સતારા | ૧ | ૦.૪૮ |
| ૭ | પૂના | ૬૧ | ૨૯.૩૩ |
| ૮ | સુરત | ૨ | ૦.૯૬ |
|  | કુલ | ૨૦૮ | ૧૦૦.૦૦ |

મોટાભાગના કુટુંબો અમદાવાદ શહેરમાં જ એક વિસ્તારમાંથી બીજા વિસ્તારમાં વસવાટ કરવા ગયા હોય તેવા સૌથી વધારે ૧૦૬ કુટુંબો છે. જ્યારે તેની સરખામણીમાં સૌથી ઓછા કુટુંબો ખંભાત, મુંબઈ તેમજ પૂનામાંથી ૧-૧ કુટુંબો અને આ સિવાયના અન્ય ૨-૨ કુટુંબો પૂના નજીક અને સુરતથી આવીને વસ્યા છે. ૩૪ કુટુંબોએ કોઈ જવાબ આપેલ નથી, કારણ કે તેમને ચોક્કસ ખ્યાલ નથી. જ્યારે સૌથી વધુ બીજા નંબરે પૂનાથી આવીને વસેલા કુલ ૬૧ કુટુંબો છે.

ટૂંકમાં અમદાવાદ શહેર બહારથી આવીને વસેલા કુટુંબો પણ જોવા મળેલ છે.

ઉંમર :

વ્યક્તિના આર્થિક જીવન પર સામાજિક, ધાર્મિક, રીતરિવાજો, ભૌગોલિક વાતાવરણ જેવા અનેક પરિબળો અસર કરતા હોય છે. જેમાં વયજૂથ પણ એક મહત્ત્વનું પરિબળ છે. કારણ કે વયજૂથને આધારે કામ કરી શકે તેવા સભ્યો કેટલા છે તે જાણી શકાય છે. બરોડિયા જાતિમાં આર્થિક વિકાસમાં મહત્ત્વનો ભાગ આપી શકે તે માનવશ્રમ છે. કારણ કે આ જાતિ મોટેભાગે મજૂરી પર જીવન નિર્ભર કરતી જોવા મળે છે. પ્રસ્તુત અભ્યાસમાં બરોડિયા જાતિના કુટુંબોમાં કેટલા પુરૂષ-સ્ત્રી છે અને તેની ઉંમરની માહિતી નીચે મુજબ જોઈ શકાય છે.

| ઉંમર | | | | | |
|---|---|---|---|---|---|
| ક્રમ | વયજૂથ | જાતિ | | | |
| | | પુરૂષ | | સ્ત્રી | |
| ૧ | ૬ સુધી | ૪૩ | ૮.૯૬ | ૩૦ | ૭.૦૯ |
| ૨ | ૭ થી ૧૪ | ૮૮ | ૧૮.૩૩ | ૫૧ | ૧૨.૦૬ |
| ૩ | ૧૫ થી ૨૪ | ૧૦૦ | ૨૦.૮૩ | ૮૯ | ૨૧.૦૪ |
| ૪ | ૨૫ થી ૩૪ | ૮૨ | ૧૭.૦૮ | ૭૭ | ૧૮.૨૦ |
| ૫ | ૩૫ થી ૪૪ | ૮૦ | ૧૬.૬૭ | ૭૩ | ૧૭.૨૬ |
| ૬ | ૪૫ થી ૫૪ | ૪૫ | ૯.૩૮ | ૫૬ | ૧૩.૨૪ |
| ૭ | ૫૫ થી ૬૪ | ૩૨ | ૬.૬૭ | ૩૨ | ૭.૫૭ |
| ૮ | ૬૫ થી વધુ | ૧૦ | ૨.૦૮ | ૧૫ | ૩.૫૫ |
| કુલ | | ૪૮૦ | ૧૦૦.૦૦ | ૪૨૩ | ૧૦૦.૦૦ |

કુલ ૯૦૩ ની વસતિ છે. જેમાં ૪૮૦ પુરૂષો અને ૪૨૩ સ્ત્રીઓ જોવા મળી છે. જે મુજબ પુરૂષો કરતા સ્ત્રીઓનું પ્રમાણ ઓછું છે. જેમાં સૌથી વધારે ૧૫ થી ૨૪ વર્ષનાં ૧૦૦ પુરૂષો અને ૮૯ સ્ત્રીઓ જોવા મળી છે. જ્યારે સૌથી ઓછા ૬૫ થી વધુ તેવા ૧૦ પુરૂષો અને ૧૫ સ્ત્રીઓ જોવા મળી છે.

૦ થી ૬ વર્ષમાં ૪૩ પુરૂષો અને ૩૦ સ્ત્રીઓ, ૭ થી ૧૪ વર્ષમાં ૮૮ પુરૂષો અને ૫૧ સ્ત્રીઓ, ૨૫ થી ૩૪ વર્ષમાં ૮૨ પુરૂષો અને ૭૭ સ્ત્રીઓ, ૩૫ થી ૪૪ વર્ષમાં ૮૦ પુરૂષો અને ૭૩ સ્ત્રીઓ, ૪૫ થી ૫૪ વર્ષમાં ૪૫ પુરૂષો અને ૫૬ સ્ત્રીઓ અને ૫૫ થી ૬૪ વર્ષમાં ૩૨ પુરૂષો અને ૩૨ સ્ત્રીઓ જોવા મળેલ છે.

બાળકોમાં (૮૬) જાતિ પ્રમાણ ચોંકાવનારૂં(૬૯૮) જોવા મળે છે.(આદિજાતિનું ગુજરાતનું ૯૬૬ છે.)

### વૈવાહિક દરજ્જો

વૈવાહિક દરજ્જો એ પ્રાપ્ત દરજ્જો છે. આ દરજ્જાની વ્યક્તિના સામાજિક-આર્થિક જીવન પર કેટલીક અસરો પડતી હોય છે. કારણ કે વૈવાહિક દરજ્જા પ્રાપ્તિ સાથે કેટલીક ફરજોનો સ્વીકાર કરવો પડે છે. બરોડિયા સમાજની ઉપરોક્ત પરિસ્થિતિ અત્રે દર્શાવી છે.

વૈવાહિક દરજ્જો

| ક્રમ | | સંખ્યા | ટકા |
|---|---|---|---|
| ૨ | અપરિણીત | ૪૧૪ | ૪૫.૮૫ |
| ૩ | પરિણીત | ૪૪૧ | ૪૮.૮૪ |
| ૪ | વિધવા/વિધુર | ૪૦ | ૪.૪૩ |
| ૫ | ત્યકતાછૂટાછેડા | ૮ | ૦.૮૯ |
| કુલ | | ૯૦૩ | ૧૦૦.૦૦ |

અભ્યાસમાં આવરી લીધેલ બરોડિયા જાતિનો વૈવાહિક દરજ્જાની વિગતો જોતા કુલ વસતિમાં અપરિણીત હોય તેવા ૪૧૪(૪૫.૮૫%), પરિણીત હોય તેવા ૪૪૧(૪૮.૮૪%), વિધવા/વિધુર હોય તેવા ૪૦(૪.૪૩%) અને ત્યક્તા એટલે કે છૂટાછેડા લીધેલ ૮(૦.૮૯%) વ્યક્તિઓ જોવા મળેલ છે.

### અપંગતા :

અમદાવાદની બરોડિયા જાતિની વસતિ કુલ ૯૦૩ ની છે જેમાંથી અપંગતા ધરાવતા વ્યક્તિઓ વિષયક માહિતી અત્રે રજૂ કરેલ છે.

અપંગતા

| ક્રમ | | સંખ્યા | ટકા |
|---|---|---|---|
| ૧ | માનસિક અસ્થિરતા | ૫ | ૦.૫૫ |
| ૨ | શારીરિક અપંગતા | ૬ | ૦.૬૬ |
| ૩ | અંધ | ૨ | ૦.૨૨ |
| ૪ | અપંગતા નહી ધરાવતા | ૮૯૦ | ૯૮.૫૬ |
| કુલ | | ૯૦૩ | ૧૦૦.૦૦ |

અમદાવાદ શહેરમાં વસતા કુલ બરોડિયા જાતિમાંથી ૧૩ વ્યક્તિઓ શારીરિક કે માનસિક અપંગતા ધરાવતી જોવા મળી હતી. જેમાં માનસિક અસ્થિરતા હોય તેવી ૫ વ્યક્તિઓ, શારીરિક અપંગતા હોય તેવી ૬ વ્યક્તિઓ અને અંધ હોય તેવી ૨ વ્યક્તિઓ જોવા મળી હતી.

શિક્ષણ :

સંશોધન અભ્યાસમાં આવરી લીધેલ કુટુંબોમાં ૧૦૩ વ્યક્તિઓ નિરક્ષર જોવા મળી હતી. આ ઉપરાંત શિક્ષણમાં આર્થિક પરિસ્થિતિ અને સુવિધાઓનો અભાવ પણ એક અગત્યનું પરિબળ છે. અભ્યાસમાં પ્રાથમિક શિક્ષણ મેળવેલ સૌથી વધુ વ્યક્તિ જોવા મળેલ છે. જ્યારે માધ્યમિક શિક્ષણમાં તેની અડધી સંખ્યા જોવા મળે છે. જ્યારે ઉચ્ચત્તર માધ્યમિકમાં જૂજ સંખ્યા છે. જ્યારે સ્નાતક, અનુસ્નાતક કક્ષાએ આંગળીના વેઢે ગણાય તેટલી જ વ્યક્તિઓએ શિક્ષણ મેળવેલ છે. આનો અર્થ એ થાય કે પ્રાથમિક શિક્ષણ મફત હોવાથી તે વધુ વ્યક્તિ મેળવે છે. જ્યારે ત્યારબાદ આર્થિક પરિસ્થિતિ કે વાહનવ્યવહારની અગવડ કે શિક્ષણ સંસ્થાઓ દૂર હોવાના કારણે અપવ્યયનું પ્રમાણ વધુ જોવા મળેલ છે. જ્યારે શિક્ષિત લોકોને રોજગારી ન મળવાના કારણે સ્નાતક, અનુસ્નાતક શિક્ષણ લેવાનો રસ/ઉત્સાહ જોવા મળતો નથી.

અહીં ૦ થી ૬ વર્ષના ૪૭ બાળકો જે ભણતા નથી તેને બાદ કરતાં તમામ ૮૫૬ વ્યક્તિઓની અભ્યાસ અંગેની સ્થિતિ અત્રે દર્શાવેલ છે.

| ક્રમ | અભ્યાસની વિગત | સંખ્યા | ટકા |
|---|---|---|---|
| ૧ | આંગણવાડી | ૧૬ | ૧.૮૭ |
| ૨ | પ્રાથમિક | ૪૩૦ | ૫૦.૨૩ |
| ૩ | માધ્યમિક | ૨૧૩ | ૨૪.૮૮ |
| ૪ | ઉચ્ચંમાધ્યમિક | ૬૨ | ૭.૨૪ |
| ૫ | ચાલુ સ્નાતક | ૯ | ૧.૦૫ |
| ૬ | સ્નાતક | ૬ | ૦.૭૦ |
| ૭ | વ્યવસાયિક | ૫ | ૦.૫૮ |
| ૮ | ટેકનીકલ | ૧૧ | ૧.૨૯ |
| ૯ | કોમ્પ્યુટર કોર્ષ | ૧ | ૦.૧૨ |
| ૧૦ | અભણ | ૧૦૩ | ૧૨.૦૩ |
| | કુલ | ૮૫૬ | ૧૦૦.૦૦ |

બરોડિયા જાતિમાં શિક્ષણનું પ્રમાણ જોઈએ તો કુલ ૮૫૬ વ્યક્તિમાંથી ૭૫૩ વ્યક્તિઓ શિક્ષિત જોવા મળે છે. જ્યારે ૧૦૩ વ્યક્તિઓ અશિક્ષિત જોવા મળે છે. તેમાં સૌથી વધુ પ્રાથમિક શિક્ષણમાં ૪૩૦ વ્યક્તિઓ(૫૦.૨૩%), જ્યારે વ્યાવસાયિક શિક્ષણમાં માત્ર ૫(૦.૫૮%) જ વ્યક્તિ જોવા મળ્યા હતા. આ સિવાય માધ્યમિક શિક્ષણમાં ૨૧૩ વ્યક્તિઓ (૨૪.૮૮%), ઉચ્ચતર માધ્યમિક શિક્ષણમાં ૬૨ વ્યક્તિઓ(૭.૨૪%), ચાલુ સ્નાતકમાં ૯ વ્યક્તિઓ (૧.૦૫%), સ્નાતક થયેલ ૬ વ્યક્તિઓ(૦.૭૦%) અને ટેકનીકલ શિક્ષણ લીધેલ હોય તેવા ૧૧ વ્યક્તિઓ(૧.૨૯%) જોવા મળેલ છે. જ્યારે અભણ હોય તેવા ૧૦૩ વ્યક્તિઓ(૧૨.૦૩%) જોવા મળ્યા છે.

આમ, આ પરથી કહી શકાય કે શહેરી વિસ્તારમાં વસતા હોવાં છતાં આ જાતિમાં ઉચ્ચશિક્ષણનું પ્રમાણ ઓછું છે. કુલ વસતિમાંથી ૫૦.૨૩% એ માત્ર પ્રાથમિક સુધીનું શિક્ષણ લીધેલ છે. સૌથી મોટું ગૃપ પ્રાથમિક, માધ્યમિક કક્ષા સુધીનું જ છે.

**અભ્યાસ ચાલુ :**

સમાજવ્યવસ્થાની મુખ્ય વ્યવસ્થાઓમાં શિક્ષણ સંસ્થા એ પાયાની અને મહત્ત્વની સંસ્થા છે. સાંપ્રત સમયમાં આર્થિક, સામાજિક અને રાજકીય ક્ષેત્રે નિર્ણયો લેવામાં શિક્ષણે મહત્ત્વનો ભાગ ભજવ્યો છે. આદિવાસી સમાજમાં સંસ્કૃતિ, રીતરિવાજો, રૂઢિઓ, અંધશ્રધ્ધા વગેરેમાં શિક્ષણના કારણે ઘણા પરિવર્તન આવેલા છે. શિક્ષણ એ સામાજિક અને આર્થિક વિકાસ તથા પરિવર્તન માટે મહત્ત્વનું પરિબળ છે. ભારતમાં કુલ સાક્ષરતા દર ૬૪.૮% છે. તેની સામે અનુસૂચિત જનજાતિમાં સાક્ષરતા દર ૪૭.૧% છે. ગુજરાતમાં સાક્ષરતા દર ૬૯.૧૪% છે, તેની સામે અનુસૂચિત જનજાતિમાં ૪૭.૭% છે. અમદાવાદના બરોડિયા સમાજની અંદર હાલ ભણતર ચાલુ છે તેવા વિદ્યાર્થીઓની કક્ષાવાર પરિસ્થિતિ અત્રે દર્શાવી છે.

| અભ્યાસ - ચાલુ | | | |
|---|---|---|---|
| ક્રમ | | સંખ્યા | ટકા |
| ૧ | આંગણવાડી | ૧૬ | ૭.૬૨ |
| ૨ | પ્રાથમિક | ૧૧૭ | ૫૫.૭૧ |
| ૩ | માધ્યમિક | ૩૯ | ૧૮.૫૭ |
| ૪ | ઉચ્ચમાધ્યમિક | ૨૦ | ૯.૫૨ |
| ૫ | ચાલુ સ્નાતક | ૭ | ૩.૩૩ |
| ૬ | વ્યવસાયિક | ૪ | ૧.૯૦ |
| ૭ | ટેકનીકલ | ૬ | ૨.૮૬ |
| ૮ | કોમ્પ્યુટર કોર્ષ | ૧ | ૦.૪૮ |
| કુલ | | ૨૧૦ | ૧૦૦.૦૦ |

ચાલુ શિક્ષણ એટલે હાલ જેઓ ભણી રહેલ છે તેમાં ૧૧૭ વ્યક્તિઓ પ્રાથમિક શિક્ષણ લે છે જ્યારે કોમ્પ્યુટર કોર્સ અંગે ભણતા હોય તેવી ફક્ત ૧ જ વ્યક્તિ(૦.૪૮%) છે. જ્યારે આ સિવાયમાં માધ્યમિક શિક્ષણ લઈ રહેલ હોય તેવા ૩૯(૧૮.૫૭%) વ્યક્તિઓ, ઉચ્ચમાધ્યમિક શિક્ષણ લઈ રહેલ ૨૦(૯.૫૨%) વ્યક્તિઓ, સ્નાતક કક્ષાએ ભણતા હોય તેવા ૭(૩.૩૩%) વ્યક્તિઓ, પ્રોફેશનલ કોર્સમાં ભણતા હોય તેવા ૪(૧.૯૦%) વ્યક્તિઓ, આંગણવાડીમાં ભણવા જતા હોય તેવા ૧૬(૭.૬૨%) બાળકો અને ટેકનીકલ કોર્સમાં અભ્યાસ કરતા હોય તેવા ૬(૨.૮૬%) વ્યક્તિઓ જોવા મળ્યા છે.

ટૂંકમાં, બરોડિયા જાતિમાં ઉચ્ચશિક્ષણનું પ્રમાણ હજુ ઘણું જ ઓછું જોવા મળે છે. જે લોકો હાલમાં અભ્યાસ કરે છે તેઓમાં પણ જેમ-જેમ કક્ષા વધતી જાય છે તેમ-તેમ અભ્યાસ કરી રહેલા વિદ્યાર્થીઓની સંખ્યા ઘટતી જાય છે, એટલે કે અપવ્યયનું પ્રમાણ વધતું જાય છે.

**આવક મુજબ શિક્ષણનું પ્રમાણ :**

*શિક્ષણ એ કોઈપણ સમાજમાં મહત્ત્વનું સ્થાન ધરાવે છે અથવા તો એમ પણ કહેવું અતિશયોક્તિભર્યું નહીં કહેવાય કે સમાજ ત્યારે જ વધુને વધુ વિકાસ કરી શકે જ્યારે તે સમાજમાં વધુમાં વધુ શિક્ષિત વ્યક્તિઓ હોય. શિક્ષણ અને આવક એ સિક્કાની બે બાજુઓ છે. આવક વધુ હશે તો વ્યક્તિ વધુ સારું અને યોગ્ય શિક્ષણ મેળવી શકે છે. જ્યારે વધુ શિક્ષિત વ્યક્તિ આવક વધુ મેળવી શકે છે. અભ્યાસમાં આવક અને શિક્ષણ મેળવેલ વ્યક્તિ દર્શાવેલ છે.*

## આવક મુજબ શિક્ષણનું પ્રમાણ

| ક્રમ | માસિક આવક | કુટુંબની સંખ્યા | પ્રાથમિક | માધ્યમિક | ઉચ્ચમાધ્યમિક | અન્ડર ગ્રેજ્યુએટ | ગ્રેજ્યુએટ | વ્યવસાયિક શિક્ષણ | ટેકનીકલ | આંગણવાડી | કોમ્પ્યુટર કોર્ષ | અભણ | કુલ વ્યકિતઓ |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| ૧ | ૧૦૦૦ થી નીચે | ૧૭ | ૧૯ | ૯ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૧ | ૦ | ૧૨ | ૪૧ |
| ૨ | ૧૦૦૧ થી ૨૦૦૦ | ૨૧ | ૪૪ | ૧૩ | ૪ | ૦ | ૦ | ૨ | ૧ | ૩ | ૧ | ૯ | ૭૭ |
| ૩ | ૨૦૦૧ થી ૩૦૦૦ | ૫૧ | ૧૦૪ | ૩૩ | ૧૫ | ૨ | ૦ | ૦ | ૧ | ૬ | ૦ | ૧૬ | ૧૭૭ |
| ૪ | ૩૦૦૧ થી ૪૦૦૦ | ૪૨ | ૮૦ | ૪૬ | ૪ | ૩ | ૧ | ૦ | ૩ | ૦ | ૦ | ૨૫ | ૧૬૨ |
| ૫ | ૪૦૦૧ થી ૫૦૦૦ | ૨૩ | ૫૦ | ૨૩ | ૧૭ | ૧ | ૦ | ૦ | ૧ | ૨ | ૦ | ૧૧ | ૧૦૫ |
| ૬ | ૫૦૦૧ થી ૬૦૦૦ | ૧૮ | ૫૦ | ૩૧ | ૨ | ૧ | ૨ | ૦ | ૧ | ૨ | ૦ | ૧૧ | ૧૦૦ |
| ૭ | ૬૦૦૧ થી ૭૦૦૦ | ૯ | ૨૩ | ૮ | ૧ | ૦ | ૧ | ૧ | ૦ | ૦ | ૦ | ૧૨ | ૪૬ |
| ૮ | ૭૦૦૧ થી ૮૦૦૦ | ૧૦ | ૨૪ | ૧૭ | ૬ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૧ | ૪૮ |
| ૯ | ૮૦૦૧ થી ૯૦૦૦ | ૪ | ૧૨ | ૪ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૬ | ૨૨ |
| ૧૦ | ૯૦૦૧ થી ૧૦૦૦૦ | ૧ | ૩ | ૨ | ૧ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૬ |
| ૧૧ | ૧૦૦૦૧ થી વધુ | ૧૨ | ૨૧ | ૨૭ | ૧૨ | ૨ | ૨ | ૨ | ૪ | ૨ | ૦ | ૦ | ૭૨ |
| | કુલ | ૨૦૮ | ૪૩૦ | ૨૧૩ | ૬૨ | ૯ | ૬ | ૫ | ૧૧ | ૧૬ | ૧ | ૧૦૩ | ૮૫૬ |

આવક મુજબ શિક્ષણનું પ્રમાણ જોઈએ તો કુલ ૨૦૮ કુટુંબમાંથી સૌથી વધુ ૫૧ કુટુંબ રૂા.૨૦૦૧ થી ૩૦૦૦ આવક ધરાવતાં જોવા મળે છે. જેમાં ૧૦૪ વ્યક્તિઓ પ્રાથમિક શિક્ષણ મેળવેલ, ૩૩ વ્યક્તિ માધ્યમિક શિક્ષણ મેળવેલ અને ૧૫ વ્યક્તિઓ ઉચ્ચમાધ્યમિક શિક્ષણ મેળવેલ છે. કુલ ૧૬૧ વ્યક્તિઓ શિક્ષિત, જ્યારે ૧૬ વ્યક્તિઓ અશિક્ષિત છે. જ્યારે રૂા.૩૦૦૧ થી ૪૦૦૦ ની આવક ધરાવતા કુલ ૪૨ કુટુંબમાંથી ૮૦ વ્યક્તિઓ પ્રાથમિક શિક્ષણ અને ૪૬ વ્યક્તિ માધ્યમિક શિક્ષણ મેળવેલ છે. ૪ વ્યક્તિઓએ જ ઉચ્ચમાધ્યમિક શિક્ષણ મેળવેલ છે. કુલ ૧૩૭ વ્યક્તિ શિક્ષિત, જ્યારે ૨૫ વ્યક્તિ અશિક્ષિત છે, રૂા.૧૦૦૧ થી વધુ આવક ધરાવતા ૧૨ કુટુંબમાંથી ૨૧ પ્રાથમિક શિક્ષણ મેળવેલ, ૨૭ માધ્યમિક અને ૧૨ ઉચ્ચમાધ્યમિક શિક્ષણ મેળવેલ વ્યક્તિ છે. કુલ ૮૫૬ વ્યક્તિમાંથી અન્ડર ગ્રેજ્યુએટ ૯ વ્યક્તિ, ગ્રેજ્યુએટ ૬ વ્યક્તિ, વ્યવસાયિક શિક્ષણ ૫ વ્યક્તિ, ટેકનિકલ શિક્ષણ ૧૧ વ્યક્તિ અને કોમ્પ્યુટર શિક્ષણ માત્ર ૧ વ્યક્તિએ મેળવેલ છે.

આમ, પ્રાથમિક શિક્ષણ જોવા મળે છે પરંતુ ત્યારબાદ માધ્યમિકમાં અને વધુમાં વધુ ઉચ્ચશિક્ષણ થોડેઘણે અંશે જોવા મળે છે. ત્યારબાદ અપવ્યયનું પ્રમાણ ખૂબ જ વધુ પ્રમાણમાં છે, આનો અર્થ એ પણ થાય કે શિક્ષણ દ્વારા રોજગારી મળતી ન હોવાથી અપવ્યયનું પ્રમાણ વધુ જોવા મળે છે.

**શિક્ષણનો ખર્ચ :**

અભ્યાસ ક્ષેત્રના કુલ ૨૦૮ કુટુંબોમાંથી ૧૦૮ કુટુંબ કોઈને કોઈ સભ્યનો અભ્યાસ ચાલુ હોય તેવા જોવા મળ્યા હતા. જે કુટુંબના સભ્યોનો અભ્યાસ ચાલુ હોય તેવા કુટુંબો શિક્ષણ પાછળ ખર્ચ કરતા જોવા મળે છે, જેમાં શિક્ષણ ફી, ગણવેશ, પુસ્તકો અને નોટબુક પાછળ તથા શાળામાં આવન-જાવન ખર્ચ કરતા હતા. તેઓ કેટલો ખર્ચ શેમાં કરતા હતા તેની માહિતી નીચેના કોષ્ટક પરથી જોઈ શકાય છે.

## શિક્ષણનો ખર્ચ (વાર્ષિક)

| ક્રમ | વિગત | શિક્ષણ ફીનો ખર્ચ | | ગણવેશનો ખર્ચ | | પુસ્તકો અને નોટબુકોનો ખર્ચ | | શાળામાં આવન જાવન માટેનો ખર્ચ | | શાળાના અન્ય ખર્ચ | | કુલ | |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| | | સંખ્યા | ટકા | સંખ્યા | ટકા | સંખ્યા | ટકા | સંખ્યા | ટકા | સંખ્યા | ટકા | સંખ્યા | ટકા |
| ૧ | ૧૦૦૦ થી ઓછા | ૩૪ | ૩૧.૫ | ૮૩ | ૭૬.૯ | ૭૬ | ૭૦.૪ | ૧૧ | ૧૦.૨ | ૩૭ | ૩૪.૩ | ૨૭ | ૨૫.૦ |
| ૨ | ૧૦૦૧ થી ૨૦૦૦ | ૨૨ | ૨૦.૪ | ૧૧ | ૧૦.૨ | ૨૦ | ૧૮.૫ | ૭ | ૬.૫ | ૦ | ૦.૦ | ૧૬ | ૧૪.૮ |
| ૩ | ૨૦૦૧ થી ૩૦૦૦ | ૧૨ | ૧૧.૧ | ૦ | ૦.૦ | ૪ | ૩.૭ | ૪ | ૩.૭ | ૦ | ૦.૦ | ૧૩ | ૧૨.૦ |
| ૪ | ૩૦૦૧ થી ૪૦૦૦ | ૬ | ૫.૬ | ૦ | ૦.૦ | ૩ | ૨.૮ | ૩ | ૨.૮ | ૦ | ૦.૦ | ૧૬ | ૧૪.૮ |
| ૫ | ૪૦૦૧ થી ૫૦૦૦ | ૧ | ૦.૯ | ૧ | ૦.૯ | ૧ | ૦.૯ | ૦ | ૦.૦ | ૦ | ૦.૦ | ૧૧ | ૧૦.૨ |
| ૬ | ૫૦૦૧ થી ૬૦૦૦ | ૧ | ૦.૯ | ૦ | ૦.૦ | ૦ | ૦.૦ | ૦ | ૦.૦ | ૦ | ૦.૦ | ૪ | ૩.૭ |
| ૭ | ૬૦૦૧ થી ૭૦૦૦ | ૧ | ૦.૯ | ૦ | ૦.૦ | ૦ | ૦.૦ | ૦ | ૦.૦ | ૦ | ૦.૦ | ૪ | ૩.૭ |
| ૮ | ૭૦૦૧ થી ૮૦૦૦ | ૨ | ૧.૯ | ૦ | ૦.૦ | ૦ | ૦.૦ | ૦ | ૦.૦ | ૦ | ૦.૦ | ૩ | ૨.૮ |
| ૯ | ૮૦૦૦ થી ૯૦૦૦ | ૦ | ૦.૦ | ૦ | ૦.૦ | ૦ | ૦.૦ | ૦ | ૦.૦ | ૦ | ૦.૦ | ૨ | ૧.૯ |
| ૧૦ | ૯૦૦૧ થી ૧૦૦૦૦ | ૦ | ૦.૦ | ૦ | ૦.૦ | ૧ | ૦.૯ | ૦ | ૦.૦ | ૦ | ૦.૦ | ૨ | ૧.૯ |
| ૧૧ | ૧૦૦૦૧ થી વધુ | ૩ | ૨.૮ | ૦ | ૦.૦ | ૦ | ૦.૦ | ૦ | ૦.૦ | ૧ | ૦.૯ | ૮ | ૭.૪ |
| ૧૨ | જવાબ મળેલ નથી / ખર્ચ થતુ નથી | ૨૬ | ૨૪.૧ | ૧૩ | ૧૨.૦ | ૩ | ૨.૮ | ૮૩ | ૭૬.૯ | ૭૦ | ૬૪.૮ | ૨ | ૧.૯ |
| | કુલ | ૧૦૮ | ૧૦૦.૦ | ૧૦૮ | ૧૦૦.૦ | ૧૦૮ | ૧૦૦.૦ | ૧૦૮ | ૧૦૦.૦ | ૧૦૮ | ૧૦૦.૦ | ૧૦૮ | ૧૦૦ |

ઉપરોક્ત કોષ્ટક પરથી જાણી શકાય છે કે બરોડિયા જાતિના ૧૦૮ કુટુંબ શિક્ષણ પાછળ ખર્ચ કરે છે. જેમાં સૌથી વધારે ૨૭ કુટુંબો રૂા.૧૦૦૦ થી ઓછા અને સૌથી ઓછા ૨-૨ કુટુંબોમાં રૂા.૮૦૦૦ થી ૯૦૦૦ અને રૂા.૯૦૦૧ થી ૧૦૦૦૦ સુધીનો વાર્ષિક ખર્ચ કરે છે. આ સિવાય ૧૦૦૦૧ થી વધુ વાર્ષિક રૂપિયા શિક્ષણ પાછળ વાપરતા હોય તેવા ૮ કુટુંબો જોવા મળેલ છે. તે સિવાય અન્ય ૨ કુટુંબો જેઓ શિક્ષણ લે છે પણ તેઓએ જવાબ આપેલ નથી કે વાર્ષિક ખર્ચ કેટલો થાય છે. આ સિવાય અન્ય ૧૬-૧૬ કુટુંબો રૂા.૧૦૦૧ થી ૨૦૦૦ અને રૂા.૩૦૦૧ થી ૪૦૦૦, રૂા.૨૦૦૧ થી ૩૦૦૦ માં ૧૩ કુટુંબો, ૧૧ કુટુંબો, રૂા.૪૦૦૧ થી ૫૦૦૦ ૪-૪ કુટુંબો અને રૂા.૫૦૦૧ થી ૬૦૦૦ અને રૂા.૬૦૦૧ થી ૭૦૦૦ તથા ૩ કુટુંબોને રૂા.૭૦૦૧ થી ૮૦૦૦ જેટલો વાર્ષિક ખર્ચ શિક્ષણ પાછળ થાય છે.

કુલ શિક્ષણ પાછળ થતા ખર્ચની અંદર શિક્ષણ ફી, ગણવેશ, પુસ્તકો કે નોટબુક્સ અને શાળા આવનજાવનના ખર્ચનું પ્રમાણ અત્રે દર્શાવ્યું છે તેમાં શિક્ષણ ફી માં કુલ ૧૦૮ કુટુંબોમાંથી સૌથી વધારે ખર્ચ ૩૪ કુટુંબોને રૂા.૧૦૦૦ થી ઓછા ને સૌથી ઓછા ૧-૧ કુટુંબોને રૂા.૪૦૦૧ થી ૫૦૦૦, રૂા.૫૦૦૧ થી ૬૦૦૦, રૂા.૬૦૦૧ થી ૭૦૦૦ ૨ કુટુંબોને રૂા.૭૦૦૧ થી ૮૦૦૦, ૨૨ કુટુંબોને રૂા.૧૦૦૧ થી ૨૦૦૦, ૧૨ કુટુંબોને રૂા.૨૦૦૧ થી ૩૦૦૦, ૬ કુટુંબોને રૂા.૩૦૦૧ થી ૪૦૦૦, ૨ કુટુંબોને રૂા.૭૦૦૧ થી ૮૦૦૦ વાર્ષિક ખર્ચ થાય છે. જ્યારે ૨૬ કુટુંબો પાસેથી જવાબ મળેલ નથી.

ગણવેશ ખર્ચ સંદર્ભે ૧૦૮ કુટુંબોમાંથી સૌથી વધારે ૮૩ કુટુંબોની પાસેથી રૂા.૧૦૦૦ થી ઓછા અને સૌથી ઓછા ૧ કુટુંબને રૂા.૪૦૦૧ થી ૫૦૦૦, ૧૧ કુટુંબને રૂા.૧૦૦૧ થી ૨૦૦૦ ગણવેશ પાછળ વાર્ષિક ખર્ચ થાય છે. આ સિવાય અન્ય ૧૩ કુટુંબો પાસેથી જવાબ મળેલ નથી.

પુસ્તકો અને નોટબુકોનો ખર્ચ સૌથી વધારે ૭૬ કુટુંબોને રૂા.૧૦૦૦ થી ઓછા અને સૌથી ઓછા ૧-૧ કુટુંબોને રૂા.૪૦૦૧ થી ૫૦૦૦ અને રૂા.૯૦૦૧ થી ૧૦૦૦૦ સુધીમાં વાર્ષિક ખર્ચ થાય છે. ૨૦ કુટુંબોને રૂા.૧૦૦૧ થી ૨૦૦૦, ૪ કુટુંબને રૂા.૨૦૦૧ થી ૩૦૦૦, ૩ કુટુંબને રૂા.૩૦૦૧ થી ૪૦૦૦ સુધીનો વાર્ષિક ખર્ચ થાય છે. આ સિવાય અન્ય ૩ કુટુંબોએ જવાબ જ નથી આપેલ. આમ, પુસ્તકો અને નોટબુકોનો વાર્ષિક ખર્ચ જોવા મળેલ છે.

શાળામાં આવન-જાવન માટેના ખર્ચમાં સૌથી વધારે ૧૧ કુટુંબોને રૂા.૧૦૦૦ થી ઓછા અને સૌથી ઓછા ૩ કુટુંબોને રૂા.૩૦૦૧ થી ૪૦૦૦ સુધીનો વાર્ષિક ખર્ચ થાય છે. આ સિવાય ૭ કુટુંબને રૂા.૧૦૦૧ થી ૨૦૦૦, ૪ કુટુંબને રૂા.૨૦૦૧ થી ૩૦૦૦ સુધીનો વાર્ષિક ખર્ચ થાય છે. આ સિવાયના અન્ય ૮૩ કુટુંબોએ જવાબ આપેલ નથી.

શાળાના અન્ય ખર્ચમાં સૌથી વધારે ૩૭ કુટુંબોએ રૂા.૧૦૦૦ થી ઓછા જ્યારે સૌથી ઓછા ૧ કુટુંબે રૂા.૧૦૦૧ થી વધુ વાર્ષિક ખર્ચ કરતો જોવા મળેલ છે. આ સિવાયના અન્ય ૭૦ કુટુંબોએ જવાબ આપેલ નથી.

ટૂંકમાં ૧૦૮ કુટુંબમાંથી સૌથી વધારે ખર્ચ ૮૩ કુટુંબોનો ખર્ચ આવન-જાવન માટે થાય છે.

અભ્યાસ દરમિયાન જોવા મળ્યું કે અમદાવાદ શહેરમાં વસતા બરોડિયા જાતિમાં જે કુટુંબો હાટકેશ્વર, મણિનગર વિસ્તારમાં વસવાટ કરે છે તેવા કુટુંબોની આર્થિક પરિસ્થિતિ ઘણી સારી જોવા મળે છે. સદ્‌ભાવના નગરમાં શાળા કે આંગણવાડીની સુવિધા ન હોવાને કારણે તેઓ બાળકોને ૨ કિ.મી. દૂર આંગણવાડીમાં તથા ખાનગીશાળામાં અભ્યાસ કરાવતા જોવા મળ્યા છે. આથી તેમને શિક્ષણ ફી, આવવા જવા માટે વાહનવ્યવહારનો ખર્ચ વગેરે થાય છે. આમ, સદ્‌ભાવના નગરમાં વસતા બરોડિયા જાતિના લોકોને પોતાના બાળકોને ભણાવવા માટે આ ખર્ચ તો ફરજીયાત કરવો પડે છે.

અભ્યાસ દરમિયાન જોવા મળ્યું કે હાટકેશ્વરમાં રહેતા દત્તારામ લલ્લુભાઈ મોરે યુનિયન બેંકમાં મેનેજર છે. તેઓના બાળકો એમ.બી.એ. અને એમ.બી.બી.એસ.નો અભ્યાસ કરતા જોવા મળ્યા. આથી તેમના શિક્ષણ પાછળનો ખર્ચ અન્ય કુટુંબો કરતા વધુ જોવા મળેલ છે.

**મકાન :**

રહેઠાણ એ મનુષ્યની મૂળભૂત અને પાયાની જરૂરિયાત છે. આથી સરકાર દ્વારા અનુસૂચિત જાતિ, જનજાતિ અને પછાત વર્ગોના લોકોને આ સુવિધા મળે તે માટે આવાસમાં ઈન્દિરા આવાસ, સરદાર આવાસ, હળપતિ આવાસ વગેરે યોજનાઓ અમલમાં મૂકી છે. અમદાવાદ શહેરમાં વસવાટ કરતા બરોડિયા જાતિના કુટુંબો માટે ગુજરાત હાઉસીંગ બોર્ડ દ્વારા ૧૬૬ મકાનો સદ્‌ભાવના નગર, હાથીજણમાં બનાવવામાં આવેલા છે. પ્રસ્તુત અભ્યાસમાં બરોડિયા જનજાતિમાં મકાનોની માલિકી કેટલા લોકો પાસે છે તેની માહિતી નીચેના કોષ્ટકમાં દર્શાવવામાં આવી છે.

| મકાન પોતાની માલિકીનું છે | | | |
|---|---|---|---|
| ક્રમ | વિગત | સંખ્યા | ટકા |
| ૧ | હા | ૧૪૩ | ૬૮.૭૫ |
| ૨ | ના | ૬૫ | ૩૧.૨૫ |
| | કુલ | ૨૦૮ | ૧૦૦.૦૦ |

અમદાવાદ શહેરમાં બરોડિયા જાતિના કુલ ૨૦૮ કુટુંબો વસવાટ કરે છે. જેમાંથી ૧૪૩ કુટુંબો પાસે પોતાની માલિકીનું મકાન છે, જ્યારે બાકીના ૬૫ કુટુંબો પાસે માલિકીનું મકાન નથી.

કુલ ૨૦૮ કુટુંબોમાંથી ૧૦૦ કુટુંબોએ જણાવ્યું હતું કે તેમને ગુજરાત હાઉસીંગ બોર્ડ દ્વારા મકાન મળેલ છે. જ્યારે બાકીના ૧૦૮ કુટુંબોએ જણાવ્યું કે તેમને મકાન મળેલ નથી. જે ૧૦૦ કુટુંબોને મકાન મળેલ છે તેમાંથી હાલમાં ૬૦ કુટુંબો સદ્‌ભાવના નગરમાં વસવાટ કરે છે, જ્યારે બીજા ૪૦ કુટુંબો શહેરમાં વસવાટ કરે છે.

અભ્યાસ દરમિયાન જાણવા મળ્યું કે જે કુટુંબો સદ્‌ભાવના નગરમાં રહેતા નથી તેઓના મતે ત્યાં રોજગારી મળતી નથી. ઉપરાંત શહેરમાં આવવા-જવા માટે વાહનવ્યવહારની પૂરતી સુવિધા નથી તેમજ બાળકોના અભ્યાસ માટે આંગણવાડી અને પ્રાથમિક શાળાનો પણ અભાવ છે. જેના કારણે તેઓ શહેરમાં વસવાટ કરે છે.

ગુજરાત હાઉસીંગ બોર્ડ દ્વારા ૧૬૬ કુટુંબોને મકાન ફાળવવામાં આવેલ છે. જ્યારે અભ્યાસ દરમિયાન ૧૦૦ કુટુંબોએ જણાવ્યું છે કે તેમને મકાનની સહાય મળેલ છે. આ હકીકત જણાવે છે કે લોકોએ પોતાને મળેલ અસ્ક્યામત યોગ્ય રીતે દર્શાવી નથી.

**મકાનોના પ્રકાર :**

અમદાવાદ શહેરમાં બરોડિયાં જાતિ મુખ્યત્વે હાથીજણ, સદ્‌ભાવના નગર, મણિનગર, હાટકેશ્વર, રાયખડ નદીના પટમાં વગેરે વિસ્તારોમાં વસવાટ કરતા જોવા મળે છે. જેમાં સદ્‌ભાવના નગર, હાટકેશ્વર તેમજ મણિનગરમાં વસવાટ કરતા બરોડિયા જાતિના મકાનો મોટેભાગે પાકા જોવા મળ્યા છે. જ્યારે રાયખડ નદીના પટમાં વસતા કુટુંબોના મકાનો કાચા-ઝૂંપડાવાળા જોવા મળ્યા છે.

| મકાન | | | |
|---|---|---|---|
| ક્રમ | વિગત | સંખ્યા | ટકા |
| ૧ | કાચું | ૩૯ | ૧૮.૭૫ |
| ૨ | પાકું | ૧૩૯ | ૬૬.૮૩ |
| ૩ | અર્ધપાકું | ૩૦ | ૧૪.૪૨ |
| | કુલ | ૨૦૮ | ૧૦૦.૦૦ |

બરોડીયા જાતિના કુલ ૨૦૮ કુટુંબોમાંથી સૌથી વધુ પાકા મકાનો ધરાવતા ૧૩૯(૬૬.૮૩%) કુટુંબો જોવા મળ્યા હતા, જ્યારે અર્ધ પાકુ મકાન ધરાવતા ૩૦ અને કાચું મકાન ધરાવતા ૩૯(૧૮.૭૫%) કુટુંબો જોવા મળ્યા હતા. કુલ ૨૦૮ કુટુંબોમાંથી ૧૫૫ કુટુંબો પાકા ધાબાવાળું છાજ ધરાવતા હતા, ૫૨ કુટુંબોના મકાનોમાં છાજ પતરાવાળું તથા ૧ કુટુંબમાં છાજ વિ.નળિયાવાળું જોવા મળ્યા હતા.

**ઓરડા :**

| ઓરડાની સંખ્યા | | | |
|---|---|---|---|
| ક્રમ | સંખ્યા | સંખ્યા | ટકા |
| ૧ | ૧ | ૧૫૬ | ૭૫.૦૦ |
| ૨ | ૨ | ૪૦ | ૧૯.૨૩ |
| ૩ | ૩ | ૧૦ | ૪.૮૧ |
| ૪ | ૪ | ૨ | ૦.૯૬ |
| | કુલ | ૨૦૮ | ૧૦૦.૦૦ |

કુલ ૨૦૮ કુટુંબોમાંથી ૧૫૬ કુટુંબો ૧ ઓરડાવાળા મકાન ધરાવતા હતા, ૪૦ કુટુંબો ૨ ઓરડાવાળા મકાન, ૧૦ કુટુંબો ૩ ઓરડાવાળા અને ૨ કુટુંબો ૪ ઓરડાવાળા મકાન ધરાવતા હતા.

સર્વે દરમિયાન જોવા મળ્યું કે સદ્ભાવના નગરમાં હાઉસીંગ બોર્ડ દ્વારા બનાવવામાં આવેલા મકાનો માત્ર ૧ રૂમવાળા હતા. ઉપરાંત રાયખડ નદીના પટમાં વસવાટ કરતા કુટુંબો પણ ૧ જ રૂમવાળા મકાન ધરાવતા હતા.

**પીવાનું પાણી :**

અમદાવાદની બરોડિયા જાતિ અન્ય આદિવાસી જાતિની જેમ ગામડામાં વસવાટ કરતી ન હોવાથી તેમને ગામડાંની સરખામણીમાં માળખાગત સુવિધાઓ જેવી કે પીવાનું પાણી, વીજળી, વાહનવ્યવહાર વગેરેની સુવિધા સારી જોવા મળે છે.

| પીવાના પાણીની વ્યવસ્થા | | | |
|---|---|---|---|
| ક્રમ | વિગત | સંખ્યા | ટકા |
| ૧ | ઘરે નળ | ૭૩ | ૩૫.૧૦ |
| ૨ | સ્ટેન્ડપોસ્ટ | ૧૦૮ | ૫૧.૯૨ |
| ૩ | હેન્ડપંપ | ૨૭ | ૧૨.૯૮ |
| | કુલ | ૨૦૮ | ૧૦૦.૦૦ |

અભ્યાસમાં આવરી લીધેલ કુલ ૨૦૮ કુટુંબોમાંથી પીવાના પાણી માટેની સુવિધામાં જોઈએ તો ૧૦૮ કુટુંબો સ્ટેન્ડપોસ્ટથી, ૭૩ કુટુંબોના ઘરે નળની સુવિધા જોવા મળી હતી, જ્યારે ૨૭ કુટુંબો હેન્ડપંપ દ્વારા પાણી મેળવતા હતા.

જ્યાં ૬૯ કુટુંબો વસે છે તે સદ્ભાવના નગરમાં પીવાનાં પાણી માટેની વ્યવસ્થામાં બોરવેલ છે. જેની સાથે ટાંકી બનાવાયેલ છે ત્યાંજ સ્ટેન્ડપોસ્ટ પરથી પીવાનું અને વાપરવાનું પાણી સદ્ભાવના નગરમાં વપરાય છે. મુલાકાતો દરમ્યાન જાણવા મળ્યા મુજબ ટાંકીની સફાઈ મહિનામાં એકવાર તેઓ કરાવે છે. ઘરમાં નળની સુવિધા આપવાના ખર્ચને તેઓ પહોંચી શકે તેમ ન હોવાથી તે બની શક્યું નથી.

**વીજ જોડાણ :**

રાજ્યમાં અનુસૂચિત જનજાતિ મુખ્યત્વે રાજ્યની પૂર્વપટ્ટીમાં ૧૨ જિલ્લામાં વસવાટ કરતી જોવા મળે છે. જ્યારે બરોડિયા જાતિ મોટેભાગે શહેરી વિસ્તારમાં વસવાટ કરતી જોવા મળે છે. આથી તેમને માળખાગત સુવિધાઓ જેવી કે પાણી, વીજળી, રોડ, વાહનવ્યવહાર વગેરેની સુવિધાઓ અન્ય આદિવાસી જાતિઓ કરતાં ઘણી સારી મળે છે. પ્રસ્તુત અભ્યાસમાં બરોડિયા જાતિના કેટલા કુટુંબો વીજળીની સુવિધા ધરાવે છે તેની માહિતી મેળવતા નીચે મુજબની પરિસ્થિતિ જોવા મળી હતી.

| વીજ જોડાણ છે | | | |
|---|---|---|---|
| ક્રમ | વિગત | સંખ્યા | ટકા |
| ૧ | હા | ૧૯૦ | ૯૧.૩૫ |
| ૨ | ના | ૧૮ | ૮.૬૫ |
| | કુલ | ૨૦૮ | ૧૦૦.૦૦ |

અભ્યાસમાં આવરેલ ૨૦૮ કુટુંબોમાંથી ૧૯૦(૯૧.૩૫%) કુટુંબો વીજળીની સુવિધા ધરાવતા હતા, જ્યારે માત્ર ૧૮(૮.૬૫%) કુટુંબો આ સુવિધા ધરાવતા ન હતા. સદ્ભાવના નગરમાં વીજળીની સુવિધા બધાને આપવામાં આવી છે તે ઉપરાંત જાહેર સ્ટ્રીટ લાઈટો પણ મુકાઈ છે. પરંતુ સામુહિક લાઈટબીલો ન ભરાતા આ જાહેર લાઈટો બંધ થઈ ચૂકી છે. મ્યુનિસિપાલિટી એરીયા બહાર આવેલ હોવાથી જાહેર લાઈટોનો ખર્ચ સોસાયટીએ ભોગવવાનો હોય છે. આથી હવે તે લાઈટો બંધ છે તેમ મુલાકાત સમયે જણાવવામાં આવ્યું હતું.

**ન્હાવા માટેની વ્યવસ્થા :**

| ન્હાવા માટેની વ્યવસ્થા | | | |
|---|---|---|---|
| ક્રમ | વિગત | સંખ્યા | ટકા |
| ૧ | પાકુ બાથરૂમ | ૯૨ | ૪૪.૨૩ |
| ૨ | કાચુ નાવણિયું | ૧૦૩ | ૪૯.૫૨ |
| ૩ | જાહેર બાથરૂમ | ૧૩ | ૬.૨૫ |
| | કુલ | ૨૦૮ | ૧૦૦.૦૦ |

કુલ ૨૦૮ કુટુંબોમાંથી ૧૦૩ કુટુંબો(૪૯.૫૨%)ના મકાનોમાં ન્હાવાની સુવિધામાં કાચું નાવણિયું, ૯૨ મકાનોમાં પાકું બાથરૂમ જોવા મળ્યું હતું. જ્યારે ૧૩ કુટુંબો ન્હાવા માટે જાહેર બાથરૂમનો ઉપયોગ કરતા જોવા મળ્યા હતા. (સદ્ભાવના નગરમાં અમુક કુટુંબો જાહેર સ્ટેન્ડપોસ્ટનો ન્હાવા માટે ઉપયોગ કરે છે. તેઓએ પણ સ્ટેન્ડપોસ્ટને જાહેર બાથરૂમ ગણાવેલ છે. જે બાબત માહિતી વિશ્લેષણ સમયે ધ્યાનમાં આવી છે. તે અત્રે નજર સમક્ષ રાખવી જરૂરી જણાય છે. તેથી અહીં દર્શાવી છે.)

**જાજરૂ :**

| જાજરૂ | | | |
|---|---|---|---|
| ક્રમ | વિગત | સંખ્યા | ટકા |
| ૧ | ફલશ જાજરૂ | ૧૩૧ | ૬૨.૯૮ |
| ૨ | જાહેર જાજરૂ | ૯ | ૮.૬૫ |
| ૩ | કાચુ જાજરૂ | ૩૫ | ૧૬.૮૩ |
| ૪ | ખુલ્લી જગ્યાનો ઉપયોગ | ૩૩ | ૧૧.૫૪ |
| | કુલ | ૨૦૮ | ૧૦૦.૦૦ |

કુલ ૨૦૮ કુટુંબોમાંથી ૧૩૧(૬૨.૯૮%) કુટુંબોના ફલશ જાજરૂનો ઉપયોગ કરતા હતા, જ્યારે ૩૫ કુટુંબોના મકાનોમાં કાચું જાજરૂ જોવા મળ્યું હતું. ૯ કુટુંબો આ સુવિધા માટે જાહેર જાજરૂનો ઉપયોગ કરતા હતા. જ્યારે ૩૩ કુટુંબો પાસે આ સુવિધાનો અભાવ જોવા મળ્યો હતો એટલે કે વ્યવસ્થા નથી. કાચા બાંધકામવાળા જાજરૂને અત્રે કાચા જાજરૂ તરીકે દર્શાવેલ છે.

રેશનીંગ કાર્ડ :

| તમે રેશનીંગ કાર્ડ ધરાવો છો? | | | |
|---|---|---|---|
| ક્રમ | વિગત | સંખ્યા | ટકા |
| ૧ | હા | ૧૮૬ | ૮૯.૪૨ |
| ૨ | ના | ૨૨ | ૧૦.૫૮ |
| | કુલ | ૨૦૮ | ૧૦૦.૦૦ |

સરકાર દ્વારા ગરીબી રેખા નીચે જીવનારને સસ્તા અનાજની દુકાનમાંથી ઘઉં, તેલ, કેરોસીન વગેરે વસ્તુઓ વ્યાજબી ભાવે મળે તેવી વ્યવસ્થા ગોઠવેલ છે. આ માટે રેશનકાર્ડ હોવું જરુરી છે. અભ્યાસ દરમિયાન જાણવા મળ્યું કે હાથીજણ સદ્ભાવના નગરમાં સસ્તા અનાજની દુકાન આવેલી નથી. ઉપરાંત તેઓને જ્યારે અહીં હાઉસીંગ બોર્ડ તરફથી મકાનની ફાળવણી કરવામાં આવી ત્યારે તેઓ શહેરમાં જુદા જુદા વિસ્તારોના હતા, આથી તેઓના રેશનકાર્ડ જે-તે વિસ્તારના હતા અને સદ્ભાવના નગરમાં સસ્તા અનાજની દુકાન ન હોવાથી કાર્ડ ક્યાં બદલી કરાવવી તે પ્રશ્ન ઉપસ્થિત થયો હતો, ત્યારબાદ અમુક કુટુંબોનો રેશનીંગ કાર્ડ બદલવાનો પ્રશ્ન ઘણો લાંબો સમય વણઉકેલાયેલ પડી રહ્યો અને સમય જતા તે પર ખાસ કોઈએ ધ્યાન નથી આપ્યું તેમ બન્યું છે. આવું ક્ષેત્રકાર્ય દરમ્યાન અમોને જાણવા મળ્યું હતું. સર્વેમાં આવરેલ ૨૦૮ કુટુંબોમાંથી ૧૮૬(૮૯.૪૨%) કુટુંબો રેશનીંગ કાર્ડ ધરાવતા હતા, જ્યારે ૨૨ કુટુંબો રેશનીંગ કાર્ડ ધરાવતા ન હતા.

અભ્યાસમાં સમાવિષ્ટ ૨૦૮ કુટુંબોમાંથી ૧૫૮ કુટુંબો એ.પી.એલ. હતા, જ્યારે માત્ર ૫૦(૨૪.૦૪%) કુટુંબો બી.પી.એલ. જોવા મળ્યા હતા.

જે ૧૮૬ કુટુંબો રેશનીંગ કાર્ડ ધરાવે છે તેમાંથી ૧૦૦ કુટુંબોને રેશનીંગની દુકાનનો લાભ મળે છે. જ્યારે ૮૬ કુટુંબોને લાભ મળતો નથી અથવા તેઓ વસ્તુઓ લેવા જતા નથી. વસ્તુઓ લેવા ન જવા પાછળનું તેઓનું મુખ્ય કારણ એ છે કે જ્યારે તેમને હાથીજણ સદ્ભાવના નગરમાં મકાનની ફાળવણી કરવામાં આવી ત્યારે તેમના કાર્ડ જૂના વિસ્તાર પ્રમાણે રાખવામાં આવ્યા. આથી તેમને બીજા વિસ્તાર અથવા બીજી દુકાનમાંથી રેશનીંગની વસ્તુઓ મળતી નથી. ઉપરાંત સદ્ભાવના નગરથી તેમને ફાળવવામાં આવેલ દુકાનો શહેરની અંદર હોવાથી આવવા-જવા માટેની મુશ્કેલી ઉભી થતી હોવાથી ઘણી વખત તેઓ સસ્તા અનાજની દુકાનમાં વસ્તુઓ લેવા જતા નથી.

જે કુટુંબો સસ્તા અનાજની દુકાનમાંથી વસ્તુઓ લાવે છે તેમાં ખાંડ, અનાજ, તેલ અને કેરોસીન છે.

રાંધવા માટે કયા બળતણનો ઉપયોગ :

| રાંધવા માટે કયા બળતણનો ઉપયોગ કરો છો | | | |
|---|---|---|---|
| ક્રમ | વિગત | સંખ્યા | ટકા |
| ૧ | એલ.પી.જી. | ૧૨૮ | ૬૧.૫૪ |
| ૨ | ઇલેક્ટ્રીસિટી | ૩ | ૧.૪૪ |
| ૩ | કેરોસીન | ૭૨ | ૩૪.૬૨ |
| ૪ | લાકડા | ૪ | ૧.૯૨ |
| ૫ | અન્ય | ૧ | ૦.૪૮ |
| | કુલ | ૨૦૮ | ૧૦૦.૦૦ |

*અભ્યાસ દરમિયાન જાણવા મળ્યું કે રાંધવા માટે કુલ ૨૦૮ કુટુંબોમાંથી ૧૨૮ કુટુંબો એલ.પી.જી. કનેક્શન ધરાવે છે. કેરોસીનનો ઉપયોગ કરતા હોય તેવા ૭૨, ઈલેક્ટ્રીક સગડીનો ઉપયોગ કરતા હોય તેવા ૩ કુટુંબો અને રાંધવા માટે લાકડાનો બળતણનો ઉપયોગ કરતા હોય તેવા ૪ કુટુંબો જોવા મળ્યા હતા.*

*આમ, આ પરથી જોઈ શકાય છે કે બીજી આદિવાસી જાતિઓ જે ગ્રામ્ય વિસ્તારોમાં રહે છે તેમની પાસે બળતણના અન્ય સુલભ સ્રોતો હોય છે. જ્યારે નગરીય સમુદાયમાં વસતિ જાતિ પાસે કુદરતમાંથી બળતણ મેળવવાનો સ્રોત લગભગ બંધ છે. આથી તેઓએ અન્ય સ્રોતો વાપરવા પડે છે. જે હકીકત અહીં દેખાય છે, પરંતુ ક્ષેત્રકાર્યમાં સ્પષ્ટ દેખાયું છે કે મોટાભાગના કુટુંબો કોઈ એક જ સ્રોતનો ઉપયોગ કરે છે તેવું નથી, એલ.પી.જી.નો ઉપયોગ તો મોટાભાગે ફક્ત રસોઈ પૂરતો મર્યાદિત અને તે પણ અન્ય સ્રોતો ઉપલબ્ધ ન હોય ત્યારે રસોઈ સિવાયના અન્ય બધા જ કામો માટે પ્રાયમસ અને ચૂલાનો ઉપયોગ જોવા મળતો હતો.*

**વ્યવસાય :**

અમદાવાદમાં વસતા બરોડિયા સમાજની કુલ ૯૦૩ વસતિમાં ૦ થી ૬ વર્ષના અભ્યાસ નહીં કરતાં બાળકો ૪૭(૫.૨૦%) છે. જ્યારે અભ્યાસ કરતા બાળકો ૨૧૦(૨૩.૨૬%) જોવા મળે છે. તેમાં ૪૪૭(૪૯.૫૦%) વ્યક્તિઓ વ્યવસાય કરતી જોવા મળે છે અને કામ નહિ કરનાર વ્યક્તિઓ ૧૯૯(૨૨.૦૪%) જોવા મળેલ છે.

| | વિગત | સંખ્યા | ટકા |
|---|---|---|---|
| ૧ | અભ્યાસ નહી કરતા નાના બાળકો | ૪૭ | ૫.૨૦ |
| ૨ | અભ્યાસ કરતા બાળકો | ૨૧૦ | ૨૩.૨૬ |
| ૩ | વ્યવસાય કરતી વ્યકિતઓ | ૪૪૭ | ૪૯.૫૦ |
| ૪ | કામ નહિ કરનાર વ્યકિતઓ | ૧૯૯ | ૨૨.૦૪ |
| | કુલ | ૯૦૩ | ૧૦૦ |

**મુખ્ય વ્યવસાય :**

અમદાવાદમાં વસતા બરોડિયા સમાજની કુલ ૯૦૩ ની વસતિમાં ૪૪૭ વ્યક્તિઓ કુટુંબ માટે કમાય છે અને તેમની કમાણી ઘરમાં અગત્યતા ધરાવે છે. દરેક કુટુંબમાંથી ૨ કરતા વધારે વ્યક્તિઓ કમાય છે. આ વિગત દર્શાવે છે કે શ્રમિક કુટુંબોમાં કોઈ એક વ્યક્તિની કમાણી પર સમગ્ર કુટુંબનો વ્યવહાર ચલાવવો અતિ કઠીન છે. અત્રે કામ કરનાર વ્યક્તિઓના વ્યવસાયની વિગત દર્શાવી છે. જે બરોડિયા સમાજમાં વ્યાપ્ત "Types of Work" દર્શાવે છે.

| મુખ્ય વ્યવસાય | | | |
|---|---|---|---|
| ક્રમ | | સંખ્યા | ટકા |
| ૧ | છૂટક મજૂરી | ૧૧૨ | ૨૫.૦૬ |
| ૨ | કાપડની મીલમાં | ૨ | ૦.૪૫ |
| ૩ | ઘરકામ (બીજાના ઘરે) | ૪૧ | ૯.૧૭ |
| ૪ | નોકરી | ૬૬ | ૧૪.૭૭ |
| ૫ | સરકારી નોકરી | ૧૦ | ૨.૨૪ |
| ૬ | પ્રેસકામ | ૬૭ | ૧૪.૯૯ |
| ૭ | હિરા ઘસવા | ૩ | ૦.૬૭ |
| ૮ | ડ્રાયવીંગ | ૧૯ | ૪.૨૫ |
| ૯ | ટયુશન | ૧ | ૦.૨૨ |
| ૧૦ | ગૃહઉદ્યોગ | ૧૦ | ૨.૨૪ |
| ૧૧ | લેથ મશીન / વેલ્ડીંગ | ૯ | ૨.૦૧ |
| ૧૨ | ફર્નિચર | ૧ | ૦.૨૨ |
| ૧૩ | ગેરેજ | ૩ | ૦.૬૭ |
| ૧૪ | ગારમેન્ટ | ૭ | ૧.૫૭ |
| ૧૫ | સીવણ | ૮ | ૧.૭૯ |
| ૧૬ | દુકાન | ૯ | ૨.૦૧ |
| ૧૭ | ઈલેકટ્રોનિકસ | ૧ | ૦.૨૨ |
| ૧૮ | વાંસકામ | ૭૮ | ૧૭.૪૫ |
| કુલ | | ૪૪૭ | ૧૦૦.૦૦ |

બરોડિયા જાતિના જેઓ અમદાવાદ શહેરમાં વસે છે તેઓમાં સૌથી વધુ વ્યક્તિઓનો મુખ્ય વ્યવસાય છૂટક મજૂરી છે તેવા ૧૧૨(૨૫.૦૬%), જ્યારે સૌથી ઓછા વ્યક્તિઓ જેમાં ટ્યુશન કરાવતા હોય તેવા ૧(૦.૨૨%), ફર્નિચરની કામગીરી કરતા હોય તેવા ૧(૦.૨૨%) અને ઈલેક્ટ્રોનિકના વ્યવસાય સાથે સંકળાયેલા હોય તેવા ૧(૦.૨૨%) વ્યક્તિઓ જોવા મળે છે. આ સિવાય અન્ય જેઓ કાપડની મિલમાં હોય તેવા ૨ વ્યક્તિઓ(૦.૪૫%), ઘરકામ કરતા હોય તેવા ૪૧ વ્યક્તિઓ(૯.૧૭%), નોકરી કરતા હોય તેવા ૬૬ વ્યક્તિઓ (૧૪.૭૭%), સરકારી નોકરી કરતા હોય તેવા ૧૦ વ્યક્તિઓ(૨.૨૪%), પ્રેસકામ કરતા હોય તેવા ૬૭ વ્યક્તિઓ(૧૪.૯૯%), હિરા ઘસવા જતા હોય તેવા ૩ વ્યક્તિઓ(૦.૬૭%), ડ્રાયવીંગ કરતા હોય તેવા ૧૯

વ્યક્તિઓ(૪.૨૫%), ગૃહઉદ્યોગ કરતા હોય તેવા ૧૦ વ્યક્તિઓ(૨.૨૪%), લેથ મશીન અને વેલ્ડીંગ સાથે જોડાયેલા હોય તેવા ૯ વ્યક્તિઓ(૨.૦૧%), ગેરેજમાં કામ કરતા હોય તેવા ૩ વ્યક્તિઓ(૦.૬૭%), ગારમેન્ટ સાથે સંકળાયેલા હોય તેવા ૭ વ્યક્તિઓ(૧.૫૭%), સીવણ કરતા હોય તેવા ૮ વ્યક્તિઓ(૧.૭૯%), દુકાન સાથે સંકળાયેલા હોય તેવા ૯ વ્યક્તિઓ(૨.૦૧%) અને વાંસકામ સાથે સંકળાયેલ હોય તેવા ૭૮(૧૭.૪૫%) વ્યક્તિઓ મુખ્ય વ્યવસાય કરતા જોવા મળે છે.

**ગૌણ વ્યવસાય :**

શ્રમિક સમાજોમાં ફક્ત એક જ વ્યવસાયથી કુટુંબનું પાલનપોષણ શક્ય નથી બનતુ હોતું ત્યારે, અન્ય વ્યવસાય પણ કરવાની ફરજ પડે છે, અત્રે બહુ જૂજ લોકો અન્ય વ્યવસાય પણ કરે છે તેમ દર્શાવેલ છે. પ્રસ્તુત અભ્યાસમાં ગૌણ વ્યવસાય કરતાં ૮ વ્યક્તિઓ જોવા મળ્યા હતા. જેમાં ૨ વ્યક્તિઓ(૦.૪૫%) વાંસકામ સાથે સંકળાયેલા છે. જ્યારે છૂટકમજૂરીમાં ૧(૦.૨૨%), (બીજાના ઘરે) ઘરકામમાં ૧(૦.૨૨%), ઈલેક્ટ્રોનિક્સમાં ૧(૦.૨૨%) અને સુથારીકામમાં ૧(૦.૨૨%) વ્યક્તિ સંકળાયેલા છે. જ્યારે આ સિવાય પ્રેસકામ સાથે જોડાયેલા હોય તેવા ૨(૦.૪૫%) વ્યક્તિઓ જોવા મળેલ છે.

દૈનિક આવક :

કુટુંબની આર્થિક પરિસ્થિતિ પર અસર કરતું મહત્ત્વનું પરિબળ આવક છે. વ્યક્તિ કેટલી આવક મેળવે છે. તેના ઉપર તેની આર્થિક સ્થિતિનો ખ્યાલ આવે છે. બરોડિયા જનજાતિમાં મોટાભાગના કુટુંબોમાં લોકો મજૂરી પર ગુજરાન કરતા જોવા મળ્યા હતા. આથી તેમની દૈનિક આવક કેટલી છે તેની માહિતી મેળવતા નીચે મુજબની વિગતો પ્રાપ્ત થઈ હતી.

| કામ કરતી વ્યકિતની દૈનિક આવક | | | |
|---|---|---|---|
| ક્રમ | વિગત | સંખ્યા | ટકા |
| ૧ | ૫૦ થી નીચે | ૧૭૯ | ૪૦.૦૪ |
| ૨ | ૫૧ થી ૧૦૦ | ૨૨૨ | ૪૯.૬૬ |
| ૩ | ૧૦૧ થી ૧૫૦ | ૨૭ | ૬.૦૪ |
| ૪ | ૧૫૧ થી ૨૦૦ | ૧૦ | ૨.૨૪ |
| ૫ | ૨૦૧ થી ૨૫૦ | ૧ | ૦.૨૨ |
| ૬ | ૨૫૧ થી ૩૦૦ | ૧ | ૦.૨૨ |
| ૭ | ૩૦૧ થી ૩૫૦ | ૩ | ૦.૬૭ |
| ૮ | ૩૫૧ થી ૪૦૦ | ૧ | ૦.૨૨ |
| ૯ | ૪૦૧ થી ૪૫૦ | ૨ | ૦.૪૫ |
| ૧૦ | ૫૦૧ થી વધુ | ૧ | ૦.૨૨ |
| કુલ | | ૪૪૭ | ૧૦૦.૦૦ |

કુટુંબમાં કુલ ૪૪૭ વ્યક્તિઓ મુખ્ય વ્યવસાય સાથે સંકળાયેલા છે જેમાંથી ૮ વ્યક્તિઓ મુખ્ય વ્યવસાય સાથે ગૌણ વ્યવસાય પણ કરતા જોવા મળ્યા હતા. મુખ્ય વ્યવસાય સાથે સંકળાયેલા ૪૪૭ વ્યક્તિઓની દૈનિક આવકમાં સૌથી વધારે રૂા.૫૧ થી ૧૦૦ ની આવક ધરાવતા હોય તેવા ૨૨૨ વ્યક્તિઓ છે, જ્યારે રૂા.૨૦૧ થી ૨૫૦, રૂા.૨૫૧ થી ૩૦૦, રૂા.૩૫૧ થી ૪૦૦ અને રૂા.૫૦૧ થી વધુ આવક ધરાવતા હોય તેવા માત્ર ૧-૧ વ્યક્તિઓ જોવા મળે છે. આ સિવાય રૂા.૫૦ થી નીચે દૈનિક આવક ધરાવતા હોય તેવા ૧૭૯ વ્યક્તિઓ જોવા મળે છે, રૂા.૧૦૧ થી ૧૫૦ દૈનિક આવક ધરાવતા હોય તેવા
૨૭ વ્યક્તિઓ, રૂા.૧૫૧ થી ૨૦૦ હોય તેવા ૧૦ વ્યક્તિઓ, રૂા.૩૦૧ થી ૩૫૦ હોય તેવા ૩ વ્યક્તિઓ અને રૂા.૪૦૧ થી ૪૫૦ હોય તેવા ૨ વ્યક્તિઓ જોવા મળેલ છે.

૧૦૦ થી ઓછી આવક મેળવનાર કુલ ૪૦૧ વ્યક્તિઓ જે મુખ્ય કામ કરનાર કુલ ૪૪૭ વ્યક્તિઓ છે તેના ૮૯.૭૧% છે. આ આવકનું પ્રમાણ દર્શાવે છે કે માસિક રૂા.૩૦૦૦ કરતા ઓછી આવકવાળા ૯૦% જેટલા બરોડિયા શહેરના વિસ્તારોમાં અને સદ્ભાવના નગરમાં અત્યંત નીચી આવક સાથે જીવન વ્યતીત કરે છે.

## સરેરાશ રોજગારીના દિવસો(મહિનામાં) :

અમદાવાદમાં વસવાટ કરતા બરોડિયા જાતિ મુખ્યત્વે પ્રેસકામમાં કામ કરતા જોવા મળ્યા છે. પ્રેસમાં ઓર્ડર હોય તેટલા જ દિવસ કામ મળે છે. જ્યારે બાકીના દિવસોમાં તેઓ બેકાર રહે છે. કારણ કે તેમની પાસે બીજો કોઈ વ્યવસાય કે આવડત નથી. આથી પ્રસ્તુત અભ્યાસમાં આ જાતિના લોકોને મહિનામાં કેટલા દિવસ કામ મળે છે તેની માહિતી મેળવતા નીચે મુજબની વિગતો પ્રાપ્ત થઈ હતી.

સરેરાશ રોજગારીના દિવસો (મહિનાના)

| ક્રમ | વિગત | સંખ્યા | ટકા |
|---|---|---|---|
| ૧ | ૫ થી નીચે | ૧ | ૦.૨૨ |
| ૨ | ૬ થી ૧૦ | ૭ | ૧.૫૭ |
| ૩ | ૧૧ થી ૧૫ | ૪૨ | ૯.૪૦ |
| ૪ | ૧૬ થી ૨૦ | ૮૪ | ૧૮.૭૯ |
| ૫ | ૨૧ થી ૨૫ | ૭૭ | ૧૭.૨૩ |
| ૬ | ૨૬ થી વધુ | ૨૩૬ | ૫૨.૮૦ |
| | કુલ | ૪૪૭ | ૧૦૦.૦૦ |

વ્યક્તિને મહિનામાં રોજગારી ૨૬ દિવસથી વધુ મળે એવા ૨૩૬ વ્યક્તિઓ જોવા મળ્યા અને સૌથી ઓછી એટલે કે મહિનામાં ૫ જ દિવસ જ દૈનિક રોજગારી મળી હોય તેવી ૧ વ્યક્તિ જોવા મળેલ છે. આ સિવાય ૬ થી ૧૦ દિવસ દૈનિક રોજગારી મળી હોય તેવા ૭ વ્યક્તિઓ, ૧૧ થી ૧૫ દિવસ દૈનિક રોજગારી મળી હોય તેવા ૪૨ વ્યક્તિઓ, ૧૬ થી ૨૦ દિવસ દૈનિક રોજગારી મળી હોય તેવા ૮૪ વ્યક્તિઓ અને ૨૧ થી ૨૫ દિવસ દૈનિક રોજગારી મળી હોય તેવા ૭૭ વ્યક્તિઓ જોવા મળેલ છે.

ઉપરોક્ત અંકો પરથી સ્પષ્ટ થાય છે કે ૩૦% જેટલા કામ ઈચ્છતા લોકોને મહિનાના પુરા દિવસો કામ મળતું નથી અને બેકારીનો ભોગ બનવું પડે છે. આ લોકોને પૂરતા દિવસો કામ મળે તો ઘણા આર્થિક પ્રશ્નોનો હલ થઈ શકે તેમ સ્પષ્ટ દેખાય છે.

**ઘરવખરીના સાધનો :**

કોઈપણ કુટુંબ પાસે ઘરવખરીમાં કેટલા અને કયા સાધનો છે તે કુટુંબની આર્થિક પરિસ્થિતિ પર અસર કરે છે. બરોડિયા જાતિની આર્થિક પરિસ્થિતિ એકંદરે સારી જોવા મળતી નથી. આથી તેમના ઘરમાં ઘરવખરીના સાધનોમાં વાસણો, ખાટલા, પલંગ, ઘડિયાળ, ટેપ, ગેસ વગેરે જોવા મળ્યા હતા. જ્યારે કેટલાક કુટુંબો પાસે ટુ-વ્હીલર પણ જોવા મળ્યા હતા. અમદાવાદ શહેરમાં વસતા બરોડિયા કુટુંબો પાસે કેટલી કિંમતની ઘરવખરી છે તેની માહિતી નીચે મુજબ જોઈ શકાય છે.

| ઘરવખરીના સાધનો | | | |
|---|---|---|---|
| ક્રમ | વિગત (રૂા.) | સંખ્યા | ટકા |
| ૧ | ૫૦૦૦ થી નીચે | ૫૨ | ૨૫.૦૦ |
| ૨ | ૫૦૦૧ થી ૧૫૦૦૦ | ૭૨ | ૩૪.૬૨ |
| ૩ | ૧૫૦૦૧ થી ૨૫૦૦૦ | ૫૧ | ૨૪.૫૨ |
| ૪ | ૨૫૦૦૧ થી ૩૫૦૦૦ | ૧૦ | ૪.૮૧ |
| ૫ | ૩૫૦૦૧ થી ૪૫૦૦૦ | ૪ | ૧.૯૨ |
| ૬ | ૪૫૦૦૧ થી ૫૫૦૦૦ | ૫ | ૨.૪૦ |
| ૭ | ૫૫૦૦૧ થી ૬૫૦૦૦ | ૨ | ૦.૯૬ |
| ૮ | ૬૫૦૦૧ થી વધુ | ૧૨ | ૫.૭૭ |
| કુલ | | ૨૦૮ | ૧૦૦.૦૦ |

અભ્યાસમાં ૨૦૮ કુટુંબોમાંથી સૌથી વધારે ૭૨ કુટુંબો પાસે રૂા.૫૦૦૧ થી ૧૫૦૦૦ ની કિંમતના ઘરવખરીના સાધનો છે અને સૌથી ઓછા એવા ૨ કુટુંબો પાસે, રૂા.૫૫૦૦૧ થી ૬૫૦૦૦ સુધીની કિંમતના ઘરવખરીના સાધનો જોવા મળે છે. જ્યારે આ સિવાય અન્ય કિંમતની દષ્ટિએ જોઈએ તો રૂા.૫૦૦૦ થી નીચેની કિંમતના ઘરવખરીના સાધનો ધરાવતા હોય તેવા ૫૨ કુટુંબો અને રૂા.૬૫૦૦૧ થી વધુ કિંમતના ઘરવખરીના સાધનો ધરાવતા હોય તેવા કુલ ૧૨ કુટુંબો જોવા મળેલ છે. આ સિવાયના અન્ય રૂા.૧૫૦૦૧ થી ૨૫૦૦૦ માં ૫૧, રૂા.૨૫૦૦૧ થી ૩૫૦૦૦ માં ૧૦, રૂા.૩૫૦૦૧ થી ૪૫૦૦૦ માં ૪ અને રૂા.૪૫૦૦૧ થી ૫૫૦૦૦ ની કિંમત સુધીમાં ઘરવખરીના સાધનો ધરાવતા હોય તેવા ૫ કુટુંબો જોવા મળેલ છે.

આમ કહી શકાય કે પ્રમાણમાં ઘરવખરીના સાધનો ઘણાં ઘરોમાં પૂરતા છે. પરંતુ હજુ એવો વર્ગ પણ છે જેની પરિસ્થિતિ દયનીય છે. તેમાં રાયપુર નદીના પટમાં રહેતા બરોડિયાઓનો સમાવેશ થાય છે, આ ઝૂંપડપટ્ટીમાં રહેતી આ વ્યક્તિઓની પરિસ્થિતિ અન્યોના પ્રમાણમાં ઘણી દારૂણ જોવા મળી હતી.

**જંગમ અસ્ક્યામતો :**

અભ્યાસમાં આવરેલ કુલ ૨૦૮ કુટુંબોમાંથી ૧૦૦ કુટુંબોની અસ્ક્યામતો એટલે કે સોના-ચાંદીના દાગીના, બેંક બેલેન્સ વગેરે ધરાવતા હતા. આ કુટુંબો કેટલા રૂપિયા સુધીની અસ્ક્યામતો ધરાવે છે.

| અન્ય અસ્કયામતો | | | |
|---|---|---|---|
| ક્રમ | વિગત (રૂા.) | સંખ્યા | ટકા |
| ૧ | જવાબ નથી મળેલ –/અસ્કયામત નથી | ૧૦૮ | ૫૧.૯૨ |
| ૨ | ૧૦૦૦ થી નીચે | ૧૮ | ૮.૬૫ |
| ૩ | ૧૦૦૧ થી ૨૦૦૦ | ૧૭ | ૮.૧૭ |
| ૪ | ૨૦૦૧ થી ૩૦૦૦ | ૧૭ | ૮.૧૭ |
| ૫ | ૩૦૦૧ થી ૪૦૦૦ | ૬ | ૨.૮૮ |
| ૬ | ૪૦૦૧ થી ૫૦૦૦ | ૧૭ | ૮.૧૭ |
| ૭ | ૫૦૦૧ થી ૬૦૦૦ | ૩ | ૧.૪૪ |
| ૮ | ૬૦૦૧ થી ૭૦૦૦ | ૩ | ૧.૪૪ |
| ૯ | ૭૦૦૧ થી ૮૦૦૦ | ૨ | ૦.૯૬ |
| ૧૦ | ૮૦૦૧ થી ૯૦૦૦ | ૧ | ૦.૪૮ |
| ૧૧ | ૯૦૦૧ થી ૧૦૦૦૦ | ૭ | ૩.૩૭ |
| ૧૨ | ૧૦૦૦૧ થી વધુ | ૯ | ૪.૩૩ |
| કુલ | | ૨૦૮ | ૧૦૦.૦૦ |

અસ્ક્યામતો જેમકે દાગીના, શેર અને અનામતો, લેણું, બેંક બેલેન્સ વગેરેમાં સૌથી વધારે ૧૦૮ કુટુંબો પાસેથી જવાબ મળેલ નથી અને તેઓ પાસે અસ્ક્યામતો નથી તેવું દર્શાવનારની સંખ્યા છે. જ્યારે સૌથી ઓછા ૧ કુટુંબ પાસે રૂા.૮૦૦૧ થી ૯૦૦૦ સુધીની અસ્ક્યામતો દર્શાવી છે. અન્ય રૂા.૧૦૦૦ થી નીચેમાં ૧૮ અને રૂા.૧૦૦૦૧ થી વધુ અસ્ક્યામતો દર્શાવી હોય તેવા ૯ કુટુંબો જોવા મળેલ છે. આ સિવાય રૂા.૧૦૦૧ થી ૨૦૦૦, રૂા.૨૦૦૧ થી ૩૦૦૦, રૂા.૪૦૦૧ થી ૫૦૦૦ સુધીની કિંમતમાં ૧૭-૧૭ કુટુંબો પાસે અસ્ક્યામતો છે તેવી વિગત મળેલ છે. રૂા.૩૦૦૧ થી ૪૦૦૦ માં ૬, રૂા.૫૦૦૧ થી ૬૦૦૦ અને રૂા.૬૦૦૧ થી ૭૦૦૦ માં ૩-૩, રૂા.૭૦૦૧ થી ૮૦૦૦ માં ૨ અને રૂા.૯૦૦૧ થી ૧૦૦૦૦ સુધીની કિંમતમાં ૭ કુટુંબો પાસેથી જવાબ મેળવેલ છે.

ટૂંકમાં ૫૦ ટકાથી પણ ઓછા કુટુંબો પાસે અસ્ક્યામત જોવા મળેલ છે. તેમાં પણ અસ્ક્યામતો વધારેમાં વધારે રૂા.૧૦૦૦૧ થી વધુ ૯ કુટુંબ જ જોવા મળેલ છે. બીજું તેમ પણ જોવા મળ્યું છે કે ૫૦% થી વધારે કુટુંબો પાંસે બેંક એકાઉન્ટ જ નથી અને છે તો તેનો ઉપયોગ જ કરેલો નથી.

માસિક ખર્ચ :

અભ્યાસમાં બરોડિયા જાતિમાં કુટુંબના માસિક ખર્ચમાં ખોરાક, કપડાં, શિક્ષણ, મુસાફરી ખર્ચ, લાઈટ બીલ વગેરેનો સમાવેશ કરવામાં આવ્યો છે. બરોડિયા જાતિ મુખ્યત્વે મજૂરી પર જીવન ગુજરાન કરતી જોવા મળે છે. આથી તેમની આવક પણ ઓછી જોવા મળે છે. જેથી તેમનો ખર્ચ પણ ઓછો જોવા મળે છે. અભ્યાસક્ષેત્રમાં આવરેલ કુટુંબોમાં માસિક ખર્ચ કેટલો થાય છે તેની માહિતી એકત્રિત કરવામાં આવી હતી.

| કૌટુંબિક માસિક ખર્ચ | | | |
|---|---|---|---|
| ક્રમ | વિગત (રૂા.) | સંખ્યા | ટકા |
| ૧ | ૧૦૦૦ થી નીચે | ૪ | ૧.૯૨ |
| ૨ | ૧૦૦૧ થી ૨૦૦૦ | ૨૩ | ૧૧.૦૬ |
| ૩ | ૨૦૦૧ થી ૩૦૦૦ | ૪૮ | ૨૩.૦૮ |
| ૪ | ૩૦૦૧ થી ૪૦૦૦ | ૪૬ | ૨૨.૧૨ |
| ૫ | ૪૦૦૧ થી ૫૦૦૦ | ૩૬ | ૧૭.૩૧ |
| ૬ | ૫૦૦૧ થી ૬૦૦૦ | ૨૨ | ૧૦.૫૮ |
| ૭ | ૬૦૦૧ થી ૭૦૦૦ | ૮ | ૩.૮૫ |
| ૮ | ૭૦૦૧ થી ૮૦૦૦ | ૪ | ૧.૯૨ |
| ૯ | ૮૦૦૧ થી ૯૦૦૦ | ૬ | ૨.૮૮ |
| ૧૦ | ૯૦૦૧ થી વધુ | ૧૧ | ૫.૨૯ |
| કુલ | | ૨૦૮ | ૧૦૦.૦૦ |

બરોડિયા જાતિના કુલ ૨૦૮ કુટુંબોમાંથી સૌથી વધારે ૪૮ કુટુંબોનો માસિક ખર્ચ રૂા.૨૦૦૧ થી ૩૦૦૦ માં છે. આ સિવાય સૌથી ઓછા રૂા.૧૦૦૦ થી નીચે અને રૂા.૭૦૦૧ થી ૮૦૦૦ માસિક ખર્ચ ધરાવતા ૪-૪ કુટુંબો છે. આ સિવાય અન્ય રૂા.૧૦૦૧ થી ૨૦૦૦ માસિક ખર્ચ ધરાવતા ૨૩, રૂા.૩૦૦૧ થી ૪૦૦૦ માસિક ખર્ચ ધરાવતા ૪૬, રૂા.૪૦૦૧ થી ૫૦૦૦ માસિક ખર્ચ ધરાવતા ૩૬, રૂા.૫૦૦૧ થી ૬૦૦૦ માસિક ખર્ચ ધરાવતા ૨૨, રૂા.૬૦૦૧ થી ૭૦૦૦ માસિક ખર્ચ ધરાવતા ૮, રૂા.૮૦૦૧ થી ૯૦૦૦ માસિક ખર્ચ ધરાવતા ૬ અને રૂા.૯૦૦૧ થી વધુ માસિક ખર્ચ ધરાવતા ૧૧ કુટુંબો જોવા મળ્યા છે.

ટૂંકમાં, કુલ કુટુંબોમાંથી સૌથી વધારે જે ૪૮ કુટુંબો રૂા.૨૦૦૧ થી ૩૦૦૦ નો માસિક ખર્ચ ધરાવે છે તે ખૂબ ઓછો કહેવાય. આજના મોંઘવારીના જમાનામાં આ સિવાય તેમની પાસે અન્ય કોઈ પ્રકારની આવકના સ્ત્રોત નથી અને જે વધારે આવક ધરાવે તેવા ૧૧ કુટુંબ છે. જેની આવક રૂા.૯૦૦૧ થી વધુ. તે પણ ગુજરાન ચલાવવા માટે ખૂબ જ ઓછી કહેવાય.

**પ્રસંગોપાત થતા ખર્ચ :**

દરેક સમાજના લોકો સામાજિક-ધાર્મિક પ્રસંગોમાં ખર્ચ કરતા હોય છે. અભ્યાસક્ષેત્રમાં આવરેલ બરોડિયા જાતિમાં પ્રસંગોપાત થતા ખર્ચમાં મ્યુનિસિપલ ટેક્ષ, તહેવારમાં, દવા પાછળ, સામાજીક-ધાર્મિક પ્રસંગે, ઘર રીપેરીંગ તથા મહેમાનો પાછળ કરવામાં આવતા ખર્ચની વિગતો મેળવવામાં આવી છે.

| પ્રસંગોપાત થતા ખર્ચની વિગત (છેલ્લા વર્ષમાં થયેલ ખર્ચ) | | | |
|---|---|---|---|
| ક્રમ | વિગત (રૂા.) | સંખ્યા | ટકા |
| ૧ | ૧૦૦૦ થી નીચે | ૧૭ | ૮.૧૭ |
| ૨ | ૧૦૦૧ થી ૨૦૦૦ | ૩૭ | ૧૭.૭૯ |
| ૩ | ૨૦૦૧ થી ૩૦૦૦ | ૪૨ | ૨૦.૧૯ |
| ૪ | ૩૦૦૧ થી ૪૦૦૦ | ૩૮ | ૧૮.૨૭ |
| ૫ | ૪૦૦૧ થી ૫૦૦૦ | ૨૬ | ૧૨.૦૨ |
| ૬ | ૫૦૦૧ થી ૬૦૦૦ | ૧૨ | ૫.૭૭ |
| ૭ | ૬૦૦૧ થી ૭૦૦૦ | ૯ | ૪.૩૩ |
| ૮ | ૭૦૦૧ થી ૮૦૦૦ | ૪ | ૧.૯૨ |
| ૯ | ૮૦૦૧ થી ૯૦૦૦ | ૬ | ૨.૮૮ |
| ૧૦ | ૯૦૦૧ થી ૧૦૦૦૦ | ૨ | ૦.૯૬ |
| ૧૧ | ૧૦૦૦૧ થી વધુ | ૧૫ | ૭.૨૧ |
| કુલ | | ૨૦૮ | ૧૦૦.૦૦ |

છેલ્લા વર્ષમાં પ્રસંગોપાત થતા ખર્ચમા સૌથી વધારે રૂા.૧૦૦૦૧ થી વધુ ખર્ચ થયો હોય તેવા ૧૫ કુટુંબો છે. જ્યારે સૌથી ઓછા રૂા.૧૦૦૦ થી નીચે હોય તેવા ૧૭ કુટુંબો છે. આ સિવાય કુટુંબની દૃષ્ટિએ જોઈએ તો સૌથી વધારે ૪૨ કુટુંબો એ રૂા.૨૦૦૧ થી ૩૦૦૦ સુધી ખર્ચ કરેલ છે અને સૌથી ઓછા ૨ કુટુંબોએ રૂા.૯૦૦૧ થી ૧૦૦૦૦ સુધી ખર્ચ કરેલ છે. જ્યારે અન્ય રૂા.૧૦૦૧ થી ૨૦૦૦ સુધીમાં ૩૭, રૂા.૩૦૦૧ થી ૪૦૦૦ સુધીમાં ૩૮, રૂા.૪૦૦૧ થી ૫૦૦૦ સુધીમાં ૨૬, રૂા.૫૦૦૧ થી ૬૦૦૦ સુધીમાં ૧૨, રૂા.૬૦૦૧ થી ૭૦૦૦ સુધીમાં ૯, રૂા.૭૦૦૧ થી ૮૦૦૦ સુધીમાં ૪ અને રૂા.૮૦૦૧ થી ૯૦૦૦ સુધીમાં ૬ કુટુંબોએ છેલ્લા વર્ષે માસિક ખર્ચ કરેલ હોય તેવું જોવા મળેલ છે.

આમ, ટૂંકમાં કહી શકાય કે આવક કરતા તો પ્રસંગોપાત ખર્ચ વધારે જોવા મળે છે. તેવામાં ગુજરાન તો કેવી રીતે ચાલવું શક્ય છે?

સમગ્ર ખર્ચ-આવકના અંકોમાં સમાનતા સંશોધનોમાં નહીં જોવા મળતી હોવાનું કારણ વ્યક્તિ પોતાની આર્થિક સ્થિતિની સાચી માહિતી છુપાવે તે છે. કંઈક મદદની કે મેળવવાની આશા જે સમાજમાં ઉભી કરવામાં આવી છે તેનું આ પરિણામ છે.

**કુટુંબની કુલ આવક અને કુલ ખર્ચ :**

કોઈપણ વ્યક્તિ તેની જેટલી આવક હોય તે પ્રમાણે જ તેના ખર્ચનું આયોજન કરતો હોય છે. પરંતુ બરોડિયા જાતિમાં ૪૨.૩૧% કુટુંબોની આવક તેમના કુટુંબના ખર્ચ કરતા ઓછી જોવા મળી હતી. તેનો અર્થ એમ થાય કે આ કુટુંબો તેની આવકની સરભર કરવા માટે દેવું કરતા હશે અથવા તો આવકની માહિતી અપૂરતી અને કુલ આવક તથા કુલ ખર્ચનું ચિત્ર સ્પષ્ટ કરવા માટે અહીં કોષ્ટક દર્શાવવામાં આવેલ છે.

સામાન્ય રીતે આર્થિક બાબતો બહુ સ્પષ્ટતાથી ચર્ચવામાં ઉત્તરદાતાઓ સંકોચ અનુભવતા હોય છે અને માહિતી અસ્પષ્ટ રહેતી હોય છે. અહીં પણ તેવું થવાની સંભાવના છે.

# કુટુંબની આવક અને ખર્ચનું તુલનાત્મક ચિત્ર (માસિક)

| આવક જુથ | ખર્ચ | | | | | | | | | | કુલ |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| | ૧૦૦૦ થી નીચે | ૧૦૦૧ થી ૨૦૦૦ | ૨૦૦૧ થી ૩૦૦૦ | ૩૦૦૧ થી ૪૦૦૦ | ૪૦૦૧ થી ૫૦૦૦ | ૫૦૦૧ થી ૬૦૦૦ | ૬૦૦૧ થી ૭૦૦૦ | ૭૦૦૧ થી ૮૦૦૦ | ૮૦૦૧ થી ૯૦૦૦ | ૯૦૦૧ થી ૧૦૦૦૦ | ૧૦૦૦૧ થી વધુ | |
| ૧૦૦૦ થી નીચે | ૪ | ૫ | ૬ | ૧ | | | | ૧ | | | | ૧૭ |
| ૧૦૦૧ થી ૨૦૦૦ | | ૩ | ૭ | ૫ | ૫ | | | | | | ૧ | ૨૧ |
| ૨૦૦૧ થી ૩૦૦૦ | | ૯ | ૧૨ | ૧૨ | ૧૧ | ૫ | ૨ | | | | | ૫૧ |
| ૩૦૦૧ થી ૪૦૦૦ | | ૩ | ૧૦ | ૧૫ | ૬ | ૬ | ૧ | | | | ૧ | ૪૨ |
| ૪૦૦૧ થી ૫૦૦૦ | | ૧ | ૮ | ૪ | ૪ | ૩ | ૧ | | ૧ | | ૧ | ૨૩ |
| ૫૦૦૧ થી ૬૦૦૦ | | | ૩ | ૨ | ૬ | ૩ | ૧ | ૨ | ૧ | | | ૧૮ |
| ૬૦૦૧ થી ૭૦૦૦ | | ૧ | | ૩ | ૧ | ૨ | | | ૧ | | ૧ | ૯ |
| ૭૦૦૧ થી ૮૦૦૦ | | | ૨ | ૧ | ૨ | ૨ | ૨ | | ૧ | | | ૧૦ |
| ૮૦૦૧ થી ૯૦૦૦ | | | | ૩ | | ૧ | | | | | | ૪ |
| ૯૦૦૧ થી ૧૦૦૦૦ | | | | | | | | ૧ | | | | ૧ |
| ૧૦૦૦૧ થી વધુ | | ૧ | | | ૧ | | ૧ | | ૨ | | ૭ | ૧૨ |
| કુલ | ૪ | ૨૩ | ૪૮ | ૪૬ | ૩૬ | ૨૨ | ૮ | ૪ | ૬ | ૦ | ૧૧ | ૨૦૮ |

આવક અને ખર્ચની તુલના જોઈએ તો આવક કરતા વધારે ખર્ચ કરતા ૮૮ કુટુંબો જે કુલ કુટુંબોના ૪૨.૩૧% થાય છે. સામાન્ય સમજ એવી બને કે વધારે ખર્ચ અને ઓછી આવક હોય તો દેવું જોવા મળે. અહીં કુલ કુટુંબમાંથી ૭૨ કુટુંબોએ પોતે દેવાદાર છે તેમ દર્શાવ્યું છે. આવક અને ખર્ચને સપ્રમાણ રીતે ચલાવતા કે ખર્ચને આવક કરતા વધવા નહીં દેતા તેવા મોટાભાગના કુટુંબો અત્રે જોવા મળે છે.

**કુલ આવક અને કુલ અસ્ક્યામતો :**

જરૂરિયાતોને પોતાની આર્થિક ઉપાર્જનશક્તિ કરતા વધવા ન દેવી જોઈએ. જેટલી આવક હોય તે પ્રમાણમાં જ ઘરમાં અસ્ક્યામતો વસાવવી જોઈએ. જો આવક ઓછી હોય તો બહુ કિંમતી અસ્ક્યામતો વસાવી શકાય નહી. બરોડિયા જાતિના કુટુંબોમાં આ પ્રમાણે જોવા માટે તેઓના ઘરોમાં વસાવેલા અસ્ક્યામતો તેમની કુલ આવક અને જૂથના પ્રમાણમાં શું છે? તેની વિગતો દર્શાવતું કોષ્ટક અહીં જોઈ શકાય છે.

| કુલ આવક અને કુલ અસ્કાયમતોની સરખામણી | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|
| | | કુલ અસ્કાયમત | | | | | | |
| ક્રમ | આવક (માસિક) | ૧૦૦૦૦ થી નીચે | ૧૦૦૦૧ થી ૨૫૦૦૦ | ૨૫૦૦૧ થી ૫૦૦૦૦ | ૫૦૦૦૧ થી ૭૫૦૦૦ | ૭૫૦૦૧ થી ૧૦૦૦૦૦ | ૧૦૦૦૦૧ થી વધુ | કુલ |
| ૧ | ૧૦૦૦ થી નીચે | ૧૨ | ૫ | ૦ | ૦ | ૦ | ૦ | ૧૭ |
| ૨ | ૧૦૦૧ થી ૨૦૦૦ | ૧૧ | ૯ | ૧ | ૦ | ૦ | ૦ | ૨૧ |
| ૩ | ૨૦૦૧ થી ૩૦૦૦ | ૨૭ | ૧૭ | ૩ | ૩ | ૦ | ૦ | ૫૦ |
| ૪ | ૩૦૦૧ થી ૪૦૦૦ | ૧૬ | ૧૭ | ૫ | ૧ | ૨ | ૧ | ૪૨ |
| ૫ | ૪૦૦૧ થી ૫૦૦૦ | ૭ | ૧૩ | ૩ | ૦ | ૦ | ૦ | ૨૩ |
| ૬ | ૫૦૦૧ થી ૬૦૦૦ | ૪ | ૧૦ | ૩ | ૧ | ૦ | ૦ | ૧૮ |
| ૭ | ૬૦૦૧ થી ૭૦૦૦ | ૪ | ૩ | ૧ | ૧ | ૦ | ૦ | ૯ |
| ૮ | ૭૦૦૧ થી ૮૦૦૦ | ૦ | ૮ | ૦ | ૧ | ૧ | ૦ | ૧૦ |
| ૯ | ૮૦૦૧ થી ૯૦૦૦ | ૧ | ૩ | ૦ | ૦ | ૦ | ૦ | ૪ |
| ૧૦ | ૯૦૦૧ થી ૧૦૦૦૦ | ૦ | ૦ | ૧ | ૦ | ૦ | ૦ | ૧ |
| ૧૧ | ૧૦૦૦૧ થી વધુ | ૦ | ૦ | ૨ | ૧ | ૨ | ૭ | ૧૨ |
| | કુલ | ૮૨ | ૮૫ | ૧૯ | ૮ | ૫ | ૮ | ૨૦૭ |

અભ્યાસમાં ૮૮ કુટુંબો એવા છે કે જે રૂા.૩૦૦૦ સુધીની આવક ધરાવે છે. જ્યારે ૧૦૬ કુટુંબો રૂા.૩૦૦૧ થી ૯૦૦૦ સુધીની આવક ધરાવે છે અને રૂા.૯૦૦૧ થી વધુ આવક ધરાવતા ૧૩ કુટુંબો જોવા મળેલ છે.

જ્યારે કુલ અસ્ક્યામતોમાં રૂા.૨૫૦૦૦ સુધીની અસ્ક્યામતો ધરાવતા ૧૬૭ કુટુંબો જોવા મળેલ છે. જ્યારે ૩૨ કુટુંબો એવા છે કે જેમની પાસે રૂા.૨૫૦૦૧ થી ૧,૦૦,૦૦૦ સુધીની અસ્ક્યામતો છે. ૮ કુટુંબો એવા પણ છે કે જેમની પાસે રૂા.૧,૦૦,૦૦૦ થી વધુની કિંમતની અસ્ક્યામતો જોવા મળેલ હોય.

આમ, આ પરથી કહી શકાય છે કે બરોડિયા જાતિના કુટુંબોએ પોતાની આવકની મર્યાદામાં અસ્ક્યામતો વસાવેલ છે.

આવડત :

કુલ ૯૦૩ વ્યક્તિઓમાંથી ૬૪૬ વ્યક્તિ કામ કરી શકે તેવી (નાના બાળકો અને ભણતા બાળકો બાદ કરતા) જોવા મળી હતી. જેમાંથી ૨૪૮ વ્યક્તિઓ જુદા જુદા પ્રકારની આવડત ધરાવતી જોવા મળી હતી. જેની વિગતો અત્રે દર્શાવવામાં આવેલ છે.

| આવડત | | | |
|---|---|---|---|
| ક્રમ | | સંખ્યા | ટકા |
| ૧ | પ્રેસકામ | ૮૬ | ૩૪.૬૮ |
| ૨ | વાંસકામ | ૮૩ | ૩૩.૪૭ |
| ૩ | કોમ્પ્યુટર | ૧૩ | ૫.૨૪ |
| ૪ | ડ્રાઇવીંગ | ૧૪ | ૫.૬૫ |
| ૫ | રસોઇકામ | ૨ | ૦.૮૧ |
| ૬ | ફિટર | ૨ | ૦.૮૧ |
| ૭ | પલંગ, ફર્નિચર બનાવવું | ૩ | ૧.૨૧ |
| ૮ | ગૃહઉદ્યોગ | ૨૩ | ૯.૨૭ |
| ૯ | ચશ્મા બનાવવા | ૨ | ૦.૮૧ |
| ૧૦ | સ્વરોજગારી | ૧૧ | ૪.૪૪ |
| ૧૧ | ઇલેકટ્રોનીકસ | ૩ | ૧.૨૧ |
| ૧૨ | કાપડ વણાટ | ૨ | ૦.૮૧ |
| ૧૩ | ઇસ્ત્રીકામ | ૨ | ૦.૮૧ |
| ૧૪ | ગેરેજ | ૨ | ૦.૮૧ |
| | કુલ | ૨૪૮ | ૧૦૦ |

સામાન્ય રીતે બરોડિયા જાતિનો મુખ્ય વ્યવસાય વાંસમાંથી વિવિધ પ્રકારની ચીજવસ્તુઓ બનાવવાનો રહ્યો છે. પરંતુ આ સિવાય પણ તેઓની પાસે જુદી જુદી આવડત છે કે જેના દ્વારા તેઓ કુટુંબનું ભરણપોષણ કરી શકે.

પ્રેસકામ(પુરુષો) વાંસકામ(સ્ત્રીઓ) માટેના રોજગારીના મુખ્ય ક્ષેત્રો છે. તેની આવડત અત્રે ઘણા પાસે છે. તેના સંદર્ભમાં પાંયાની જાણકારી આ લોકો ધરાવે છે, તેઓને આ ક્ષેત્રોની advance તાલીમ ઉપયોગી બનશે તેમ ક્ષેત્રકાર્ય અનુભવથી કહી શકાય. ઉપરાંત જુદી જુદી આવડતોનો રોજગારી ઉભી કરવામાં કે વેતન રોજગારી મેળવવામાં ઉપયોગ અત્યંત જરૂરી જણાય છે.

**તમને હાઉસીંગમાંથી મકાન મળેલ છે? :**

બરોડિયાના કુલ ૨૦૮ કુટુંબમાંથી પોતાનું મકાન ધરાવતા બરોડિયા જાતિ માટે અલગથી ગુજરાત હાઉસીંગ બોર્ડ દ્વારા સદ્ભાવના નગરમાં, હાથીજણ પાસે ૧૬૬ મકાનોની ફાળવણી કરવામાં આવી છે. જેમાં હાલમાં ૬૯ કુટુંબો વસવાટ કરે છે. જ્યારે અન્ય કુટુંબો બીજા વિસ્તારમાં વસતા જોવા મળ્યા છે. શહેરમાં વસતા બરોડિયા જાતિના કેટલા કુટુંબોને હાઉસીંગમાંથી મકાનની સહાય મળેલ છે તેની વિગતો મેળવતા નીચે મુજબની પરિસ્થિતિ જોવા મળી હતી.

| તમને હાઉંસિગમાંથી મકાન મળેલ છે | | | |
|---|---|---|---|
| ક્રમ | વિગત | સંખ્યા | ટકા |
| ૧ | હા | ૧૦૦ | ૬૯.૯૩ |
| ૨ | ના | ૪૩ | ૩૦.૦૭ |
| | કુલ | ૧૪૩ | ૧૦૦.૦૦ |

ઉપરોક્ત કોષ્ટક પરથી કહી શકાય કે ૨૦૮ કુટુંબો જેઓ અમદાવાદમાં વસવાટ કરે છે. તેમાંથી ૧૦૦ કુટુંબોને હાઉસીંગમાં મકાન મળેલ છે. તેમ જણાવ્યું જ્યારે ૪૩ કુટુંબોને હાઉસીંગમાં મકાન મળેલ નથી તેમ જણાવ્યું. ટૂંકમાં ૨૦૮ ઉમેદવારમાંથી મોટાભાગનાને હાઉસીંગમાં મકાન મળેલ છે.

સદ્ભાવના નગરમાં ૧૬૬ બરોડિયાઓને મકાન ફાળવવામાં આવ્યા છે.

**હપ્તા કયા કારણે બાકી રહ્યા છે? :**

ગુજરાત હાઉસીંગમાંથી ૧૬૬ બરોડિયાઓને મકાન આપવામાં આવેલ છે. પરંતુ માત્ર ૬૯ કુટુંબો જ ત્યાં વસતા હોવાથી મકાન મળેલની સંખ્યા ઓછી છે.

| હપ્તા કયાં કારણે બાકી રહ્યા છે | | | |
|---|---|---|---|
| ક્રમ | વિગત | સંખ્યા | ટકા |
| ૧ | જવાબ નથી મળેલ | ૧૭ | ૧૭.૦૦ |
| ૨ | આર્થિક સ્થિતિ | ૬૭ | ૬૭.૦૦ |
| ૩ | અન્ય લોકો પણ ભરતા ન હોવાથી | ૨ | ૨.૦૦ |
| ૪ | મકાનની નબળી ગુણવત્તાને કારણે | ૮ | ૮.૦૦ |
| ૫ | સરકારશ્રીએ જોગવાઇ મુજબ લાભ ન આપેલ હોવાથી | ૫ | ૫.૦૦ |
| ૬ | અન્ય | ૧ | ૧.૦૦ |
| | કુલ | ૧૦૦ | ૧૦૦.૦૦ |

ઉપરોક્ત કોષ્ટક પરથી કહી શકાય કે કુલ ૧૦૦ કુટુંબોને હાઉસીંગમાં મકાન મળેલ છે. જેઓના હપ્તા ભરવાના બાકી છે. તેના કારણો જોઈએ તો મોટાભાગના ૬૭ કુટુંબોની આર્થિક સ્થિતિ નબળી હોવાને કારણે હપ્તા ભરી શક્યા નથી તેમ જણાવે છે. જ્યારે સૌથી ઓછા ૧ કુટુંબે જણાવ્યું કે અન્ય કારણોસર હપ્તો ભરી શક્યા નથી. આ સિવાય ૧૭ કુટુંબો પાસેથી જવાબ નથી

મળેલ, ૨ કુટુંબોએ અન્ય લોકો પણ ભરતા ન હોવાથી, ૮ કુટુંબોએ મકાનની નબળી ગુણવત્તાને કારણે, જ્યારે ૫ કુટુંબોને સરકારશ્રીએ જોગવાઈ મુજબ લાભ ન આપેલ હોવાથી મકાનના હપ્તા ભરતા નથી.

ટૂંકમાં આર્થિક સ્થિતિના કારણે હપ્તા ન ભરી શકવાનું કારણ વધુ જવાબદાર છે.

મોટાભાગના ઉત્તરદાતાઓએ આર્થિક સ્થિતિને કારણભૂત બતાવી. જ્યારે ૫ વ્યક્તિઓએ જોગવાઈ મુજબ લાભ નથી મળ્યા તેમ જણાવ્યું છે. તેમને વ્યક્તિગત પૂછાતા કયા-કયા લાભ સરકાર આપવાની હતી તેની જાણકારી પણ સાચી ન હતી, તેમજ મકાન સંદર્ભમાં થયેલી કાર્યવાહીઓની જાણકારીનો બહુ મોટો અભાવ પણ હપ્તા નહીં ભરવામાં કારણભૂત છે તેવું ક્ષેત્રિય અનુભવો પરથી દેખાયું હતું.

વાંસકામ :

બરોડિયા જાતિનો વંશપરંપરાગત ધંધો વાંસકામનો હતો, પરંતુ સાંપ્રત સમયમાં તૈયાર થયેલ વસ્તુના વેચાણ, મળતી કિંમત, ક્વોલિટી વગેરેનો અભાવ હોવાથી આ જાતિ બીજા વ્યવસાય તરફ વળેલી જોવા મળે છે. આ જાતિ પાસે વાંસકામ સિવાયની બીજી કોઈ આવડત ન હોવાથી તેઓ મોટેભાગે મજૂરી પર જીવન ગુજારતા જોવા મળે છે. પ્રસ્તુત અભ્યાસમાં કુલ કુટુંબોમાંથી કેટલા કુટુંબો વાંસકામ કરે છે તેની માહિતી મેળવતા નીચે મુજબની વિગતો પ્રાપ્ત થઈ છે.

| વાંસકામ કરો છો? | | | |
|---|---|---|---|
| ક્રમ | વિગત | કુટુંબની સંખ્યા | ટકા |
| ૧ | હા | ૬૧ | ૨૯.૩૩ |
| ૨ | ના | ૧૪૭ | ૭૦.૬૭ |
| કુલ | | ૨૦૮ | ૧૦૦ |

અમદાવાદ શહેરમાં રહેતા હોવાથી અને મોંઘવારી પણ વધી હોવાથી તેમજ વાંસકામમાં પણ મળતર ન હોવાથી વાંસકામ સાથે સંકળાયેલ હોય તેવા ૨૦૮ કુટુંબોમાંથી ફક્ત ૬૧ કુટુંબો જોડાયેલા જોવા મળે છે. આ સિવાય અન્ય
૧૪૭ કુટુંબો અન્ય વ્યવસાય સાથે સંકળાયેલા છે. જે આપણને અગાઉના વ્યવસાયના કોષ્ટક પરથી જાણી શકાય છે.

ગુણવત્તા મુજબનો વાંસ મળે છે? :

| ગુણવત્તા મુજબનો વાંસ મળે છે? | | | |
|---|---|---|---|
| ક્રમ | વિગત | કુટુંબની સંખ્યા | ટકા |
| ૧ | જવાબ મળેલ નથી | ૨ | ૩.૨૮ |
| ૨ | હા | ૪૪ | ૭૨.૧૩ |
| ૩ | ના | ૧૫ | ૨૪.૫૯ |
| કુલ | | ૬૧ | ૧૦૦ |

વાંસકામ કરનારા દરેકને ગુણવત્તા મુજબનો વાંસ મળે છે કે નહિ તેમાં કુલ ૪૪ કુટુંબનો જવાબ મળ્યો કે હા ગુણવત્તા મુજબનો વાંસ મળે છે. જ્યારે ૧૫ કુટુંબનો જવાબ ના મળેલ નથી.

ટૂંકમાં મોટાભાગે ગુણવત્તાવાળો વાંસ મળે જ છે.

**વાંસ મેળવવામાં કઈ કઈ તકલીફ પડે છે? :**

શહેરમાં વસતા બરોડિયા જાતિ મુખ્યત્વે સદ્‌ભાવના નગર, રાયખડ નદીના પટમાં તથા હાટકેશ્વરમાં વસવાટ કરતા જોવા મળ્યા છે. જેમાંથી ૬૧ કુટુંબો વાંસકામનો વ્યવસાય કરતા જોવા મળ્યા હતા. આ કુટુંબોને વાંસકામ માટે જરૂરી વાંસ મેળવવામાં કોઈ મુશ્કેલી પડે છે તેની માહિતી મેળવતા નીચે મુજબની વિગતો પ્રાપ્ત થઈ છે.

| વાંસ મેળવવામાં કઇ કઇ તકલીફ પડે છે | | | |
|---|---|---|---|
| ક્રમ | વિગત | સંખ્યા | ટકા |
| ૧ | વાંસને લાવવા માટે વાહનવ્યવહારની સમસ્યા | ૩૪ | ૫૫.૭૪ |
| ૨ | વાંસનો ભાવ વધારે છે | ૪ | ૬.૫૬ |
| ૩ | ચોમાસામાં વાંસ મળતા નથી | ૬ | ૯.૮૪ |

વાંસ મેળવવામાં સૌથી વધારે તકલીફ ૩૪ કુટુંબોના જણાવ્યા અનુસાર વાંસને લાવવા માટે વાહનવ્યવહારની સમસ્યા છે, ૪ કુટુંબોએ વાંસનો ભાવ વધારે છે તેમ જણાવ્યું. આ સિવાય ૬ કુટુંબોના જણાવ્યા અનુસાર ચોમાસામાં વાંસ મળતા જ નથી તેમ જણાવ્યું છે.

ટૂંકમાં વાંસ મેળવવામાં સૌથી વધારે તકલીફ વાંસને ખરીદીને ઘર સુધી લાવવાની તકલીફ પડે છે.

## વાંસકામ સાથે જોડાયેલ અને નહીં જોડાયેલ કુટુંબોના સભ્યોની શૈક્ષણિક સ્થિતિ

બરોડિયા જાતિમાં ૬૧ કુટુંબો વાંસકામ સાથે જોડાયેલ જોવા મળ્યા હતા. આ કુટુંબોમાં લગભગ બધી જ બહેનો વાંસકામ કરતી જોવા મળી હતી. આનો અર્થ એ છે કે વાંસકામ એ કુટુંબની આવકમાં સહાયક વ્યવસાય તરીકેની ભૂમિકા ભજવી રહ્યો છે. આ કુટુંબોમાં બહેનો પણ કંઈક કામ કરતી હોવાથી કુટુંબના અન્ય પાસાંઓમાં પણ વિકાસ જોવા મળતો હોય છે. જેમકે, કુટુંબના શિક્ષણ, કુટુંબની આવક વગેરે. પ્રસ્તુત અભ્યાસમાં વાંસકામ સાથે જોડાયેલ કુટુંબો અને નહીં જોડાયેલ કુટુંબોના સભ્યોની શૈક્ષણિક સ્થિતિ કેવી છે તે દર્શાવેલ છે.

વાંસકામ સાથે જોડાયેલ અને નહીં જોડાયેલ કુટુંબના સભ્યોની શિક્ષણની સ્થિતિ

| ક્રમ | વિગત | વાંસકામ સાથે જોડાયેલ કુટુંબના સભ્યો | | વાંસકામ સાથે નહીં જોડાયેલ કુટુંબના સભ્યો | | કુલ | |
|---|---|---|---|---|---|---|---|
| | | સંખ્યા | ટકા | સંખ્યા | ટકા | સંખ્યા | ટકા |
| ૧ | પ્રાથમિક | ૧૮૫ | ૫૫.૦૬ | ૨૪૬ | ૪૯.૬૦ | ૪૩૧ | ૫૧.૮૦ |
| ૨ | માધ્યમિક | ૬૭ | ૧૯.૯૪ | ૧૪૬ | ૨૯.૪૪ | ૨૧૩ | ૨૫.૬૦ |
| ૩ | ઉચ્ચમાધ્યમિક | ૨૯ | ૮.૬૩૧ | ૩૪ | ૬.૮૫ | ૬૩ | ૭.૫૭ |
| ૪ | અન્ડર ગ્રેજ્યુએટ | ૬ | ૧.૭૮૫૭ | ૧ | ૦.૨૦ | ૭ | ૦.૮૪ |
| ૫ | ગ્રેજ્યુએટ | ૩ | ૦.૮૯૨૯ | ૫ | ૧.૦૧ | ૮ | ૦.૯૬ |
| ૬ | પ્રોફેસનલ | ૪ | ૧.૧૯૦૫ | ૧ | ૦.૨૦ | ૫ | ૦.૬૦ |
| ૭ | આંગણવાડી | ૧૧ | ૩.૨૭૩૮ | ૬ | ૧.૨૧ | ૧૭ | ૨.૦૪ |
| ૮ | ટેકનીકલ | ૬ | ૧.૭૮૫૭ | ૫ | ૧.૦૧ | ૧૧ | ૧.૩૨ |
| ૯ | અભણ | ૨૪ | ૭.૧૪૨૯ | ૫૨ | ૧૦.૪૮ | ૭૬ | ૯.૧૩ |
| ૧૦ | કોમ્પ્યુટર કોર્ષ | ૧ | ૦.૨૯૭૬ | ૦ | ૦.૦૦ | ૧ | ૦.૧૨ |
| કુલ | | ૩૩૬ | ૧૦૦ | ૪૯૬ | ૧૦૦.૦૦ | ૮૩૨ | ૧૦૦.૦૦ |

જે કુટુંબો વાંસકામ સાથે જોડાયેલ છે તે કુટુંબોના સભ્યોમાં ૯૨.૮૬% વ્યક્તિઓ શિક્ષિત છે. જ્યારે ૭.૧૪% જ અભણ વ્યક્તિઓ જોવા મળે છે અને વાંસકામ સાથે નહિં જોડાયેલ કુટુંબોના સભ્યોમાં ૮૯.૫૨% વ્યક્તિઓ શિક્ષિત છે, જ્યારે ૧૦.૪૮% વ્યક્તિઓ અભણ છે.

આમ, કહી શકાય કે વાંસકામ સાથે જોડાયેલ કુટુંબોના સભ્યોમાં વાંસકામ સાથે નહીં જોડાયેલ કુટુંબોના સભ્યો કરતા શૈક્ષણિક સ્તર ઊંચું જોવા મળ્યું છે.

આવક એ કુટુંબની પરિસ્થિતિને અસર કરતું મુખ્ય પરિબળ છે. બરોડિયા જાતિમાં પરંપરાગત વ્યવસાય વાંસકામ જોવા મળે છે. પરંતુ આ વાંસકામમાં હાલમાં મોટાભાગની બહેનો જ કામ કરતી જોવા મળે છે. એટલે કે વાંસકામમાંથી થતી આવક એ કુટુંબની કુલ આવકમાં ઉમેરો

કરે છે. જેની સીધી અસર કુટુંબની પરિસ્થિતિ પર પણ જોવા મળે છે. અહીં વાંસકામ સાથે જોડાયેલ કુટુંબો અને નહીં જોડાયેલ કુટુંબોની કુલ આવકનું કોષ્ટક દર્શાવવામાં આવેલ છે.

વાંસકામ સાથે જોડાયેલ અને નહી જોડાયેલ કુટુંબની આવકની સ્થિતિ

| ક્રમ | આવક | વાંસકામ સાથે જોડાયેલ કુટુંબ | | વાંસકામ સાથે નહી જોડાયેલ કુટુંબ | | કુલ | |
|---|---|---|---|---|---|---|---|
| | | સંખ્યા | ટકા | સંખ્યા | ટકા | સંખ્યા | ટકા |
| ૧ | ૧૦૦૦ થી નીચે | ૬ | ૯.૮૪ | ૧૧ | ૭.૪૮ | ૧૭ | ૮.૧૭ |
| ૨ | ૧૦૦૧ થી ૨૦૦૦ | ૧ | ૧.૬૪ | ૨૦ | ૧૩.૬૧ | ૨૧ | ૧૦.૧૦ |
| ૩ | ૨૦૦૧ થી ૩૦૦૦ | ૨૦ | ૩૨.૭૯ | ૩૧ | ૨૧.૦૯ | ૫૧ | ૨૪.૫૨ |
| ૪ | ૩૦૦૧ થી ૪૦૦૦ | ૧૦ | ૧૬.૩૯ | ૩૨ | ૨૧.૭૭ | ૪૨ | ૨૦.૧૯ |
| ૫ | ૪૦૦૧ થી ૫૦૦૦ | ૭ | ૧૧.૪૮ | ૧૬ | ૧૦.૮૮ | ૨૩ | ૧૧.૦૬ |
| ૬ | ૫૦૦૧ થી ૬૦૦૦ | ૪ | ૬.૫૬ | ૧૪ | ૯.૫૨ | ૧૮ | ૮.૬૫ |
| ૭ | ૬૦૦૧ થી ૭૦૦૦ | ૩ | ૪.૯૨ | ૬ | ૪.૦૮ | ૯ | ૪.૩૩ |
| ૮ | ૭૦૦૧ થી ૮૦૦૦ | ૩ | ૪.૯૨ | ૭ | ૪.૭૬ | ૧૦ | ૪.૮૧ |
| ૯ | ૮૦૦૧ થી ૯૦૦૦ | ૩ | ૪.૯૨ | ૧ | ૦.૬૮ | ૪ | ૧.૯૨ |
| ૧૦ | ૯૦૦૧ થી ૧૦૦૦૦ | ૧ | ૧.૬૪ | ૦ | ૦.૦૦ | ૧ | ૦.૪૮ |
| ૧૧ | ૧૦૦૦૧ થી વધુ | ૩ | ૪.૯૨ | ૯ | ૬.૧૨ | ૧૨ | ૫.૭૭ |
| | કુલ | ૬૧ | ૧૦૦.૦૦ | ૧૪૭ | ૧૦૦.૦૦ | ૨૦૮ | ૧૦૦.૦૦ |

વાંસકામ સાથે જોડાયેલ કુટુંબોમાં રૂા.૩૦૦૦ સુધીની આવક ધરાવતા ૪૪.૨૭% કુટુંબો, રૂા.૩૦૦૧ થી ૬૦૦૦ સુધીમાં ૩૪.૪૩% કુટુંબો, રૂા.૬૦૦૧ થી ૯૦૦૦ સુધીમાં ૧૪.૭૬% કુટુંબો અને રૂા.૯૦૦૦ થી વધુ ૬.૫૬% કુટુંબો જોવા મળેલ છે. જ્યારે વાંસકામ સાથે નહિ જોડાયેલ કુટુંબોમાં રૂા.૩૦૦૦ સુધી ૪૨.૧૮% કુટુંબો, રૂા.૩૦૦૦૧ થી ૬૦૦૦ સુધીમાં ૪૨.૧૭% કુટુંબો, ૬૦૦૧ થી ૯૦૦૦ સુધીમાં ૯.૫૨% અને ૯૦૦૧ થી વધુમાં ૬.૧૨% કુટુંબો જોવા મળેલ છે.

આમ, કહી શકાય કે મોટાભાગની બહેનો વાંસકામ કરતી હોવાથી વાંસકામ વ્યવસાય એ કુટુંબની આવકમાં મદદરૂપ થાય છે. રૂા.૧૦૦૦૦ થી વધારે કમાતા કુટુંબો આર્થિક રીતે સધ્ધરતા ધરાવતા હોવાથી આ કુટુંબોની સ્ત્રીઓ વાંસકામના વ્યવસાય સાથે વધારે જોડાયેલી નથી દેખાતી.

## કુટુંબની પ્રાથમિક જરૂરિયાતોની વિગત

| વિગત | ક્રમાંક ૧ | ક્રમાંક ૨ | ક્રમાંક ૩ | કુલ |
|---|---|---|---|---|
| વેતન રોજગારી | ૬૬ | ૩૩ | ૨૪ | ૧૨૩ |
| સ્વરોજગારી | ૧૬ | ૨૮ | ૩૩ | ૭૭ |
| લોન | ૩૦ | ૩૨ | ૩૧ | ૯૩ |
| આરોગ્ય સંભાળ | ૩ | ૮ | ૩ | ૧૪ |
| શિક્ષણ સહાય | ૧૩ | ૧૩ | ૧૫ | ૪૧ |
| મકાન / મકાન રીપેરીંગ | ૪૪ | ૩૭ | ૨૨ | ૧૦૩ |
| સ્વરોજગારી માટે તાલીમ | ૭ | ૧૪ | ૮ | ૨૯ |
| પીવાના પાણી વ્યવસ્થા | ૨ | ૬ | ૨ | ૧૦ |
| વ્યવસાય માટેના સાધનો | ૨ | ૭ | ૧૨ | ૨૧ |
| હાઉસિંગ લોન માફી | ૨૪ | ૨૦ | ૩૦ | ૭૪ |
| માળખાગત સુવિધાઓ - રોડ | ૧ | ૧ | ૩ | ૫ |
| માળખાગત સુવિધાઓ - વીજળી | ૦ | ૩ | ૩ | ૬ |
| માળખાગત સુવિધાઓ - વાહન વ્યવહાર | ૦ | ૦ | ૫ | ૫ |
| માળખાગત સુવિધાઓ - કોમ્યુનિટી સેન્ટર | ૦ | ૦ | ૨ | ૨ |
| કુલ | ૨૦૮ | ૨૦૨ | ૧૯૩ | ૬૦૩ |

કુલ ૨૦૮ બરોડિયા કુટુંબમાંથી પોતાનું મકાન બનાવતા ૩૫ કુટુંબોને વ્યવસાયની લોન, ૨-૨ કુટુંબોને જરૂરી તેવું માર્ગદર્શન અને છોકરીઓને નોકરી મળે, ૧૪ કુટુંબોને વ્યવસાય માટેના સાધનોની, ૪ કુટુંબોને તાલીમની, ૨૧ કુટુંબોને મકાન રીપેરીંગની, ૫ કુટુંબોને માળખાગત સુવિધાઓની, ૧૧ કુટુંબોને પીવાના પાણીની સુવિધાની અને ૬ કુટુંબને બાથરૂમ બાંધકામની જરૂર દર્શાવાઈ છે.

ટૂંકમાં સૌથી વધારે જરૂરિયાત વેતન રોજગારીની છે. જે તેઓને ગુજરાન ચલાવવા માટે મદદરૂપ થઈ શકે.

બરોડિયા જાતિના ૨૦૮ કુટુંબો જે અમદાવાદ શહેરમાં વસે છે તેમના ઉત્તરમાં કુટુંબની પ્રાથમિક જરૂરિયાતોની વિગતમાં પહેલી અગ્રતામાં સૌથી વધારે ૬૬ કુટુંબોએ વેતન રોજગારીને, બીજી અગ્રતામાં સૌથી વધારે મકાન/મકાન રીપેરીંગને ૩૭ કુટુંબો અને ત્રીજી અગ્રતામાં સૌથી વધારે ૩૩ કુટુંબોએ સ્વરોજગારીને મહત્ત્વ આપ્યું છે. આ સિવાય સૌથી ઓછી પહેલી અગ્રતામાં ૧ કુટુંબે રોડની જરૂરિયાત દર્શાવી છે. ઓછી બીજી અગ્રતામાં પણ રોડની જરૂરિયાત

૧ કુટુંબે દર્શાવી છે અને ત્રીજી અગ્રતામાં પણ સૌથી ઓછા ૨-૨ કુટુંબે કોમ્યુનિટી સેન્ટર અને પીવાના પાણીની વ્યવસ્થા દર્શાવી છે.

આ સિવાય જો કુલ આંકડો જોઈએ તો પ્રથમ અગ્રતા સૌથી વધારે ૧૨૩ કુટુંબે વેતન રોજગારી દર્શાવી છે અને સૌથી ઓછા ૨ કુટુંબે કમ્યુનિટી સેન્ટરની જરૂરિયાત દર્શાવી છે. આ સિવાય ૭૭ કુટુંબે સ્વરોજગારીની, ૯૩ કુટુંબે લોનની, ૧૪ કુટુંબે આરોગ્ય સંભાળની, ૪૧ કુટુંબે શિક્ષણ સહાયની, ૧૦૩ કુટુંબે મકાન/મકાન રીપેરીંગની, ૨૯ કુટુંબે સ્વરોજગારી માટે તાલીમની, ૧૦ કુટુંબોએ પીવાના પાણીની વ્યવસ્થા, ૨૧ કુટુંબોએ વ્યવસાય માટેના સાધનો, ૭૪ કુટુંબોએ હાઉસીંગ લોન માફી, ૫ કુટુંબે રોડની, ૬ કુટુંબે વીજળીની અને ૫ કુટુંબે વાહનવ્યવહારની સુવિધા મળી શકે તેવી જરૂરિયાતો દર્શાવી છે.

આમ, ટૂંકમાં જરૂરિયાત વધારે પડતી વેતન રોજગારીની જ દર્શાવવામાં આવેલ જોવા મળે છે.

*બરોડિયા જાતિના આ અભ્યાસમાં આ જ્ઞાતિ વિવિધ મુશ્કેલીઓનો સામનો કરતી જોવા મળેલ છે. તેમને કયા પ્રકારની સહાય આપવામાં આવે તો તેમને રાહત મળે તે સંદર્ભે મોજણીકારને મંતવ્ય આપવાનું જણાવેલ. મોજણીકારોના મંતવ્ય મુજબ નીચે પ્રકારની સહાય આપવાથી તેમને થોડે અંશે રાહત મળશે તેમ દર્શાવેલ છે.*

**મોજણીકારના મતે ઉપલબ્ધ સંસાધનોને ધ્યાને લઈ સહાયની પ્રાથમિકતા :**

| ક્રમ | વિગત | સંખ્યા | ટકા |
|---|---|---|---|
| ૧ | મકાન | ૬૨ | ૨૯.૮૧ |
| ૨ | સ્વરોજગારી | ૪૦ | ૧૯.૨૩ |
| ૩ | આરોગ્ય સંભાળ | ૪ | ૧.૯૨ |
| ૪ | હાઉસીંગ લોન માફી | ૩૪ | ૧૬.૩૫ |
| ૫ | વેતન રોજગારી | ૭૯ | ૩૭.૯૮ |
| ૬ | શિક્ષણની લોન | ૧૯ | ૯.૧૩ |
| ૭ | વ્યવસાયની લોન | ૩૫ | ૧૬.૮૩ |
| ૮ | જરૂરી તેવું માર્ગદર્શન | ૨ | ૦.૯૬ |
| ૯ | વ્યવસાય માટેના સાધનો | ૧૪ | ૬.૭૩ |
| ૧૦ | તાલીમ | ૪ | ૧.૯૨ |
| ૧૧ | છોકરીઓને નોકરી મળે | ૨ | ૦.૯૬ |
| ૧૨ | વીજળી | ૧ | ૦.૪૮ |
| ૧૩ | મકાન રીપેરીંગ | ૨૧ | ૧૦.૧૦ |
| ૧૪ | માળખાગત સુવિધા | ૫ | ૨.૪૦ |
| ૧૫ | પીવાના પાણીની સુવિધા | ૧૧ | ૫.૨૯ |
| ૧૬ | બાથરૂમ બાંધકામ | ૬ | ૨.૮૮ |
| કુલ | | ૨૦૮ | |

*મોજણીકાર દ્વારા તેમણે જણાવેલ જરૂરિયાતને આધારે તેમને ખરેખર શેની જરૂર છે તે દર્શાવેલ છે. જે મુજબ કહી શકાય કે સૌથી વધારે ૭૯ કુટુંબોને વેતન રોજગારીની જરૂર છે. જ્યારે સૌથી ઓછા ૧-૧ કુટુંબને વીજળી અને હાઉસીંગના મકાનની હરાજી ન થવી જોઈએ તેની જરૂર છે. આ સિવાર ૬૨ કુટુંબને મકાનની, ૪૦ કુટુંબને સ્વરોજગારીની, ૪ કુટુંબને આરોગ્ય સંભાળની, ૩૪ કુટુંબને હાઉસીંગ લોન માફીની, ૧૯ કુટુંબને શિક્ષણ લોનની, ૩૫ કુટુંબોને વ્યવસાયની લોન, ૨-૨ કુટુંબોને જરૂરી તેવું માર્ગદર્શન અને છોકરીઓને નોકરી મળે, ૧૪ કુટુંબોને*

વ્યવસાય માટેના સાધનોની, ૪ કુટુંબોને તાલીમની, ૨૧ કુટુંબોને મકાન રીપેરીંગની, ૫ કુટુંબોને માળખાગત સુવિધાઓની, ૧૧ કુટુંબોએ પીવાના પાણીની સુવિધાની અને ૬ કુટુંબોએ બાથરૂમ બાંધકામની જરૂર દર્શાવાઈ છે.

ટૂંકમાં સૌથી વધારે જરૂરિયાત વેતન રોજગારીની છે. જે તેઓને ગુજરાન ચલાવવા માટે મદદરૂપ થઈ શકે.

તારણો :

- ૧૯૯૯ માં મકાનનો કબજો લીધા પછી દરેક બરોડીયા પોતાને ફાળવેલ મકાનમાં રહેવા લાગ્યા હતા. પરંતુ સમય જતાં લોકોને સ્થાનિક કક્ષાએ બે રોજગારીનો પ્રશ્ન ઉભો થયો હતો. દરેક બરોડીયાને રોજગારી માટે શહેર તરફ આવવું પડતું હતું. જેમાં તેને મુસાફરી ખર્ચ પેટે કમાયેલ રકમનાં ૨૫%(પચ્ચીસ ટકા) રકમ ખર્ચ કરવી પડતી હતી. વહેલી સવારથી મોડીરાત સુધી મજુરીકામ કર્યા પછી કમાયેલ નાણાંનો અને સમયના દુર્વ્યયથી થાકેલ અને કંટાળેલ બરોડીયા સમાજમાં જ નદી કિનારે ઝૂંપડું બાંધીને રહેવાનું પસંદ કર્યું હતું અથવા તો ચાલીમાં ઓછા ભાડે મળતાં મકાનમાં રહેવાનું પસંદ કર્યું હતું.
- એક રૂમ જાજરૂનાં ફાળવેલ મકાનમાં બાથરૂમની વ્યવસ્થા ન હોવાથી બધીજ ઉંમરની સ્ત્રીઓને જાહેરમાં ઘરની બહારજ ન્હાવા માટે ફરજ પડતી હતી. શરૂઆતનાં બે વર્ષ સુધી આ રીતે ચાલેલ અવ્યવસ્થાથી સ્ત્રી સમાજ ખૂબજ દુ:ખી થયો હતો અને શહેર તરફ પ્રયાણ કરવા પુરૂષોને ફરજ પાડી હતી.
- સસ્તા અનાજની દુકાનનો અભાવ: વસાહતમાં રહેતા બરોડીયા સમાજને આજ રોજ પણ કેરોસીન લેવા માટે તેમજ અન્ય સસ્તા અનાજ માટે છેક વટવા સુધી જવું પડે છે. કેરોસીન બસમાં પ્રતિબંધિત હોવાથી ચાલતા આવવું પડે છે.
- આંગણવાડી - નાના બાળકોને શિક્ષણ માટે આંગણવાડીની વ્યવસ્થા ન હોવાથી તેઓ અભ્યાસથી વંચિત રહે છે. જેથી અશિક્ષિત બાળકનું ભવિષ્ય કથળતું જાય છે.
- ઉચ્ચશિક્ષણ માટે શહેરમાં જવું ફરજીયાત હોવાથી વિદ્યાર્થીઓને બસની વ્યવસ્થા ન હોવાથી વધારાનો ખર્ચ કરવો પડે છે. મ્યુ.કોર્પોરેશનની બસની વ્યવસ્થા છેક સદ્ભાવના નગર સુધી છે તે ઘણી અપૂરતી છે.
- અશિક્ષિત અને બેરોજગાર પ્રજાને જાતિનો દાખલો કઢાવવા છેક શહેરમાં જવું પડે છે અને જાતિનાં દાખલાઓ કઢાવવામાં પડતી અડચણોને લીધે ધક્કા ખાવા પડે છે અને અમુક સમયે નાણા અને સમયની દુર્વ્યય થવાથી જાતિનો દાખલો કઢાવવાનું ટાળે છે.
- અમદાવાદ શહેરમાં વસતિ બરોડિયા જનજાતિની કુલ વસતિ ૯૦૩ ની છે જેમાં ૪૨૩ સ્ત્રીઓ અને ૪૮૦ પુરુષોનો સમાવેશ થાય છે.
- સ્ત્રી-પુરુષ પ્રમાણ જોઈએ તો દર ૧૦૦ પુરુષોએ ૮૮૧ સ્ત્રી જોવા મળે છે. (ગુજરાતનું અનુસૂચિત જનજાતિનું સ્ત્રી-પુરુષ પ્રમાણ ૯૭૪ છે.)
- લગભગ બધાજ કુટુંબો અમદાવાદમાં જ બે પેઢીઓથી કે વધુ સમયથી વસવાટ કરે છે.
- હજુ તેઓમાં મરાઠી સંસ્કૃતિની ઘણી મોટી અસર છે - ઘરમાં અને અંદર અંદર મરાઠી ભાષામાં જ વાત કરે છે.

- ૦ થી ૬ વર્ષ સુધીના બાળકોમાં સ્ત્રી-પુરુષ પ્રમાણ જોઈએ તો ૬૯૮ નું જોવા મળે છે, જે ઘણું જ નીચું છે.
- નાની વયમાં લગ્ન કરવાનો રિવાજ આ જાતિમાં નથી જોવા મળતો પુખ્તવય બાદ જ લગ્ન થતા જોવા મળે છે.
- કુલ વ્યક્તિઓમાંથી લગભગ ૫૪% જેટલા વ્યક્તિઓ પરિણીત છે.
- સમગ્ર ૯૦૩ ની વસતિમાંથી ૧૩ વ્યક્તિ અપંગતા ધરાવતા જોવા મળ્યા હતા.
- સમગ્ર વસતિમાંથી ૪૭ નાના બાળકો શિક્ષણ નથી લઈ રહ્યા. તેને બાદ કરતા ૮૫૬ વ્યક્તિઓમાંથી ૭૫૩(૮૭.૯૭%) અક્ષરજ્ઞાન ધરાવતા કે જેઓ શાળામાં (આંગણવાડીથી ઉચ્ચતર શિક્ષણ સુધી) ગયા છે તેવા વ્યક્તિઓ છે અને ૧૦૩(૧૨.૦૩%) વ્યક્તિ અક્ષરજ્ઞાન ધરાવતા નથી.
- જાતિના સંદર્ભમાં જોઈએ તો ૮૨.૬૭% અક્ષરજ્ઞાન ધરાવે છે, જ્યારે ૧૭.૩૩% અક્ષરજ્ઞાન ધરાવતા નથી અને પુરુષોમાં ૯૨.૭૦% અક્ષરજ્ઞાનનું પ્રમાણ છે. આમ, જોઈએ સાક્ષરતાનું પ્રમાણ ઘણું ઊંચું જોવા મળે છે.
- શિક્ષણના સંદર્ભમાં જોઈએ તો ૫૦% લોકોએ ફક્ત પ્રાથમિક શિક્ષણ સુધી જ અભ્યાસ કરેલ છે. જ્યારે જેમ શિક્ષણ વધતું જાય તેમ વ્યક્તિઓ ઘટતી જાય છે. સ્નાતક કક્ષા કે તેથી ઉપર ભણતા લોકોનું પ્રમાણ ૪% થી પણ ઓછું જોવા મળે છે.
- અત્યારના સમયમાં એકંદરે શિક્ષણને અનુરૂપ વાતાવરણ જોવા મળે છે. બધાજ નાના બાળકોને જે શાળાએ જવા યોગ્ય હોય તેમને શાળામાં દાખલ કરવામાં આવે છે અને તેઓ ભણવા જાય છે. હાલ ૨૧૦ બાળકો અભ્યાસ કરી રહ્યા છે, તેમાં પણ સૌથી મોટું જૂથ ૫૫% પ્રાથમિક શિક્ષણ લેનારનું છે. જેમ જેમ શિક્ષણનું સ્તર વધે છે તેમ તેમ સંખ્યા ઘટતી જાય છે.
- શિક્ષણ ચાલુ છે તેવા બાળકોના કુટુંબો ≤૧૦૦૦ થી લઈને ૧૦૦૦૧ ≤ સુધી ખર્ચ કરતા જોવા મળ્યા છે. MBBS કક્ષાએ ભણતા વિદ્યાર્થી જોવા મળેલ છે પરંતુ તેઓ સંખ્યામાં ૧-૨ જ છે.
- કુલ ૨૦૮ કુટુંબોમાંથી ૧૪૩(૬૮%) પાસે પોતાની માલિકીનું મકાન છે.
- ૧૬૬ મકાન હાઉસીંગ બોર્ડ દ્વારા ફાળવવામાં આવ્યા છે. પરંતુ ૧૦૦ વ્યક્તિ જ મકાન મળ્યું છે તેમ જણાવે છે. ૬૬ વ્યક્તિને મકાન મળેલ છે છતાં સદ્‌ભાવના નગરનું મકાન બતાવતા નથી.
- સદ્‌ભાવના નગરમાં રહેતા ૬૯ કુટુંબોમાંથી ૬૦ કુટુંબોને હાઉસીંગબોર્ડમાંથી મકાન મળેલ છે.
- મોટાભાગના (૭૫%) કુટુંબો ૧ રૂમના મકાનમાં રહેતા જોવા મળેલ છે.
- વિજળી-પાણી-બાથરૂમ-સંડાસની સુવિધાઓનું પ્રમાણ જુદુ જુદુ છે પરંતુ ૧૮(૮.૬૫%) કુટુંબને વીજ જોડાણ નથી અને ૩૩(૧૧.૫૪%) કુટુંબો પાસે જાજરૂની વ્યવસ્થા નથી.

- ૨૦૮ કુટુંબમાંથી ૧૦.૫૮%(૨૨) કુટુંબો રેશનીંગ કાર્ડ ધરાવતા નથી
- ઉત્તરદાતાઓ દ્વારા વાપરવામાં આવતા બળતણ વિશે જોઈએ તો ૬૧.૫૪% કુટુંબો એલ.પી.જી.નો બળતણ તરીકે ઉપયોગ કરે છે. પરંતુ લગભગ બધાજ કુટુંબો ફક્ત એક જ બળતણ પર અવલંબિત નથી. લાકડા કે અન્ય બળતણ ઉપલબ્ધ હોય તો એલ.પી.જી.નો ઉપયોગ નથી કરતા.
- કુલ વસતિના ૪૯.૫૦% લોકો કામ કરે છે. જ્યારે ૨૨.૦૪% કામ નહી કરતી વ્યક્તિઓ જોવા મળે છે. કામદારોમાં બહેનોનો હિસ્સો ૩૫.૫૭% છે.
- રોજગારીનાં મુખ્ય ક્ષેત્રો જોઈએ તો કામ કરતા કુલ ૪૪૭(૪૯.૫૦%) વ્યક્તિઓમાંથી ૨૫.૦૬% છૂટક મજૂરીમાંથી આર્થિક ઉપાર્જન કરે છે. જ્યારે બીજું મોટું ક્ષેત્ર વાંસકામ છે જેમાંથી ૧૭.૪૫% વ્યક્તિઓ રોજગારી મેળવે છે. તેમાં મોટાભાગની મહિલાઓ જોડાયેલ છે, ફક્ત ૮ પુરુષો વાંસકામ સાથે જોડાયેલા જોવા મળે છે. ત્રીજું રોજગારી આપતું મોટું ક્ષેત્ર તે પ્રેસકામ છે. જેમાંથી ૬૭(૧૪.૯૯%) વ્યક્તિઓ રોજગારી મેળવે છે. તેમાં ૬૪ પુરુષો અને ૩ સ્ત્રીઓનો સમાવેશ થાય છે. જ્યારે ખાનગી નોકરી કરતી સંખ્યા પણ ૬૬ જેટલી મોટી છે, તેજ રીતે બીજાના ઘરોમાં ૪૧ સ્ત્રીઓ કામ કરવા જાય છે. તે પણ રોજગારી આપતું મોટું ક્ષેત્ર જોવા મળે છે. આ સિવાય ડ્રાયવિંગ, સરકારી નોકરી, ગૃહઉદ્યોગ, દુકાન, સિવણ, ગારમેન્ટ જેવા ક્ષેત્રોમાંથી પણ રોજગારી મેળવે છે.
- દૈનિક આવકના સંદર્ભમાં જોઈએ તો રૂા.૫૦ થી ૧૦૦ વચ્ચે આવક મેળવતા ૪૯.૬૬ વ્યક્તિઓ છે અને ૫૦ થી ઓછી આવક મેળવતા ૪૦.૦૪ વ્યક્તિઓ છે. એટલે કે ૯૦% વ્યક્તિઓ રૂા.૧૦૦ થી ઓછી દૈનિક આવક મેળવે છે.
- રોજગારી મહિનામાં સરેરાશ કેટલી મળે છે તે વિશે જાણતા લગભગ ૩૦% લોકોએ ૨૦ દિવસ કે તેથી ઓછી દિવસ રોજગારી મળે છે તેમ જણાવ્યું છે. જ્યારે ૫૨.૮૦% લોકોને પુરો માસ રોજગારી મળી રહે છે તેમ જણાવે છે.
- કુલ ૨૦૮ કુટુંબોમાંથી ફક્ત ૩૩ કુટુંબો પાસે રૂા.૨૫૦૦ થી વધારેની ઘરવખરી જોવા મળી છે. જ્યારે સૌથી વધારે કુટુંબ સંખ્યા(૭૨-૩૪.૬૨%) રૂા.૫૦૦૧ થી ૧૫૦૦૦ ના કિંમતની ઘરવખરી ધરાવે છે.
- માસિક ખર્ચના સંદર્ભમાં જોઈએ તો ૭૫.૪૯% કુટુંબો રૂા.૫૦૦૦ કે તેથી ઓછો ખર્ચ કરતા જોવામળે છે.
- આવક-ખર્ચના અંદાજોને મેળવતા જણાય છે કે ૫૩.૮૫% કુટુંબો જણાવે છે કે તેમની આવક કરતા તેમનું ખર્ચ વધારે છે.
- કુલ કામ કરી શકે તેવા વ્યક્તિ(નાના અને ભણતા બાળકો બાદ કરતાં) ૬૪૬ છે. તેમાંથી ૨૪૮ પાસે જુદી જુદી આવડતો છે. તેમાં સૌથી મોટા જૂથો પ્રેસકામ અને વાંસકામની આવડતવાળા છે.

સૂચનો :

૧. જાતિનાં દાખલા મેળવવામાં પડતી તકલીફ દૂર કરવા

૨. મકાનમાં હપ્તા પેટે નાનો હપ્તો કરી આપવાથી નિયમિત હપ્તા ભરાશે તેવી બાંહેધરી બરોડિયા જ્ઞાતિમંડળ આપે છે.

૩. સદ્દ્ભાવના નગરમાં હાઉસીંગ બોર્ડ દ્વારા ફાળવેલ મકાનોની ચઢેલ વ્યાજ અને દંડનીય રકમ ઘણી મોટી છે. જેની વસૂલી લગભગ અશક્ય દેખાય છે. આર્થિક પરિસ્થિતિને અનુલક્ષીને તેઓને મળવાપાત્ર સહાય/સબસીડી વિશે વિચારવું આવશ્યક લાગે છે.

૪. સ્થાનિક રોજગારી પુરૂષો તેમજ સ્ત્રીઓને મળી રહે તે માટે શહેરી ગરીબો માટે અમલમાં મૂકાયેલી વિવિધ યોજનાઓના અમલીકરણ હેઠળ આ કુટુંબોને આવરી લેવા જોઈએ.

૫. વાંસકામ(સ્ત્રીઓની મુખ્ય રોજગારી) અને પ્રેસ(છાપકામ) (પુરૂષોની મુખ્ય રોજગારી) બન્ને ધંધાઓની અંદર હરિફાઈ અને બરોડીયા સમાજની નીચી કુશળતા(Skill) ને કારણે બેરોજગારીનું પ્રમાણ ઊંચું છે. તેનાં પર્યાય રૂપે નવા ધંધાની બરોડીયા સમાજને તાલીમ અને શિક્ષણ આપવા અને સ્થાનીય કક્ષાએ રોજગારીની તકો ઉભી કરવી.

૬. નાના બાળકોનાં શિક્ષણ માટે સદ્દ્ભાવના નગર આંગણવાડી શરૂ કરવી. (આદિજાતિની આંગણવાડી યોજના સંદર્ભમાં વિચારી શકાય)

૭. ઉચ્ચશિક્ષણ અને શિષ્યવૃત્તિ માટે જરૂરી જાતિ પ્રમાણપત્ર ના અભાવને લીધે આ લાભથી વંચિત રહેતી સંખ્યા ઘણી છે. તે વિશે અસરકારક પગલાંઓ અત્યંત જરૂરી છે.

૮. શહેર તરફ શિક્ષણ લેવા માટે અને રોજગારીની તકો ઉંચી હોવાથી મ્યુ.બસને સદ્દ્ભાવના નગર સુધી લંબાવવી જોઈએ.

૯. સ્થાનિક કક્ષાની સસ્તા અનાજની દુકાનમાં જ રેશનકાર્ડ બધાને મળે તેવી વ્યવસ્થા ગોઠવવી.

૧૦. વાંસકામના વ્યવસાયમાં અમદાવાદ શહેરમાં વસતા બરોડિયાની સ્થિતિ જોઈએ તો ૬૧ કુટુંબોમાંથી ૫૯ મહિલાઓ અને ૨ પુરૂષો વાંસકામનો વ્યવસાય કરતા જોવા મળેલ છે. અહીં વાંસકામના વ્યવસાયમાંથી કુટુંબનું ભરણપોષણ થઈ શકે તેટલી આવક મળતી નથી. પરંતું આ કુટુંબોમાં આ આવકના પરિણામે આર્થિક સધ્ધરતા વધતી જોવા મળે છે. જેનું કારણ પુરુષ અને સ્ત્રી બંને કામ કરતા હોવાનું છે. તેના કારણે શૈક્ષણિક સ્તર પણ અન્ય કુટુંબો કરતા ઊંચું જોવા મળે છે.

૧૧. સદ્દ્ભાવના નગરમાં સ્ટ્રીટલાઈટ હાલમાં કાર્યરત નથી. આથી તેની જગ્યાએ સોલર સ્ટ્રીટ લાઈટ મૂકી શકાય. જેનું વ્યવસ્થાપન સમુદાયના લોકો કરે તેવી વ્યવસ્થા ગોઠવવી જોઈએ.

परिशिष्ट-१

# सारणी क-11 (परिशिष्ट) जिलानुसार अनुसूचित जनजातियों की जनसंख्या
## (प्रत्येक जनजाति के लिए अलग से)

# Table A-11 (Appendix) DISTRICT WISE SCHEDULED TRIBE POPULATION
## (FOR EACH TRIBE SEPARATELY)

| अनुसूचित जनजाति का नाम | योग/ Total | | ग्रामीण/ Rural | | नगरीय/ Urban | | Name of the Scheduled Tribe |
|---|---|---|---|---|---|---|---|
| | पुरुष Males | स्त्रियां Females | पुरुष Males | स्त्रियां Females | पुरुष Males | स्त्रियां Females | |
| 1 | 2 | 3 | 4 | 5 | 6 | 7 | 1 |
| जिला - गांधीनगर 06 District - Gandhinagar 06 | | | | | | | |
| गोंड, राजगोंड | 3 | 4 | 0 | 0 | 3 | 4 | Gond, Rajgond |
| कथोडी,कटकारी,ढोर कथोडी.. . | 6 | 4 | 3 | 1 | 3 | 3 | Kathodi, Katkari, Dhor Kathodi, . . . |
| कोकना, कोकनी, कुकना | 81 | 76 | 3 | 2 | 78 | 74 | Kokha, Kokni, Kukha |
| कोली ढोर, टोकरे कोली,कोल्चा.. | 3 | 3 | 0 | 0 | 3 | 3 | Koli Dhor, Tokre Koli, Kolcha, . . . |
| नायकडा,नायका,चोलीवाला नायका... | 480 | 409 | 100 | 173 | 280 | 230 | Naikda,Nayaka, Cholivala Nayaka . . . |
| पढार | 59 | 54 | 44 | 39 | 15 | 15 | Padhar |
| पारधी, अदविचिन्चेर,फांनसे पारधी.. . | 116 | 101 | 67 | 58 | 49 | 43 | Pardhi,Advichincher,Phanse Pardhi.... |
| पटेलिया | 319 | 229 | 52 | 30 | 267 | 199 | Patelia |
| पोमला | 7 | 3 | 5 | 1 | 2 | 2 | Pomla |
| राठवा | 269 | 228 | 117 | 86 | 152 | 142 | Rathawa |
| वारली | 0 | 1 | 0 | 1 | 0 | 0 | Varli |
| विटोला, कोतवालिया, बरोडिया | 40 | 29 | 1 | 0 | 39 | 29 | Vitola, Kotwalia, Barodia |
| जिला - अहमदाबाद 07 District - Ahmadabad 07 | | | | | | | |
| सभी अनुसूचित जनजातियां | 30,819 | 27,216 | 7,988 | 7,346 | 22,831 | 19,870 | All Scheduled Tribes |
| बारडा | 63 | 36 | 0 | 0 | 63 | 36 | Barda |
| बावचा, बामचा | 711 | 604 | 5 | 6 | 706 | 598 | Bavacha, Bamcha |
| भील,भील गरासिया,धोली भील,.... | 17,651 | 15,404 | 1,769 | 1,513 | 15,882 | 13,891 | Bhil, Bhil Garasia, Dholi Bhil, . . . |
| चोधरा | 59 | 55 | 0 | 0 | 59 | 55 | Chodhara |
| धनका, टडवी,तेतारिया, . . . | 841 | 805 | 484 | 451 | 357 | 354 | Dhanka, Tadvi, Tetaria, . . . |
| धोडिया | 311 | 283 | 24 | 19 | 287 | 264 | Dhodia |
| दुबला, तलाविया, हलपति | 241 | 194 | 74 | 53 | 167 | 141 | Dubla, Talavia, Halpati |
| गमित, गम्ता, गविट, . . . | 224 | 172 | 34 | 23 | 190 | 149 | Gamit, Gamta, Gavit, . . . |
| गोंड, राजगोंड | 284 | 277 | 1 | 0 | 283 | 277 | Gond, Rajgond |
| कथोडी,कटकारी,ढोर कथोडी.. . | 8 | 6 | 0 | 0 | 8 | 6 | Kathodi, Katkari, Dhor Kathodi, . . . |
| कोकना, कोकनी, कुकना | 99 | 65 | 12 | 9 | 87 | 56 | Kokna, Kokni, Kukna |
| कोली ढोर, टोकरे कोली,कोल्चा.. | 42 | 28 | 14 | 12 | 28 | 16 | Koli Dhor, Tokre Koli, Kolcha, . . . |
| नायकडा,नायका,चोलीवाला नायका... | 639 | 634 | 185 | 197 | 454 | 437 | Naikda,Nayaka, Cholivala Nayaka . . . |
| पढार | 4,924 | 4,679 | 4,824 | 4,595 | 100 | 84 | Padhar |
| पारधी, अदविचिन्चेर,फांनसे पारधी.... | 156 | 126 | 47 | 40 | 109 | 86 | Pardhi,Advichincher,Phanse Pardhi.... |
| पटेलिया | 833 | 670 | 97 | 90 | 736 | 580 | Patelia |
| पोमला | 49 | 44 | 0 | 0 | 49 | 44 | Pomla |
| राठवा | 374 | 325 | 143 | 113 | 231 | 212 | Rathawa |
| वारली | 7 | 10 | 3 | 3 | 4 | 7 | Varli |
| विटोला, कोतवालिया, बरोडिया | 232 | 234 | 2 | 1 | 230 | 233 | Vitola, Kotwalia, Barodia |
| जिला - सुरेन्द्रनगर 08 District - Surendranagar 08 | | | | | | | |
| सभी अनुसूचित जनजातियां | 7,450 | 6,888 | 6,920 | 6,404 | 530 | 484 | All Scheduled Tribes |
| बारडा | 5 | 4 | 5 | 4 | 0 | 0 | Barda |
| भील,भील गरासिया,धोली भील,.... | 1,133 | 1,000 | 799 | 689 | 334 | 311 | Bhil, Bhil Garasia, Dholi Bhil, . . . |
| धनका, टडवी,तेतारिया, . . . | 53 | 52 | 44 | 46 | 9 | 6 | Dhanka, Tadvi, Tetaria, . . . |
| धोडिया | 53 | 50 | 35 | 32 | 18 | 18 | Dhodia |
| दुबला, तलाविया, हलपति | 10 | 10 | 10 | 9 | 0 | 1 | Dubla, Talavia, Halpati |
| गमित, गम्ता, गविट, . . . | 97 | 64 | 94 | 60 | 3 | 4 | Gamit, Gamta, Gavit, . . . |
| गोंड, राजगोंड | 5 | 4 | 5 | 4 | 0 | 0 | Gond, Rajgond |
| कोकना, कोकनी, कुकना | 12 | 11 | 9 | 7 | 3 | 4 | Kokna, Kokni, Kukna |
| कोली ढोर, टोकरे कोली,कोल्चा.. | 2 | 2 | 2 | 2 | 0 | 0 | Koli Dhor, Tokre Koli, Kolcha, . . . |

## પરિશિષ્ટ-૨

**સદ્‌ભાવના નગરમાં રહેતી બરોડિયા જાતિને ગુજરાત હાઉસીંગ બોર્ડ દ્વારા ફાળવેલ મકાનની નોંધ :**

ગુજરાત હાઉસીંગ બોર્ડ દ્વારા ૧૯૯૭ ની અંદર ૧૭૬ E.W.S. ગેરતપુરના નામથી બરોડિયા વાંસકામદારો માટે મકાનની યોજના મૂકવામાં આવી હતી. આ યોજનામાં ૧૭૬ પૈકી ૧૬૬ મકાન ગુજરાત હાઉસીંગ બોર્ડ દ્વારા બનાવવામાં આવ્યા છે. તે સમયે મકાનની કિંમત રૂા.૪૧,૦૦૦/- ગણવામાં આવી હતી. ૧૬૬ બરોડિયા વાંસકામદારોને આ મકાન ફાળવવામાં આવ્યા હતા. આ મકાનોમાં સરકારશ્રી દ્વારા સબસીડી(જે અનુસૂચિત જનજાતિના લાભાર્થીને મળવાપાત્ર હોય તે) આપવામાં આવે તેવી માંગણી મકાનોની ફાળવણી સમયથી કરવામાં આવી છે, પરંતુ તેવા કોઈ દસ્તાવેજ જોવા મળતા નથી. જેમાં સરકારશ્રી તરફથી સબસીડી આપવામાં આવશે તેવું જણાવાયું હોય. તકેદારી અધિકારીશ્રી, અમદાવાદ દ્વારા આ યોજનાના લાભાર્થીઓ પાસેથી જરૂરી કાગળો મેળવવામાં આવશે તેમ જણાવાયું છે, તેમજ લાભાર્થીઓ તરફથી દસ્તાવેજો મેળવવામાં તકેદારી અધિકારીશ્રી, અમદાવાદ મુશ્કેલી પડતી હોવાનું પણ સદ્‌ભાવના વસાહત - હાથીજણના પ્રમુખને લખીને જણાવાયું છે. આ પત્રવ્યવહારો જાણવા મળેલ છે પરંતુ સબસીડી વિષયક કાગળો કોઈપણ મળેલ નથી, જે પરથી લાગે છે કે આ યોજનામાં સરકારશ્રી તરફથી લાભાર્થીઓને સસ્તા પ્રકારના મકાન ખાસ યોજના દ્વારા ફાળવવામાં આવ્યા છે પરંતુ આ મકાનમાં સબસીડી આપવામાં આવી નથી.

બરોડિયા સમાજના પ્રતિનિધિ મંડળ સાથે વારંવાર બેઠકો ઉત્તરદાતાઓની મુલાકાતો પરથી એમ જાણવા મળે છે કે જે બરોડિયા કુટુંબોમાં મા-બાપ પાસે બરોડિયાનો જનજાતિનો દાખલો છે તેમના પુત્ર-પુત્રીઓને પણ આ દાખલો મળવામાં મુશ્કેલી પડે છે. આ રીતે જનજાતિના દાખલાનો પ્રશ્ન ઘણો મોટો છે. મકાનના સંદર્ભમાં જે લોકો પાસે આ દાખલો ન હતો. તેમને સબસીડી મળી નથી. આથી પણ ઘણા લોકોએ હપ્તા ભરવાના બંધ કર્યા છે. આમ, તેમ જાણવા મળ્યું હતું. સમાજમાં એક વિસંગતતા સરકારી ઉભી કરી રહી છે તેવો ભાવ તેઓના મંતવ્ય પરથી જણાતો હતો. આમ, આ સમાજના જનજાતિના દાખલાના પ્રશ્નને પણ વ્યવસ્થિત રીતે ધ્યાને લેવું જોઈએ તેમ અનુભવાય છે.

ઉપરોક્ત હકીકતો બાદનું ચિત્ર જોઈએ તો આ વસાહત અમદાવાદથી ૨૨ કિ.મી. દૂર હોવાથી તેમજ અપૂરતા વાહનવ્યવહારની સગવડ તેમજ સ્થાનિક રોજગારીના અભાવને લીધે

લોકોએ મકાન નોંધાવી દીધા પછી પણ ત્યાં રહેવા જવાની કે મકાન મરામતની બિલકુલ કાળજી લીધી નથી. ઘણાં સમયથી આ યોજનાના લાભાર્થીઓએ હપ્તા નહીં ભર્યા હોવાથી મકાન કિંમત કરતા બમણી કિંમત જેટલા ચઢેલા હપ્તા અને દંડની રકમ થઈ ચૂકી છે. આજની પરિસ્થિતિમાં આ રકમની ચૂકવણી કરવાની મકાન કબજેદારોની પરિસ્થિતિ નથી તેમ તેઓ જણાવે છે. જ્યારે હાઉસીંગ બોર્ડ પોતાના બાકી નિકળતા નાણાં મેળવવા મકાનોની હરાજી કરવા સુધી પગલાં લેવાનું વિચારી રહ્યું છે. તે સહજ સરકારી સંસ્થાના પગલાં દેખાય છે. અત્યારે ૧૬૬ મકાનમાંથી ૬૯ બરોડિયા પરિવારો ત્યાં રહે છે. તેમાંથી ૨૦ રહેવાસીઓએ તેઓનું પોતાનું મકાન નથી તેમ જણાવ્યું છે.

આ પરથી જણાય છે કે ફક્ત ૪૯ બરોડિયા પરિવારો પોતાના સદ્‌ભાવના નગરના મકાનનો ઉપયોગ કરે છે. અત્રે સરકાર દ્વારા કરવામાં આવેલ આખા ખર્ચની ફલશ્રુતિમાં જમા કરતા ઉધાર પાસું વધુ દેખાઈ રહ્યું છે. છતાં બરોડિયા સમાજ આ મકાનોના હપ્તા હવેથી 'ચોક્કસ ભરાશે' તેવું જણાવે છે અને જો મકાનોની હરાજી કરવી જ પડે તો તે તેમની જ જ્ઞાતિના અન્ય લોકોને જ સદ્‌ભાવના નગરમાં મકાન વેચાય તેવી માંગણી તેઓની છે.

સદ્‌ભાવના નગર વસાહતનું સમગ્ર ચિત્ર કંઈક એવું બને છે કે જ્યાં સુધી પૂરતી વાહનવ્યવહારની સગવડ ન બને તેમજ માળખાકીય અન્ય સુવિધાઓ ન વિકસે ત્યાં સુધી આ વસાહત વિકાસમાં મોટા અંતરિયાળો દેખાય છે. સદ્‌ભાવના નગરનો 'ઔડાં' વિસ્તારમાં સમાવેશ થાય, તો તેનાથી તેઓના થોડા પ્રશ્નો ઉકેલાશે તેમ જણાય છે.

# બરોડિયા જનજાતિમાં વાંસકામ કરતી મહિલાઓ - 'વ્યક્તિ તપાસ'

પ્રસ્તાવના :

કોઈપણ અભ્યાસ કરતા પહેલા અભ્યાસના તમામ પાસાનો ગહન અભ્યાસ કરવો જરૂરી છે, તેના તમામ પાસાઓને જાણવા જરૂરી છે. જે અભ્યાસ હાથ ધરી રહ્યા છીએ તેનું મહત્ત્વ જાણવું અને અગાઉ પણ આ અભ્યાસ થઈ ચૂક્યા છે કે નહી અને થયા હોય તો પહેલા અને અત્યારની પરિસ્થિતિમાં શું પરિવર્તન જોવા મળે છે તે અભ્યાસ કરવો જરૂરી છે. બરોડીયા સમાજનો અભ્યાસ કરતા જણાય છે કે આ જાતિનો મુખ્ય વ્યવસાય વાંસકામનો છે. મોટાભાગની બહેનો વાંસકામના વ્યવસાય સાથે સંકળાયેલી જોવા મળે છે. બરોડિયા જાતિ એ અનુસૂચિત જનજાતિમાં આવે છે. આ જાતિના લોકોની આર્થિક પરિસ્થિતિ નબળી જોવા મળે છે.

અમદાવાદમાં વસતા 'બરોડિયા' જાતિના લોકોને હિંદુ મરાઠા, વાંસફોડા, હિંદુ વાંસફોડા, દક્ષિણી-વાંસફોડા વગેરે નામથી ઓળખવામાં આવે છે. આ જાતિના ઈતિહાસ અને મૂળ વિષે ચોક્કસ પ્રકારની લેખિત તેમજ મૌખિક દંતકથા છે.

બરોડીયા એ મૂળ દક્ષિણની મહારાષ્ટ્ર અને કર્ણાટકની બરૂડ જાતિનું એમ બન્નેનું પ્રતિનિધિત્વ કરતા હોય તેવું તેઓના રીત-રિવાજ, ધાર્મિક માન્યતા, દેવ-દેવી વગેરે ઉપરથી લાગે છે. દક્ષિણના બરૂડ જ સ્થળાંતર કરીને ગુજરાતમાં આવીને વસ્યા બાદ પરંપરાગત ધંધો વાંસકામ ચાલુ રાખ્યો અને ગુજરાતમાં વાંસફોડાનો સામાજિક દરજ્જો ઊંચો હોવાથી તેમાં ભળવાનો તેમણે પ્રયાસ કર્યો છે. સામાજિક દરજ્જાના મોહથી અને અજ્ઞાનતાને કારણે બરોડીયાઓએ પોતાની જાતને વાંસફોડા તરીકે ગણવાનું શરૂ કર્યું હતું.

બરોડીયા જાતિના પંચ દ્વારા તેઓની અટક(કુળ) દ્વારા દર્શાવવામાં આવ્યા છે. આ અટકો(કુળ)માંથી અમુક અટકો(કુળ) (મોરે, સોનવણે, ખૈરે, ચીંચવલે) The Tribes and Castes of Bombay (1920 P.No.256) માં બરૂડ જાતિની અટકો(કુળ) રૂપે દર્શાવવામાં આવી છે.

અમદાવાદ શહેરમાં બરોડીયા જાતિની વસતિ મુખ્યત્વે શ્રમજીવી વસાહતો અને ઝૂંપડપટ્ટીમાં જોવા મળે છે. સાબરમતી નદીના પટમાં આવેલ ઝૂંપડપટ્ટીથી લઈને માધુપુરા, લુમસાવાડ, દિલ્હી ચકલા, હાટકેશ્વર, પાલડી, મણિનગરની અલગ અલગ વસાહતોમાં બરોડીયા વસે છે. હાલ તેઓની મોટી વસાહત સદ્‌ભાવના નગર, હાથીજણ છે. જ્યાં ૧૬૬ જેટલા મકાનો સરકારશ્રીની મદદથી અમદાવાદના બરોડીયા પરિવારો માટે બાંધવામાં આવેલ છે. તેમાં પરિવારો રહે છે. તદ્‌ઉપરાંત અમદાવાદ શહેરમાં મુખ્યત્વે હાટકેશ્વર, રાયપુર નદીના પટમાં અને મણિનગરમાં તેઓ રહે છે.

બરોડિયા જ્ઞાતિમાં પિતૃ સમાજ વ્યવસ્થા છે. કુટુંબમાં પિતાનું પ્રભુત્વ જોવા મળે છે. આમ છતાં સ્ત્રીઓનું વર્ચસ્વ પણ છે. ખાસ કરીને વાંસમાંથી માલ બનાવવા તેમજ વેચવાનું કામ સ્ત્રીઓ વધારે કરે છે. આ અંગેનો નાણાંકીય વ્યવહાર પણ સ્ત્રીઓ કરે છે. આમ, વેચાણ કુશળતા સ્ત્રીઓમાં છે.

પહેલાના સમયમાં બરોડીયા સમાજની બહેનો તૈયાર માલ ઘરે-ઘર વેચવા માટે જતી હતી તે પ્રથા આજે ઓછી છે. હવે તો બહેનો ઘર આંગણે જ નાની દુકાન-હાટડી માંડીને બહેનો તૈયાર માલ વેચે છે, સાથે ગૃહવ્યવસ્થાનું કામ તેમજ નાનું મોટું વાંસકામ પણ કરે છે.

બરોડીયા સમાજનો સર્વે કરતા જણાય છે કે તેઓની આર્થિક પરિસ્થિતિ ખૂબ જ નબળી જોવા મળે છે. બહેનો વાંસકામ કરે છે પણ તેમની મજૂરી વધી જાય છે અને વળતર ખૂબ જ ઓછું મળે છે. પુરૂષો મોટેભાગે પ્રેસકામ અને છૂટક મજૂરી કરતા જોવા મળે છે. શિક્ષણનું પ્રમાણ એકંદરે ઊંચું જોવા મળે છે. જો આ જાતિને આગળ લાવવી હોય તો તેમને વાંસકામમાં ઓછી મજૂરીએ વધારે વળતર મળે અને પ્રેસકામમાં રોકાયેલા પુરૂષોને ટ્રેનીંગ આપીને તેઓ વધારે કમાઈ શકે તેવા પ્રયત્નો કરવા જોઈએ.



વાંસકામ કરતી બરોડિયા મહિલાઓ



રમીલાબેન ભરતભાઈ મોરે
સદ્ભાવના નગર,
હાથીજણ, અમદાવાદ

રમીલાબેન ભરતભાઈ મોરે, જેઓના વડવા પૂનાના છે પણ તેઓ પેઢીઓથી જ અમદાવાદમાં આવીને વસેલા છે અને વંશપરંપરાગત વાંસનું કામ છેલ્લા ૧૦ થી ૧૫ વર્ષથી તેઓ કરે છે. રમીલાબેનના ઘરે પુખ્તવયના એક પુરૂષ અને ત્રણ સ્ત્રીઓ છે. જ્યારે એક પુત્ર અને બે પુત્રી છે. ઘરમાં ૫ સ્ત્રી અને ૨ પુરુષ એમ કુલ ૭ જણા છે. રમીલાબેનના ઘરના સભ્યોની ઉંમર અને શૈક્ષણિક લાયકાત નીચે પ્રમાણે છે.

| ક્રમ | કુટુંબના સભ્યોનું નામ | ઉંમર | શૈક્ષણિક લાયકાત |
|---|---|---|---|
| ૧. | ભરતભાઈ શંકરભાઈ મોરે | ૪૦ | ૧૦ ધોરણ પાસ |
| ૨. | રમીલાબેન ભરતભાઈ મોરે | ૩૫ | ૪ ધોરણ પાસ |
| ૩. | દિપીકાબેન ભરતભાઈ મોરે | ૧૮ | ૧૨ ધોરણ પાસ |
| ૪. | વૈશાલીબેન ભરતભાઈ મોરે | ૧૫ | ૧૦ ધોરણ ભણે છે. |
| ૫. | દર્શનાબેન ભરતભાઈ મોરે | ૧૩ | ૭ ધોરણ ભણે છે. |
| ૬. | કૃણાલભાઈ ભરતભાઈ મોરે | ૧૧ | ૬ ધોરણ ભણે છે. |
| ૭. | કરિશ્મા ભરતભાઈ મોરે | ૦૯ | ૪ ધોરણ ભણે છે. |

અમદાવાદમાં આવેલા હાથીજણ ગામ પાસે સદ્ભાવના નગરમાં રમીલાબેનનું એક રૂમનું (૮ બાય ૧૦ની ઓરડી) ઘર છે. જેમાં ઉપરોક્ત વિગતો પરથી માલૂમ પડે છે કે, ઘરનાં કુલ સાત સભ્યો સાથે રહે છે. ઘરના તમામે તમામ સભ્યો ઓછુવત્તું ભણેલા તો છે પણ ઘરનાં આવકનો સ્ત્રોત જોઈએ તો પતિ-પત્નીની સંયુક્ત કમાઈ છે, તેમાંથી સમગ્ર ઘર ખર્ચ ચાલે છે. ઘરના મુખ્ય પુરૂષ ભરતભાઈ મોરે છૂટક મજૂરી કરે છે. મોટેભાગે પેટ્રોલપંપ પર કામ કરતા હોય છે અને તેઓને દિવસના ૫૦ રૂા. છૂટક મજૂરી મળે છે. જે મહિનામાં ૧૫૦૦રૂા. થાય અને રમીલાબેન પોતે વાંસકામ કરે છે. અહીં રમીલાબેનના પતિ વાંસકામ કરતા નથી. તેઓને વાંસકામ આવડતું પણ નથી.

રમીલાબેન વાંસકામનો કાચો માલ પાનકોર નાકાથી લાવે છે. તેઓ સવારે ૧૦.૦૦થી સાંજે ૬.૦૦ વાગ્યા સુધી વાંસકામ કરતા હોય છે. મોટી દિકરી ઘરનું કામ કરતી હોય છે. રમીલાબેન વાંસકામમાં ટોપલીઓ બનાવે છે. કાચો માલ મેળવવા તેઓ રૂા.૫૦ ની એક તેમ ચટાઈઓ લાવે છે અથવા ૪ ફૂટ વાંસના ૧૦૦ રૂપિયા આપે છે. એક દિવસમાં તેઓ બે ડઝન

ટોપલીઓ બનાવે છે. તેના તેમને ૬૦ રૂપિયા મળે છે. એ ટોપલીઓ તેઓ જ્યાંથી માલ ખરીદે છે, તેજ દુકાનદારને ૩ રૂા. લેખે વેચી દે છે. અહીં તેઓને વાંસ લાવવા-લઈ જવાની અને ઘરમાં મૂકવાની ખૂબજ અગવડ પડતી હોય છે. આ કામ માટે રમીલાબેન સાધનોમાં છરી, છરો, હથોડી, આરી, જાડું લાકડું(પીડું)નો ઉપયોગ કરે છે. બનાવેલો બધોજ માલ તેઓ વેપારીને વેચે છે. જો તેઓ બાર છૂટક વાંસની વસ્તુ વેચે તો તેઓને ખૂબ સારો નફો મળે. પણ વેપારીઓ વચેટીયાઓનું કામ કરતા હોવાથી તેઓને મહેનતના પ્રમાણમાં વળતર ઓછું મળે છે.

વાંસકામ કરતા રમીલાબેનને કમર અને આંખોની તકલીફ થાય છે. દવા/ઈલાજ કરી શકે તેવી કોઈ સગવડો તેમના રહેઠાણની આજુબાજુમાં નથી.

- ઘરના વધુ સભ્યો અને આવકના માત્ર બે સ્રોત હોય તો આર્થિક તંગી અચૂક વર્તાય છે.
- વાંસના કામમાં વધુ નફો નથી માટે રમીલાબેનને આવડતી ભરતગૂંથણ અને અંકોડી ભરતનું કામ મળે તો તેઓ એ કામ કરી આગળ આવી શકે તેમ છે.
- દીકરીએ સીવણની તાલીમ લીધેલ છે, તેને સિલાઈ મશીન મળે તો તેમની આર્થિક સ્થિતિમાં ટેકારૂપ નીકળી શકે તેમ છે.

## લતાબેન સુરેશભાઈ માતુડકર

લતાબેન સુરેશભાઈ માતુડકર ખંભાતથી ૯ વર્ષ પહેલા અમદાવાદ આવીને વસ્યા છે. લતાબેનના ઘરમાં કુલ ૬ સભ્યો છે. જેમાં પુખ્તવયનો ૧ પુરૂષ અને પુખ્તવયની ૧ સ્ત્રી છે. બાકી બાળકો ૪ થી ૭ વર્ષના છે. કુટુંબના તમામ સભ્યોની શૈક્ષણિક લાયકાત તેમજ વય નીચે મુજબ છે.

| ક્રમ | કુટુંબના સભ્યોનું નામ | ઉંમર | શૈક્ષણિક લાયકાત |
|---|---|---|---|
| ૧. | સુરેશભાઈ પરસુરામ માતુડકર | ૪૦ | ધો.૧૦ પાસ |
| ૨. | લતાબેન સુરેશભાઈ માતુડકર | ૩૦ | અભણ |
| ૩. | જલ્પાબેન સુરેશભાઈ માતુડકર | ૧૫ | ધો.૭ પાસ |
| ૪. | મેઘાબેન સુરેશભાઈ માતુડકર | ૧૩ | ધો.૩ ચાલુ |
| ૫. | દેવાંગ સુરેશભાઈ માતુડકર | ૦૮ | ધો.૩ ચાલુ |
| ૬. | ચિરાગ સુરેશભાઈ માતુડકર | ૦૮ | ધો.૪ ચાલુ |

ઉપરોક્ત જોઈ શકાય છે કે સુરેશભાઈ ધો.૧૦ પાસ છે. લતાબેન અભણ છે અને સંતાનોમાં મોટી દિકરી ધો.૭ પાસ, બાકીના ત્રણે સંતાનો ભણે છે. એકંદરેના કુટુંબમાં લતાબેન સિવાયના બધાજ સભ્યો ભણેલા છે.

કુટુંબનું આર્થિક ચિત્ર જોઈએ તો કુટુંબના આવકનો સ્ત્રોત સુરેશભાઈ પરશુરામ માતુડકર. જેઓ કુટુંબના મુખ્ય કમાનાર વ્યક્તિ છે. જેઓ એક દિવસનું ૧૦૦રૂા. ભાડુ ચૂકવી રિક્ષા ચલાવે છે અને તેઓને રોજના ૧૫૦ રૂા. મળે છે. મહિનામાં ૪૫૦૦ રૂા. જેટલી આવક થાય છે. લતાબેન પોતે વાંસકામ કરે છે. જેઓ કાચો માલ ગીતામંદિરથી લાવે છે. જેમાં તેઓ રૂા.૨૫૦નું એક ચટાઈનું બંડલ લાવે છે. જેમાંથી તેઓ ૪૦૦ થી ૫૦૦ રૂા.ની ટોપલીઓ, ચાર થી પાંચ દિવસમાં બનાવે છે. અહીં ૧ ટોપલીના તેઓને ૨ થી ૩ રૂા. મળે છે. એક દિવસમાં તેઓ ૩ ડઝન ટોપલીઓ બનાવે છે. તેઓ આ માલ વેપારી પાસેથી લાવીને વેપારીને જ વેચી દે છે. લતાબેન આ કામ સવારે ૧૦.૦૦ વાગ્યાથી બેસીને સાંજે ૬.૦૦ સુધી કરે છે. આ વાંસકામ માટે તેઓ છરો અને જાડા લાકડાનો ઉપયોગ કરે છે. આઠ કલાકની મહેનત બાદ લતાબેનને એક દિવસના ૧૦૦રૂા. મળે છે. અહીં આવકની સામે ઘર ખર્ચ માસિક ૪૦૦૦ જેવો થઈ જાય છે. માટે આર્થિક સ્થિતિ ઉપર આવતી નથી. વળી એક મહિનામાં વાંસનું કામ ૨૦ થી ૨૨ દિવસ જ મળે છે. આ કામ ચોમાસામાં વાંસ પલળી જવાથી, વાંસને ઉધઈ લાગવાથી અને વાંસ લઈ જવા-લાવવાની ખૂબજ તકલીફ પડવાથી લગભગ બંધ રહે છે.

લતાબેનને સરકારી કોઈ યોજનાઓનો લાભ મળ્યો નથી અને તેઓનું કોઈ બચત મંડળ પણ નથી. વધુ વાંસકામ કરવાથી તેઓને કમર અને વાંસ ફાડવાથી છાતીમાં ખૂબજ દુ:ખાવો રહે છે અને આંગળીઓ કપાઈ જવાનો ભય પણ રહે છે.

- વાંસકામ સિવાય ગ્લુકોઝના બાટલા પેક કરવાનું કામ આ ઘરના સભ્યોને આવડે છે. જો આ કામ મળે તો તેઓ કરી શકે.
- વાંસ ક્યારેક ક્વોલિટીમાં ખરાબ આવે તો આ નુકસાન તેઓને જ વેઠવું પડે છે. તે નુકશાન દુકાનદારો કે માલ આપનાર માલિકો ભોગવતા નથી.
- સમય અને વાંસનો માલ બંને હોય છે પણ ક્યારેક શારીરિક તકલીફ વધી જાય તો તેઓ કામ કરી શકતા નથી.

## દેવીલાબહેન બાલકિશનભાઈ વાર્લેકર
## વિવેકાનંદનગર

દેવીલાબેન બાલકિશનભાઈ બુધાજી મૂળ અમદાવાદમાં ૫૦ વર્ષથી રહે છે. દેવીબેન અમદાવાદમાં આવેલા હાથીજણ પાસે વિવેકાનંદ નગરમાં રહે છે. દેવીબેનને હાઉસીંગનું મકાન પણ મળેલ છે. પણ આર્થિક સ્થિતિ નબળી હોવાને કારણે તેઓ આ મકાનના માત્ર ૭ હપ્તા જ ભરી શક્યા છે. દેવીબેનના ઘરમાં કુલ ૫ સભ્યો છે. જેમાં ૩ પુરૂષ અને ૨ સ્ત્રીઓ પુખ્તવયની છે. જેઓની ઉંમર અને શૈક્ષણિક લાયકાત નીચે મુજબ છે.

| ક્રમ | કુટુંબના સભ્યોનું નામ | ઉંમર | શૈક્ષણિક લાયકાત |
|---|---|---|---|
| ૧. | બાલકિશન બુધાજી વાર્લેકર | ૫૦ | અભણ |
| ૨. | દેવીલાબેન બાલકિશન બુધાજી વાર્લેકર | ૪૦ | અભણ |
| ૩. | દિલીપ બાલકિશન બુધાજી વાર્લેકર | ૨૫ | ૭ પાસ |
| ૪. | અરવિંદ બાલકિશન બુધાજી વાર્લેકર | ૨૩ | ૮ પાસ |
| ૫. | ઉષા બાલકિશન બુધાજી વાર્લેકર | ૨૧ | ૪ પાસ |

દેવીબેનના પતિ બાલકિશનભાઈ પ્રેસ બાઈન્ડીંગ કરવા જાય છે. જેઓ મહિનાના ૧૮૦૦ રૂા. મેળવે છે. દેવીબેન પોતે વાંસકામ કરે છે. જેઓ પણ મહિનામાં ૩૦ દિવસ કામ કરી ૯૦૦ રૂા. મેળવે છે. દેવીબેનનો મોટો પુત્ર દિલીપ ફર્નિચર કામ કરી ૧ મહિનામાં ૧૨૦૦ રૂા. મેળવે છે.

દેવીબેનનો બીજો પુત્ર અરવિંદ લેથ મશીન ચલાવી મહિને ૧૬૨૫ રૂા. મેળવે છે અને ઉષાબેન જેઓ પ્રેસમાં ઉચ્ચક કામ કરવા જાય છે અને મહિને ૬૦૦ રૂા. મેળવે છે.

દેવીબેનના ઘરના બધાજ સભ્યો નાનું-મોટું કમાય છે. ઘરની મહિનાની કુલ આવક ૬૧૨૫ રૂા. છે પણ આર્થિક સ્થિતિ જાળવી રાખવા શૈક્ષણિક સ્તર ખૂબજ નીચા સ્તરે આવી ગયું છે.

દેવીબેન પોતે સાવ અભણ છે પણ વાંસકામની આવડત ખૂબ સારી છે. દેવીબેન વાંસકામ માટે માલ ગીતમંદિરથી લાવે છે અને જેમ વેપારી ઓર્ડર આપે તેમજ તેઓ વસ્તુ બનાવે છે. દેવીબેન દિવસ દરમ્યાન ૮ કલાક વાંસકામ કરે છે. તેઓ માત્ર એક જ પ્રકારની નાની ટોપલી બનાવે છે. એક ટોપલીના ૩ રૂા. એટલે કે એક દિવસમાં તેઓ ૧ ડઝન(૩૬ રૂા.નું) કામ કરે છે. વાંસકામ કરતા દેવીબેન ક્યારેક વાંસની તૈયાર ચીપ્સ પાનકોર નાકાથી લાવે છે. સરેરાશ વાંસની

કિંમત ૫ ફૂટના ૧૦૦ રૂા. તેઓ ચૂકવે છે. વાંસકામ કરવા માટે તેઓ છરો, લાકડું, ભાલ(ચાપડા વાળવાનું સાધન) આવા સાધનોનો ઉપયોગ ખાસ કરે છે.

દેવીબેનને ચોમાસામાં આ કામ બિલકુલ મળતું નથી અને વધુ કલાકો આ કામ કરવાથી તેઓને છાતીમાં, આંખ, કમરમાં ખૂબજ દુઃખાવો થાય છે. સરકાર તરફથી કોઈ સહાય તેઓને મળી નથી.

આમ, આર્થિક રીતે મધ્યમ આ કુટુંબ છે પણ વાંસકામ કરવા માટે કેટલીક મુશ્કેલી તેઓને પડે છે.

- ક્યારેક ખરાબ કાચો માલ આવી જાય તો તમામ નુકસાન પોતાને જ ભોગવવું પડતું હોય છે.
- વાંસકામ માટે તેઓને માલ લાવવા અને લઈ જવાની તકલીફ પડે છે.

## હંસાબેન અમરતભાઈ મોરે

હંસાબેન અમરતભાઈ મોરે ૪૦ વર્ષથી અમદાવાદમાં વસે છે. હંસાબેન મૂળ પૂનાના છે. હંસાબેનના ઘરમાં કુલ ૫ સભ્યો છે. જેમાં પુખ્તવયના ૩ પુરુષ, ૨ સ્ત્રીઓ છે અને તેઓની ઉંમર અને શૈક્ષણિક લાયકાત નીચે મુજબ છે.

| ક્રમ | કુટુંબના સભ્યોનું નામ | ઉંમર | શૈક્ષણિક લાયકાત |
|---|---|---|---|
| ૧. | અમરતભાઈ શંકરભાઈ મોરે | ૪૦ | ૭ પાસ |
| ૨. | હંસાબેન અમરતભાઈ મોરે | ૩૫ | ૭ પાસ |
| ૩. | નિમીષાબેન અમરતભાઈ મોરે | ૨૦ | ૧૨ પાસ |
| ૪. | વિરેન્દ્ર અમરતભાઈ મોરે | ૧૮ | ધો. ૧૨ ચાલુ |
| ૫. | હેમંત અમરતભાઈ મોરે | ૧૬ | ધો. ૧૨ ચાલુ |

ઉપરોક્ત કુટુંબના બધાજ સભ્યો થોડું ઘણું તો ભણેલા છે અને ભણે છે. માટે કહી શકાય કે શૈક્ષણિક સ્તર મધ્યમ પ્રકારનું છે.

હંસાબેનના કુટુંબમાં સમગ્ર ઘર ખર્ચ તેઓના પતિ અને તેમની કમાણી પર આધારિત છે. હંસાબેનના પતિ પ્રાઈવેટ રિક્ષા ચલાવે છે. આ રિક્ષામાં તેઓ માલ-સામાનની હેરફેર કરે છે. તેમની દૈનિક આવક ૮૦ રૂા. છે અને મહિનામાં કુલ ૨૪ દિવસ જેટલું કામ મળે છે.

હંસાબેન છેલ્લા ૧૫ વર્ષથી વાંસકામ કરે છે. આ કામ માટે તેઓ કાચો માલ પાનકોરનાકાથી લાવે છે. ચટાઈ ૩૦૦ રૂા. ની ૫ પાનકોરનાકાથી લાવે છે અને વાંસ ભુલાભાઈ પાર્કથી ૧૦૦ રૂા.નો ૫ ફૂટ રિક્ષામાં અથવા બસમાં લાવે અને લઈ જાય છે. આ માલ તેઓને ૪-૫ દિવસ ચાલે છે.

હંસાબેન ૧૦ કલાકમાં ૧૦ નંગ ટોપલીઓ બનાવે છે. એક દિવસમાં હંસાબેન ૨૦ રૂા.નું કામ કરે છે. આ કામમાં તેઓ છરો અને લાકડાનો ઉપયોગ કરે છે.

હંસાબેનનું કહેવું છે કે જો તૈયાર વાંસ કાપેલો મળે તો તેઓ દિવસમાં ૨૦ ને બદલે ૪૦ રૂા.નું કામ કરી શકે. હાથથી વાંસ ફાડવામાં ખૂબજ સમય જાય છે. એ કારણથી કામ ઓછું થાય છે. વાંસકામ કરવા માટે હંસાબેન પાસે કોઈ અલગથી જગ્યા નથી તેઓ ઘર આંગણે જ કામ કરે છે.

હંસાબેનને વાંસકામ ખૂબ સારૂ ફાવે છે પણ તેઓ સાથે સાથે ઘરે ઘરે સામગ્રી,

ચીજવસ્તુ વેચવાનું માર્કેટીંગનું કામ પણ તેઓ કરી શકે તેમ છે. ચોમાસામાં પણ હંસાબેનનું વાંસની ટોપલી બનાવવાનું કામ ખૂબ ચાલે છે. અષાઢ મહિનામાં ગૌરીવ્રત આવે(છોકરીઓના વ્રત) ત્યારે આ ટોપલીનો ઉપાડ ખૂબ સારો હોય છે પણ ચોમાસામાં રસ્તામાં પાણી ભરાઈ જવાથી તેઓને પોતાના ઘરેથી (માલ લઈ જવા-લાવવાની ખૂબજ તકલીફ રહેતી હોય છે.)

વાંસકામ માટે હંસાબેન પાનકોરનાકા વેપારી પાસેથી માલ ખરીદે છે અને વેપારીને જ વેચે છે. વેપારી માલની કે બનાવેલ ટોપલીની જે કિંમત નક્કી કરે તેજ માન્ય રાખવી પડે છે. હંસાબેન વાંસના સ્ટેન્ડ - ભાવ ૪ રૂા.માં અને એક ટોપલી - ભાવ રૂા.૩ માં વેપારીને વેચે છે. આમ, મજૂરી વધારે અને વળતર ઓછું મળતું હોય તેવું લાગે છે.

- જો વાંસકામ માટે વાંસ ફાડવાના (ચીપ્સ બનાવવાના) મશીન આ લોકોને આપવામાં આવે તો ઓછા સમયમાં વધુ કામ તેઓ અચૂક કરી શકે.
- વાંસકામ કરીને બનાવેલ ટોપલી, સ્ટેન્ડ વગેરે જો વેપારી સિવાય ઉચ્ચક કોઈને વેચે તો આ લોકોને તેમની બનાવેલી વસ્તુના વધુ નાણાં મળી શકે તેમ છે.

## રતનબેન જસવંતભાઈ મોરે
## જુના માધુપુરા, અંબાજી માતાવાસ, દિલ્હી દરવાજા, દરિયાપુર, અમદાવાદ

રતનબેન જસવંતભાઈ મોરે છેલ્લા ૫૦ વર્ષથી અમદાવાદમાં રહે છે. તેઓ પાસે એક રૂમ રસોડાનું પાકુ બાંધકામનું ઘર છે. રતનબેન પોતાની સાસુ, પતિ અને બે બાળકો સાથે અહિંયા રહે છે. રતનબેનના બાળકો અને બીજા સભ્યોની ઉંમર તથા શૈક્ષણિક લાયકાત નીચે જોઈ શકાય છે.

| ક્રમ | કુટુંબના સભ્યોનું નામ | ઉંમર | શૈક્ષણિક લાયકાત |
|---|---|---|---|
| ૧. | કુસુમબેન પરશરામ મોરે(સાસુ) | ૬૦ | અભણ |
| ૨. | જસવંતભાઈ પરશરામ મોરે(પતિ) | ૪૨ | ધો.૪ પાસ |
| ૩. | રતનબેન જસવંતભાઈ પરશરામ(પત્ની) | ૩૫ | ધો.૧૦ પાસ |
| ૪. | અભિષેક જસવંતભાઈ મોરે(પુત્ર) | ૧૪ | ધો.૧૦ ચાલુ |
| ૫. | હાર્દિક જસવંતભાઈ મોરે(પુત્ર) | ૧૨ | ધો.૮ ચાલુ |

ઉપરોક્ત વિગતોમાં જોઈ શકાય છે કે કુસુમબેન સિવાય ઘરના તમામ સભ્યો થોડું ઘણું ભણેલા છે અને ભણે છે.

રતનબેનના ઘરમાં આવકનો મુખ્ય સ્રોત જોઈએ તો જસવંતભાઈ મોરે છે. જેઓ પ્રેસમાં ઓફસેટ પ્રિન્ટીંગ મશીન ચલાવે છે, જેઓને એક દિવસનો રોજ ૧૦૦ રૂા. છે અને મહિનામાં ૨૬ દિવસ કામ મળે છે. કુસુમબેનના સાસુ જેઓ વાંસકામ કરે છે, તેમને એક દિવસના ૨૫ રૂા. મળે. રતનબેન પોતે વાંસકામ કરે છે. તેમને દિવસના ૬૦/૭૦ રૂા. મળે છે. બાકી બે પુત્રો અભ્યાસ કરે છે.

આ કુટુંબમાં વાંસકામ કરતી બે બહેનો છે. જેઓ વાંસનો કાચો માલ પાનકોર નાકા વેપારીઓ પાસેથી લાવે છે અને ઓર્ડર પ્રમાણે વસ્તુ બનાવીને પાછો પાનકોરનાકાના વેપારીઓને જ આપી દે છે.

રતનબેન અને તેમના સાસુ વાંસની કુલ ૩ ચીજવસ્તુ બનાવે છે. જેમ કે,

બાસ્કેટ - ૧ - ૧૦રૂા.ભાવ

નાની બાસ્કેટ - ૧ નો - ૬ રૂા. ભાવ

સાદી છાબડી - ૬૦ રૂા.ની ૧ ડઝન

રતનબેન અને તેમના સાસુ મળીને એક દિવસનું ૮૦ થી ૧૦૦ રૂા.નું કાર્ય ઓર્ડર પ્રમાણે બનાવે છે. જેમાં તેઓ દિવસના ૧૨ થી ૫ કામ કરે છે અને ઓર્ડર પર બનાવતી ચીજવસ્તુના તેઓને વધુ નાણાં મળે છે પણ ઉચ્ચક બનાવે તો ક્યારેક માલ ન વેચાય તો પડી રહેવાની સંભાવના વધુ રહે છે. તેઓનો માલ ઉપર નફો હોય છે.

રતનબેન ઉચ્ચક માલમાંથી જ્યારે ટોપલી, બાસ્કેટ વગેરે બનાવે ત્યારે તેઓ મોટેભાગે ફૂલોવાળાને વેચે જેમાં તેઓને દુકાનદારો કરતા નફો વધુ મળે છે.

એક બાસ્કેટના દુકાનદાર - માત્ર ૫ રૂા. આપે છે. જ્યારે ફૂલવાળો ૧ બાસ્કેટના ૧૦ રૂા. આપે છે. આ કામ કરતા રતનબેનને આંગળા કપાઈ જવાનો ભય અને કમર દુઃખાવાનો પ્રશ્ન ખાસ રહે છે.

- વાંસમાંથી બનાવેલી ચીજવસ્તુઓ સીધા જ કોઈ ફૂલોવાળાને કે સજાવટવાળાને વેચવામાં આવે તો તેઓને નફો વધુ મળે છે, અને પાનકોરનાકા જ્યાંથી માલ લાવે છે ત્યાંથી વેચવા જાય તો વચેટીયાઓ નફો ખાઈ જાય છે.
- ઘરમાં આવક તો છે પણ જો વાંસકામ મળતું બંધ થઈ જાય તો આવકમાં ઘટાડો અને આર્થિક પરિસ્થિતિ નબળી બની જાય, માટે રતનબેનને કોઈ ગૃહઉદ્યોગની તાલીમ આપવામાં આવે તો તેઓ કરવા તૈયાર છે.

મીનાક્ષીબેન કેશભાઈ માતુડકર
૩૫૮/૪, ત્રિવેણીની ચાલી,
અમરાઈવાડી,

મીનાક્ષીબેન જન્મથી જ અમદાવાદમાં રહે છે. તેઓના પિતા પણ અમદાવાદમાં જ રહેતા હતા. એટલે કે એમ કહી શકાય કે છેલ્લા ૫૦ વર્ષથી તેઓ અમદાવાદના રહેવાસી છે. અમરાઈવાડીમાં તેઓનું ૨ રૂમ રસોડાનું એક મકાન છે. મીનાક્ષીબેનના ઘરમાં પુખ્તવયની પુરૂષ વ્યક્તિઓ ૨ અને ૨ સ્ત્રીઓ છે. કુલ ચાર સભ્યો છે. તેઓની ઉંમર અને શૈક્ષણિક લાયકાતનો દરજ્જો નીચે દર્શાવેલો છે.

| ક્રમ | કુટુંબના સભ્યોનું નામ | ઉંમર | શૈક્ષણિક દરજ્જો |
|---|---|---|---|
| ૧. | કેશભાઈ કિશનભાઈ માતુડકર(પિતા) | ૬૫ | અભણ |
| ૨. | ધનગૌરીબેન કેશભાઈ માતુડકર(માતા) | ૫૨ | ૭ પાસ |
| ૩. | મીનાક્ષીબેન (ઉત્તરદાતા પોતે) | ૪૨ | ૧૨ પાસ |
| ૪. | વિનોદભાઈ (ભાઈ) | ૨૮ | ૧૧ પાસ |

મીનાક્ષીબેનના ઘરના સભ્યોમાં જોઈ શકાય છે કે કેશભાઈ માતુડકર સિવાય બધા થોડું ઘણું ભણેલા છે. મીનાક્ષીબેનની આર્થિક સ્થિતિ સારી જળવાઈ રહે એ માટે બન્ને ભાઈ-બહેન આગળ ભણતર અટકાવીને ધંધે વળગી ગયા છે તેમ જોઈ શકાય છે.

આ કુટુંબની આર્થિક સ્થિતિનું ચિત્ર જોઈએ તો ઘરના તમામ સભ્યો ઓછુ વત્તુ કમાય છે. કેશભાઈ તેમની પત્ની ધનગૌરી અને મીનાક્ષીબેન(પુત્રી) આ ત્રણે વાંસકામ કરે છે અને મીનાક્ષીબેનનો ભાઈ વિનોદ કેશભાઈ માતુડકર દવાની દુકાનમાં રોજ પર નોકરી કરવા જાય છે.

આ કુટુંબ વાંસકામ કરવા માટે કાચો માલ પાનકોરનાકાથી અને વાંસનું લાકડું ગીતામંદિરથી લાવે છે. આ કામ તેઓ વેપારી પાસેથી લાવીને વેપારીને જ વસ્તુ બનાવી આપી દે છે. તેઓ (વાંસ ૮૦ થી ૧૨૦ રૂા. - ૫ ફૂટ લાવે છે.) મીનાક્ષીબેન અને તેમના માતા-પિતા વાંસકામની અનોખી આવડત ધરાવતા હોવાથી વાંસમાંથી જુદી જુદી ઘણી ચીજવસ્તુઓ તેઓ બનાવતા હોય છે, જેના ભાવ અને નામ નીચે મુજબ છે.

| વાંસમાંથી બનાવાતી ચીજવસ્તુના નામ | ચીજવસ્તુના ભાવ |
|---|---|
| સાદુ બાસ્કેટ | ૧૦ રૂા. - ૧ નંગના |
| ફૂલનું બાસ્કેટ | ૬ રૂા. - ૧ નંગના |
| નાનું બાસ્કેટ | ૭૦ રૂા. - ૧ ડઝનનાં |
| નાની છાબડી | ૬૦ રૂા. - ૧ ડઝનનાં |
| મોટી છાબડી | ૧૨૦ રૂા. - ૧ ડઝનનાં |
| વાંસના શો પીસ | ૭૨ રૂા. - ૧ ડઝનનાં |
| પરઘીવાળી ટોપલી | ૧૫ રૂા. - ૧ નંગના |
| પતાસાના કરંડીયા | ૨૦ રૂા. - ૧ નંગનાં |

અહીં તેઓ જુદા જુદા ઓર્ડર પ્રમાણે ચીજવસ્તુ બનાવે છે. જેમાંથી કેશભાઈ - એક દિવસમાં ૫૦રૂા.નું, ધનગૌરીબેન એક દિવસમાં ૩૫રૂા.નું અને પુત્રી મીનાક્ષી એક દિવસમાં ૨૫રૂા.નું કામ કરે છે અને તેમનો પુત્ર રોજના ૭૦રૂા. મુજબ દવાની દુકાનમાં કામ કરે છે.

આમ, તમામ સભ્યોની મળીને એક દિવસની ૧૮૦રૂા. ની આવક થઈ જે એક મહિનામાં ૫૪૦૦રૂા.ની આવક છે.

- વાંસકામ કરતા આ લોકોને શારીરિક તકલીફમાં વાંસ ફાડવાના કામથી છાતીમાં દુઃખાવો ખૂબ થતો હોય છે પણ તેની સામે કોઈ પણ પ્રકારે સારવારની કોઈ વ્યવસ્થા થઈ નથી.
- વાંસકામની આ આવડતમાં જો તેઓને નવી ટેકનોલોજી પ્રમાણે જો એમને વાંસ વાળવા માટે મશીન આપવામાં આવે તો તેઓ કામ ખૂબજ સારી રીતે અને ઝડપી કરી શકે તેમ છે અને વસ્તુનો વધુ નફો તેઓને મળી શકે તેમ છે.

## કલ્પનાબેન મનોજભાઈ વાર્લેકર
## રાયખડ નદીના પટમાં,
## રાયખડ, અમદાવાદ

કલ્પનાબેન મૂળ પૂનાના છે પણ તેઓ છેલ્લા ૧૫ વર્ષથી અમદાવાદમાં આવીને વસ્યા છે. કલ્પનાબેન મનોજભાઈ વાર્લેકર પોતાના સાસુ અને ત્રણ બાળકો સાથે રાયખડ નદીના પટમાં(અમદાવાદ)માં રહે છે. તેઓના ઘરમાં બે પુખ્તવયની સ્ત્રીઓ અને એક પુખ્તવયનો પુરૂષ છે. બીજા ત્રણ બાળકો જેઓની ઉંમર અને શૈક્ષણિક દરજ્જો નીચે મુજબ છે.

| ક્રમ | કુટુંબના સભ્યોનું નામ | ઉંમર | શૈક્ષણિક લાયકાત |
|---|---|---|---|
| ૧. | કમળાબેન હરીભાઈ વાર્લેકર | ૪૫ | ધો.૫ |
| ૨. | મનોજભાઈ હરીભાઈ વાર્લેકર | ૩૦ | ધો.૭ |
| ૩. | કલ્પનાબેન મનોજભાઈ વાર્લેકર | ૨૮ | ધો.૭ |
| ૪. | અંજલી મનોજભાઈ વાર્લેકર | ૮ | ધો.૬ |
| ૫. | દર્શના મનોજભાઈ વાર્લેકર | ૫ | નથી ભણતી |
| ૬. | સિધ્ધિ મનોજભાઈ વાર્લેકર | ૬ મહિના | નથી ભણતી |

કલ્પનાબેનના કુટુંબમાં કુલ છ જણા છે. જેમાં કલ્પનાબેન અને તેમના પતિ ધો.૭ સુધી ભણેલા છે. કમળાબેન ધો.૫ ભણેલા છે અને સંતાનોમાં એક છોકરી ભણે છે. આમ ભણતરનું પ્રમાણ મધ્યમ છે તેમ ગણી શકાય.

કલ્પનાબેનના કુટુંબમાં આવકનો સ્ત્રોત જોઈએ તો ત્રણ જણા ગણી શકાય છે. મનોજભાઈ વાર્લેકર છૂટક મજૂરી કરી એક દિવસની ૬૦ રૂા. આવક ધરાવે છે. જ્યારે કલ્પનાબેન અને તેમના સાસુ વાંસકામ કરીને ગુજરાન ચલાવે છે.

કમળાબેન અને કલ્પનાબેન વાંસકામ માટેનો કાચો માલ લાતી બજારમાંથી ખરીદીને લાવે છે અને આ માલમાંથી તેઓને એક ટોપલીના ૩ રૂા. મળે છે. વેપારી પાસેથી એક મહિનામાં તેઓ ૧૧૦૦ રૂા.નું વાંસનું કામ કરે છે. કલ્પનાબેન એક દિવસમાં ૪૦ રૂા. અને કમળાબેન એક દિવસમાં ૩૫ રૂા.નું કામ કરે છે.

કલ્પનાબેન અને કમળાબેન પર મોટેભાગે ઘર ખર્ચનો આધાર રહેલો છે. વળી આ કુટુંબની સ્ત્રીઓને વાંસકામ સિવાય બીજું કોઈ કામ આવડતું નથી અથવા તેઓ વાંસકામ સિવાય બીજું કોઈ કામ કરવા તૈયાર નથી. માટે સમગ્ર ઘરની જવાબદારી ઘરની બે સ્ત્રીઓ પર નભે છે.

- વાંસકામ કરતી આ સ્ત્રીઓ હાલ શરીર સાથ આપે છે માટે તેઓ અમુક કામ કરી શકે છે. પણ વયોવૃધ્ધ થતા તેમની આવક ચોક્કસ અટકી જાય તેમ છે. માટે વાંસ સિવાય બીજો કોઈ કામ ધંધો મળે તો તેઓને પાછળની અવસ્થામાં વાંધો ન આવે.
- એક ટોપલીના માત્ર ૩ રૂા. મળતર ખૂબજ ઓછું છે તેમ કહી શકાય છે. જો આ વાંસની ટોપલીઓ સીધા જ ફૂલના વેપારીઓને વેચે તો રૂા.૬ મળે, માટે જો વચેટીયાઓ ટોપલી ખરીદવામાં ભાગ ન ભજવે તો આ લોકોને નફો વધુ મળી શકે તેમ છે.
- ઘરની સ્ત્રીઓએ ઘરકામ કરીને વાંસકામ કરવું તે પરિસ્થિતિને વશ થઈને કામ કરવા બરાબર છે અને સામે વળતર ઓછું માટે જો વધુ નફાવાળુ કોઈ કામ મળે તો આર્થિક સ્થિતિ ચોક્કસ સુધરી શકે તેમ છે.

## સુમનબેન પ્રભાકરભાઈ સોનવણે

## રાયખડ - બાલાપીર દરગાહ સામે

સુમનબેન પ્રભાકરભાઈ સોનવણે છેલ્લા ૫૦ વર્ષથી અમદાવાદમાં વસવાટ કરે છે. તે પહેલા તેઓ પૂના સતારા ગામમાં રહેતા હતા. સુમનબેનને રાયખડમાં એક ઓરડાવાળું પાકું મકાન છે. તેઓના ઘરમાં પુખ્તવ્યક્તિઓમાં ૪ પુરૂષ અને ૨ સ્ત્રીઓ છે. જેઓની ઉંમર શૈક્ષણિક લાયકાતનું નીચે પ્રમાણે છે.

| ક્રમ | કુટુંબના સભ્યોના નામ | ઉંમર | શૈક્ષણિક લાયકાત |
|---|---|---|---|
| ૧. | પ્રભાકરભાઈ કિશનભાઈ સોનવણે | ૫૦ | ધો.૫ |
| ૨. | સુમનબેન પ્રભાકરભાઈ સોનવણે | ૪૭ | ધો.૫ |
| ૩. | રાજેશ પ્રભાકરભાઈ સોનવણે | ૨૫ | ધો.૧૦ |
| ૪. | શશીકાન્ત પ્રભાકરભાઈ સોનવણે | ૨૦ | ધો.૧૦ |
| ૫. | વિજય પ્રભાકરભાઈ સોનવણે | ૧૮ | ધો.૫ |
| ૬. | ઈલાક્ષીબેન પ્રભાકરભાઈ સોનવણે | ૨૩ | ધો.૧૨ |

સુમનબેનના ઘરમાં કુલ ૬ સભ્યો છે. જેમાં બધાજ થોડું ઓછું ભણેલા છે. સુમનબેનના ઘરમાં ઈલાક્ષીબેન સિવાય ઘરના બધાજ સભ્યો નોકરી કરે છે અને નાની મોટી આવક ધરાવે છે. સુમનબેનના ઘરના સભ્યોની આવક દર્શાવતું કોષ્ટક નીચે પ્રમાણે છે.

| ક્રમ | કુટુંબના સભ્યોના નામ | નોકરી | દૈનિક આવક |
|---|---|---|---|
| ૧. | પ્રભાકરભાઈ | બાઈડીંગ | ૧૦૦ |
| ૨. | સુમનબેન | વાંસકામ | ૪૦ |
| ૩. | રાજેશભાઈ | ડ્રાઈવીંગ | ૧૨૫ |
| ૪. | શશીકાન્તભાઈ | શેરબજારમાં માર્કેટીંગ | ૮૦ |
| ૫. | વિજયભાઈ | બાઈડીંગ | ૭૦ |

ઉપર જોઈ શકાય છે કે વાંસકામ કરનાર માત્ર સુમનબેન જ છે. જેઓ કાચો માલ ગીતામંદિરથી લાવે છે અને તેની ટોપલીઓ ૧ નંગના ૧૦ રૂા. લેખે વેચી દે છે. ત્યાંના જ વેપારીઓને ત્યાંથી સુમનબેન ૧ ચટાઈ ૫૦ રૂા.માં ખરીદે છે અને ૧ ચટાઈમાંથી ૪૦ રૂા.ની

ટોપલીઓ બનાવે છે. સુમનબેન ૧ વાંસના ૧૦૦ રૂા. ચૂકવે છે. કુલ માલ-સામાનનો ખર્ચ બાદ કરતા ૪૦ રૂા. જેટલા મળે છે તેમ તેઓનું કહેવું છે. આ કામ માટે તેઓ કાચો માલ-સામાન પેંડલ રિક્ષામાં લાવે છે અને લઈ જાય છે. આ વાંસકામ કરતા તેઓને કમર અને હાથનો દુઃખાવો ખાસ રહે છે.

વાંસકામ કરતા તેઓને આંગળીઓ કપાઈ જવાની બીક રહે છે, બીજું કે આ કામ તેઓ ઘરમાં જ કરે છે. આમ તો ઘરની આર્થિક સ્થિતિ થોડી મધ્યમ છે પણ સુમનબેનને વાંસકામ આવડતું હોવાથી તેઓ આ કામ કરે છે.

- વાંસકામ મહિનામાં બધાજ દિવસ ન મળે તો તેઓ ૨૫ દિવસ કામ કરે છે. જ્યારે કામ ન મળે ત્યારે તેઓને બેકારીના ભોગ બનવું પડે છે.
- ગીફ્ટમાં પ્લાસ્ટીકનું ચલણ વધી ગયું અને આના કારણે તેઓની વાંસની ચીજવસ્તુનું વેચાણ ખૂબજ ઓછું થાય છે.

## ભાનુમતીબહેન અમૃતભાઈ કડુસકર

ભાનુમતીબેન અમૃતભાઈ કડુસકર મૂળ ખંભાતના વતની. જેઓ છેલ્લા ૧૪ વર્ષથી કુટુંબના ચાર સભ્યો સાથે અમદાવાદમાં રહે છે. અમૃતભાઈ મંગુભાઈ કડુસકર ઉંમર વર્ષ ૪૧ જેઓ તેમના પતિ છે. ભાનુમતીબેન ઉંમર વર્ષ ૩૫ જે પોતે ઉમેદવાર છે. સુનીલ ઉંમર વર્ષ ૧૧ અને ધવલ ઉંમર વર્ષ ૪ તેઓ તેમના સંતાન છે. દર્શાવેલ સભ્યોની શૈક્ષણિક લાયકાત નીચે મુજબ છે.

| ક્રમ | કુટુંબના સભ્યોનું નામ | શૈક્ષણિક લાયકાત | આવકનો સ્ત્રોત |
|---|---|---|---|
| ૧. | અમરતભાઈ મંગુભાઈ કડુસકર | ધો.૨ પાસ | વાંસકામ |
| ૨. | ભાનુમતીબેન અમૃતભાઈ કડુસકર | ધો.૭ પાસ | વાંસકામ |
| ૩. | સુનીલ અમરતભાઈ કડુસકર | ધો.૫ ચાલુ | ભણે છે. |
| ૪. | ધવલ અમરતભાઈ કડુસકર | - | |

ઉપરોક્ત કોષ્ટકમાં જોઈ શકાય છે કે અમરતભાઈ ધો.૨ સુધી ભણેલા છે. જ્યારે ભાનુમતીબેને ધો.૭ સુધી અભ્યાસ કરેલ છે. આમ, અહિંયા જોઈ શકાય છે કે પુરૂષ કરતા સ્ત્રી વધારે ભણેલ છે. જ્યારે તેમના સંતાનોમાં ધવલની ઉંમર નાની છે અને સુનિલ હાલમાં ધો.૫માં અભ્યાસ કરે છે.

અમરતભાઈ અને ભાનુમતીબેન બન્ને વાંસકામ સાથે સંકળાયેલા છે. આર્થિક આવક તરીકેનો મુખ્ય સ્ત્રોત માત્ર વાંસકામ જ છે. જ્યારે તેમના બંને સંતાનોમાં એક ભણે છે. તેનો ખર્ચ ઉઠાવવાનું માધ્યમ પણ ફક્ત આજ સ્ત્રોત છે, જેનું બીજું કારણ એ છે કે અમરતભાઈ પહેલા હિરા ઉદ્યોગ સાથે સંકળાયેલા હતા. બેકારી આવતા તેઓ ચાર મહિનાથી બેકાર હોવાથી પોતાના પરંપરાગત વ્યવસાયમાં પાછા જોડાઈ ગયા છે. જે વ્યવસાયમાં મળતર(નફો) ખૂબજ ઓછો છે. જ્યારે મહેનત ખૂબજ વધારે છે.

| ક્રમ | ઉત્પાદીત વસ્તુ | ઉત્પાદીત વસ્તુ માટે વપરાતા સાધનો | ઉત્પાદીત વસ્તુની વેચાણ વ્યવસ્થા | ઉત્પાદીત વસ્તુનો બજાર ભાવ | ઉત્પાદીત વસ્તુ પાછળ મળતર | ઉત્પાદીત વસ્તુ પાછળ આપેલ સમય | સરેરાશ રોજગારીના દિવસ |
|---|---|---|---|---|---|---|---|
| ૧. | ટોપલી | પીડું, છરી, છરો, ચટાઈ | ઓર્ડર મુજબ દુકાનદારને જ | ૩૦ રૂ.ની ૧ ડઝન ટોપલીઓ | ૧ ચટાઈ ૫૦ રૂ. વેચે તો ૯૦ રૂ.માં ૪૦ રૂ. નફો થાય છે. | સવારે ૯ થી રાત્રી સુધી | ૨૬ કામ મળે તો |

ભાનુમતીબેન એક દિવસમાં ત્રણ ડઝન ટોપલીઓ બનાવે છે. જેની બજાર કિંમત ૯૦ રૂા. છે. એક ચટાઈ ૫૦રૂા. મળે છે, અને એક ચટાઈમાંથી ત્રણ ડઝન ટોપલીઓ બને છે એટલે કે એક દિવસનો ૪૦રૂા. નફો થાય છે. અહીં જોઈ શકાય છે કે, સમયના કલાકોનો ભોગ વધુમાં વધુ આપવો પડે છે. જેની સામે વળતર ખૂબજ ઓછું મળે છે અને વળી નફામાંથી તેઓને આ કામની સામગ્રી લઈ જવી અને લાવવી એ ખર્ચ પણ મોંઘો પડે છે.

વાંસકામમાં હાલમાં ખાસ જરૂરિયાતમાં પ્રથમ ક્રમે એ આવે છે કે, મૂળ ટોપલીઓના ભાવ ખૂબજ ઓછા મળે છે. અને વાંસ ખૂબ મોંઘા મળે છે. દુકાનદારો તેઓને ટોપલીના ભાવ કસીને આપે છે. બીજા ક્રમે જગ્યાનો ખાસ અભાવ છે. ઘરમાં જ વાંસકામ કરતા હોવાથી ચોમાસામાં આ કામ તેઓ કરી શકતા નથી. કારણ ઘર કાચું બાંધકામવાળું હોવાથી પાણી પડતું હોય છે. ત્રીજા ક્રમે એમને વાંસ લાવવા-લઈ જવા માટે સાધનની જરૂરિયાત છે. સાધનો મળવા ખૂબજ મુશ્કેલ થઈ પડે છે અને બસમાં વાંસના ભાડા રૂપે અલગથી નાણાં ચૂકવવા પડે છે.

વાંસકામ કરતા ભાનુમતીબેનને શારીરિક તકલીફમાં ખાસ ઘૂંટણ, કમર અને ગળાની તકલીફ મોટા પ્રમાણમાં થાય છે. વાંસ છરાથી કાપતા હોવાથી આંગળીઓ કપાઈ જવાનો ભય સતત રહેતો હોય છે.

- વાંસ કાપવા માટે જો આ લોકોને મશીન આપવામાં આવે તો તેઓને તૈયાર ચીપ્સ મળી શકે અને ઓછા સમયમાં વધુ કામ કરી શકે.
- ભાનુમતીબેનને શારીરિક તકલીફ થાય છે પરંતુ ઉપાય કરાવી શકાય તેવી આર્થિક સ્થિતિ નથી. માટે જો એવી કોઈ દવાની સહાય આપવામાં આવે તો તેઓને શારીરિક તકલીફ ન પડે.
- પરંપરાગત રીતે કામ કરતા આ લોકોને જો આધુનિક પધ્ધતિ આપવામાં આવે તો ઓછી મહેનતે વધુ નફો મળી શકે.
- વાંસ સિવાય જો ભરતગૂંથણ, પાપડ બનાવવા, ખાખરા બનાવવા એવો ગૃહઉદ્યોગ મળે તો પણ તેઓ કરી શકે તેમ છે.

બબીબેન ચીમનરાવ જામ્બેકર
ગાંધી વસાહત, ગોતા હાઉસીંગ,
અમદાવાદ

બબીબેન ચીમનરાવ જામ્બેકર જેઓ મૂળ પૂનાના છે પણ અમદાવાદમાં છેલ્લા ૧૦ વર્ષથી રહે છે. બબીબેનના કુટુંબમાં પુખ્ત વ્યક્તિઓમાં ૨ પુરૂષ ૨ સ્ત્રી કુલ ૪ સભ્યો છે. બબીબેનના ઘરના સભ્યોની ઉંમર અને તેમની શૈક્ષણિક લાયકાત નીચે પ્રમાણે છે.

| ક્રમ | કુટુંબના સભ્યોના નામ | ઉંમર | શૈક્ષણિક લાયકાત |
|---|---|---|---|
| ૧. | ચીમનરાવ જામ્બેકર | ૫૫ | અભણ |
| ૨. | બબીબેન જામ્બેકર | ૫૦ | અભણ |
| ૩. | સંજયભાઈ જામ્બેકર | ૨૨ | ધો.૩ |
| ૪. | દક્ષાબેન જામ્બેકર | ૨૦ | ધો.૨ |

બબીબેન અને તેમના પતિ અભણ છે. બીજા બે સંતાનોમાં પણ ભણતરનું પ્રમાણ ખૂબજ ઓછું છે. બબીબેનના ઘરના ચારે સભ્યો કમાય છે. તે તેઓની મુખ્ય આવક છે. જેમાં ચીમનરાવ ખંડેરાવ જામ્બેકર પોતે ટોપલી વેચવાનું કામ કરે છે. એટલે કે વાંસની ટોપલીઓ દુકાનદારને વેચવા જાય છે. જેમાં રોજના તેઓને ૪૦ રૂ.મળે છે. બબીબેન પોતે વાંસની નાની ટોપલીઓ બનાવવાનું કામ કરે છે અને આ વાંસ તેઓ ગીતામંદિરથી લાવે છે અને એક ચટાઈ ૫૦ રૂ.ની લાવી તેમાંથી ૨ ડઝન ટોપલીઓ બનાવે છે. એક દિવસમાં બબીબેન ૩૦ રૂ.નું કામ કરે છે. અહીં બબીબેન વાંસની ટોપલી બનાવે છે અને તેમના પતિ છૂટક વાંસની ટોપલીઓ વેચી પણ આવે છે.




બબીબેન ૧ ડઝન ટોપલીઓ બનાવે છે તે દુકાનદારને વેચાય છે, અને બાકીની રહેલી ટોપલીઓ તેમના પતિ ફૂલોવાળા, ગીફ્ટવાળાને વેચવા જાય છે. બબીબેનને વાંસકામ કરતા કાચો માલ લાવવામાં ખૂબજ તકલીફ પડે છે. કારણ ક્યારેક રૂપિયા ન હોય તો ઉધાર કોઈ કાચો માલ આપતું નથી. માટે ક્યારેક ક્યારેક મહિનામાં ૧૫ દિવસ બેકાર બેસી રહેવું પડે છે.

બબીબેનને ૨૨ વર્ષનો પુત્ર સંજયભાઈ જે માત્ર ધો.૩ ભણેલો છે. તે ડ્રાઈવરની નોકરી કરે છે અને તેને દિવસના ૮૦ રૂ. મળે છે અને પુત્રી છૂટક મજૂરી કરવા જાય છે. જેના રોજના ૩૦ રૂ. મળે છે. બબીબેનની ૧ મહિનાની કુલ મળીને ૫૪૦૦ જેટલી આવક છે. બબીબેનને હાઉસીંગમાં મકાન મળે છે અને તેઓના હપ્તા પણ પૂરા ભરેલા છે. હાલ તેઓ ગોતા

હાઉસીંગમાં ગોતા(ગાંધી વસાહત) અમદાવાદમાં રહે છે.

- આર્થિક સ્થિતિ વાંસકામના કારણે થોડી મજબૂત તો છે, પણ સામે ઘર ખર્ચ પ્રમાણમાં વધુ છે.
- જો વાંસના ટોપલા-ટોપલીમાં નફો વધુ મળે તો ઘરની સ્થિતિ હજી આનાથી વધુ સારી થઈ શકે તેમ છે.
- બબીબેનની વાંસમાંથી વસ્તુ બનાવવાની કળાને જો કોઈ સારી જગ્યા અને ઓર્ડર સારા મળે તો તેઓ પોતાનો વ્યવસાય હજુ વિકસાવવા માંગે છે.

# વાંસકામ માટે વપરાતા ઓજારો.

| | | |
|---|---|---|
| ૧ | છરી |  |
| ૨ | છરો |  |
| ૩ | હથોડી |  |
| ૪ | આરી |  |
| ૫ | જાડુ લાકડું ધોકો |  |
| ૬ | [illegible] |  |

## તારણ


- બરોડીયા સમાજ પરંપરાગત રીતે વાંસકામ કરે છે તેમજ તેમનું ગુજરાન વાંસકામ પર અવલંબિત છે તેવી સામાન્ય સમજ જોવા મળે છે. પરંતુ વાસ્તવિક રીતે જોઈએ તો આ સમાજના મુખ્ય આવક સ્ત્રોતોમાં વાંસમાંથી મળતી આવક પૂરક આવક રૂપે જ ગણી શકાય તેમ છે.
- વાંસકામમાં મહદ્અંશે સ્ત્રીઓજ જોડાયેલી છે, પુરૂષો વાંસકામ સાથે જોડાયેલ હોય તેવા અમદાવાદના બરોડીયા સમાજમાંથી બે જ કિસ્સા જોવા મળે છે.
- વાંસકામમાં પરંપરાગત રીતે બનતી ટોપલીઓ - છાબડીઓ - ટીપલા જેવી વસ્તુ જ બનતી જોવા મળે છે. અન્ય સુશોભનની વસ્તુઓ બનાવવાની આવડત કોઈ બરોડીયા સમાજના વ્યક્તિ પાસે જોવા મળતી નથી.
- બરોડીયા સમાજના સભ્યોની દુકાનની મુલાકાત લેતા ત્યાંથી જાણવા મળેલ કે ફીનીશીંગ સાથેનો સારો માલ તેઓએ આસામ બાજુથી મંગાવવો પડે છે. અહીંયાની વસ્તુઓ ગુણવત્તા મુજબ સારી નથી હોતી.
- વાંસકામ માટે મોટાભાગે જે લોકો કાચોમાલ પૂરો પાડે છે તેઓજ પાકોમાલ ખરીદી જાય જાય છે. આથી મુક્ત બજારના લાભથી કામ કરનાર વંચિત રહે છે અને પૂરતા ભાવ તેમને મળતા નથી.
- જે લોકો ફૂલનો ધંધો કરનાર કે હોટલમાં સીધો જ માલ વેચે છે તેઓને સારા ભાવ મળે છે. લગભગ 30% જેટલા વધારે ભાવ મળતા જોવા મળે છે.
- જાતે કાચો માલ ખરીદ કરી કામ કરનારને ખરાબ કાચોમાલ આવતા નુકશાન વેઠવું પડે છે.
- સદ્ભાવના નગર સિવાય વાંસકામ કરનાર વ્યક્તિઓને જગ્યાનો અભાવ જણાય છે.
- કાચોમાલ લાવવા-લઈ જવાની ખૂબ મુશ્કેલી (વાહનવ્યવહારની) પડે છે.
- ચોમાસાના સમયમાં વાંસ પાણીમાં પલળે તો સારુ કામ નથી થઈ શકતુ અને ખુલ્લામાં કામ કરવાનું હોવાથી આ સમયગાળામાં કામ લગભગ બંધ રહે છે.
- વાંસની ચીપ્સ બનાવતા ઈજા થવાની સંભાવના ઘણી રહે છે.
- સતત વાંકા વળીને કામ કરવાનું હોવાથી ગરદન અને કેડનો દુઃખાવા જેવા પ્રશ્નો ઉભા થાય છે.
- જેટલો સમય આપવામાં આવે છે તેના પ્રમાણમાં ખૂબ ઓછી રોજગારી મળે છે.
- સમાજનાં જ લોકોની વાંસકામ વેચાણની દુકાનો છે, તેઓ જ અન્યોનું શોષણ કરતા જણાય છે.

## વાંસકામમાં દરમ્યાનગીરીની શકયતાઓ

- મહિલા વાંસકામ ઉત્પાદક સહકારી મંડળી બનાવી કાચોમાલ મેળવવા અને ઉત્પાદિત વસ્તુ વેચાણ પ્રક્રિયા ગોઠવી શકાય. સ્વસહાય જૂથો(વાંસકામના) બનાવવાથી સારુ પરિણામ મળવાની શક્યતા વધશે.
- ગુણવત્તાયુક્ત વસ્તુઓ બનાવવા તાલીમ આપવામાં આવે તો આવકનું પ્રમાણપત્ર વધી શકે.
- પસંદગી કરી માસ્ટર ટ્રેઈનર બનાવવા અન્ય જગ્યાએ તાલીમ માટે લઈ જઈ શંકાય
- કાચોમાલ ખરીદવા માટે લોન/આર્થિક મદદ જરૂરી છે. રીવોલ્વીંગ ફંડ આપીને પણ કાર્યને વેગવંતુ બનાવી શકાય
- સદ્‌ભાવના નગરમાં કોમન પ્લોટમાં જગ્યા ઉપલબ્ધ હોય ત્યાં વાંસકામ માટે શેડ બની શકે તેમજ વાંસકામની તાલીમ માટે કાર્યશાળાઓ યોજી શકવાની શક્યતાઓ છે.
- કોટવાળિયા વાંસ યોજના હેઠળ વન વિભાગ દ્વારા રાહતદરે વાંસની યોજના અહીં પણ લાગુ પાડી શકાય.
- TRIFED જેવી સહકારી આદિજાતિ દ્વારા ઉત્પાદીત વસ્તુ વેચનાર એજન્સી સાથે જોડી ઉત્પાદીત વસ્તુઓના પોષણક્ષમ ભાવો મળે તેવી યોજના સારા પરિણામ આપી શકે.
- ઉત્પાદીત વસ્તુઓ આદિવાસી/હસ્તકલાના મેળાઓમાં વેચાય તો પોષણક્ષમ ભાવ મળી શકે.
- વાંસકામ માટે ઉપયોગી મશીનરી સામુહિક ધોરણે લાવી આપવામાં આવે તો કાર્યક્ષમતા વધશે.
- ટોપલીઓ, છાબડી, બાસ્કેટ સિવાય વાંસની અન્ય કલાત્મક વસ્તુઓ બનાવવાની તાલીમ આપવાથી ચીજવસ્તુઓમાં વિવિધતા આવવાથી વેચાણ વધારી શકાય.

## Risk factor - ભયસ્થાનો

- વર્ષોથી જે બરોડીયા કે અન્ય વ્યાપારીઓ બહેનો પાસે કામ કરાવી માલ ખરીદ કરે છે તેઓ સામૂહિક ધોરણે કામ વેચાણ થાય તો તે પ્રવૃત્તિ તોડવાનો પ્રયત્ન કરી શકે.
- આખા અમદાવાદમાં છુટક છુટક રહેતા બરોડીયા કુટુંબોને એકઠા કરી એક જગા પર કામ આપવું શક્ય નથી લાગતુ. ફક્ત સદ્ભાવના નગરમાં આ રીતે કામ ગોઠવવું શક્ય બની શકે.
- વાંસકામમાં આજે ઘણી હરીફાઈ છે. તેમાં ટકવા માટે આર્થિક સક્ષમતા અને ઉચ્ચગુણવત્તાવાળી આવડત જરૂરી છે. જે અત્યારે જોવા નથી મળતી. તે કેળવવા સમય અને નાણાંની મોટી જરૂરિયાત રહે.
- સદ્ભાવના નગરમાં જ્યાં જગા ઉપલબ્ધ છે ત્યાં વાંસકામ સાથે જોડાયેલા ૧૭ વ્યક્તિઓ છે, આ સ્થળ શહેરથી ખાસ્સુ દૂર હોવાથી ત્યાં સુધી આ કામ માટે કેટલી વ્યક્તિ આવશે તે કહેવું મુશ્કેલ છે.
- આ કામ સાથે બધી જ મહિલાઓ જોડાયેલ છે. આથી કૌટુંબિક જવાંબદારીઓમાંથી તેઓ સમય કાઢી વાંસકામ કરે છે. જ્યારે સમય આપવો તેમને માટે મુશ્કેલ છે તેમ ક્ષેત્રકાર્યમાં જાણવા મળ્યું હતું.



ખારી કેનાલ
કાચી પગદંડી
Common Plot
Storage water
Common Plot
Entrance of Sadbhavna
Bus-stand 151/2
← બારેજડી રોડ
દેવડી ઉ.બુ.શાળા
આંગણવાડી
અસલાલીના ગી 1 km દૂર
સીમા
દક્ષિણ
ઉત્તર
1.5 km
મકાનો
ગેટ
મ
કા
નો
રીક્ષા સ્ટેન્ડ
દુકાનો
કાચો રોડ
વિવેકાનંદ બસ સ્ટેન્ડ
પૂર્વ
પશ્ચિમ

